**આજનો સુવિચાર**

સમય સમયની વાત છે આજે લોકો જેને રંગ કહે છે, તેને કાલે ડાઘ કહેશે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૩૨ જૂનાગઢ તા.૧૭-૦૫-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 132, Junagadh : Date : 17 May, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## આજથી સમગ્ર ગુજરાતમાં ભીષણ ગરમીનો પ્રકોપ અમદાવાદમાં ૪૬ ડીગ્રી અન્યત્ર ૪૩ ડીગ્રી તાપમાન નોંધાશે

અમદાવાદ, તા. ૧૭

ગુજરાતના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ગુજરાતમાં ચોમાસાને લઈને ફરી મોટી આગાહી કરી છે. ઉપરાંત આ વખતે ચોમાસામાં આંધી-વંટોળ આવવાની શક્યતા પણ વધારે રહી શકે છે. જેના કારણે કાચા મકાનના પતરા ઉડી જાય તેવા વરસાદની સંભાવના વધારે છે.

અંબાલાલ પટેલે આગાહી કરી છે કે, ગુજરાતમાં ૨૦થી ૨૨ મે દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેશે. આ સાથે ૨૬ મેથી રોહિણી નક્ષત્રમાં વરસાદની શક્યતા છે. ગુજરાતમાં ૭થી ૧૦ જૂન સુધીમાં જુદા જુદા ભાગોમાં ચોમાસું બેસશે. જ્યારે ૧૪થી ૧૮ જૂન દરમિયાન આંધી-વંટોળ સાથે વરસાદ પડી શકે છે. ભારે પવનના કારણે મકાનના છાપરા પણ ઉડી શકે છે. તો ૨૫ જૂન સુધીમાં સમગ્ર રાજ્યમાં ચોમાસું શરૂ થઈ જશે.

અંબાલાલ પટેલે કહ્યું કે, આજે તા.૧૭ મેથી સમગ્ર રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધશે. ૨૫ મે સુધીમાં મધ્ય ગુજરાતમાં તાપમાનનો પારો ૪૫ ડિગ્રીથી ઉપર જઈ શકે. તો અમદાવાદમાં તાપમાન ૪૬ ડિગ્રી સુધી રહી શકે છે.

ઉત્તર ગુજરાતમાં પણ ગરમીનો પારો ૪૩ ડિગ્રી, સૌરાષ્ટ્રમાં ૪૩ ડિગ્રી રહી શકે છે. તો ૨૬ મેથી ૪ જૂન વચ્ચે રોહિણી નક્ષત્રનો વરસાદ ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં ગાજવીજ સાથે પડી શકે છે.

## બૈજીંગમાં પુતિન - જિનપીંગ વચ્ચે બેઠક યોજાઈ




બૈજીંગ તા. ૧૭

પાંચમી વખત રશિયાના રાષ્ટ્રપતિ બન્યા બાદ વ્લાદિમીર પુતિન ચીન પહોંચ્યા હતા. તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને મળ્યા હતા. દ્વિપક્ષીય બેઠક બાદ પત્રકાર પરિષદ દરમિયાન બંને નેતાઓએ અમેરિકાની ટીકા કરી હતી. બંને નેતાઓએ અમેરિકા પર પરમાણુ બેલેન્સ ખોરવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. બંને નેતાઓ રશિયા અને ચીન વચ્ચે સંરક્ષણ ભાગીદારી વધારવા પર સહમત થયા હતા.

જિનપિંગે કહ્યું કે યુક્રેન યુદ્ધનો ઉકેલ રાજકીય સમજૂતીથી થવો જોઈએ. વિશ્વમાં સર્વોપરિતા માટે ચાલી રહેલી લડાઈ વચ્ચે રશિયા- ચીન વચ્ચેની મિત્રતા સ્થિરતા લાવવાનું કામ કરે છે. પુતિને યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસો માટે ચીનનો આભાર માન્યો હતો.

## કપિલ સિબ્બલ સુપ્રિમ કોર્ટ બાર એસો.નાં અધ્યક્ષ બન્યા



નવી દિલ્હી,તા. ૧૭: વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છે. ગઈકાલે યોજાયેલ ચૂંટણીમાં કપિલ સિબ્બલને ૧૦૬૬ વોટ મળ્યા. તેમના નજીકના હરીફ વરિષ્ઠ વકીલ પ્રદીપ રાય હતા, જેમને ૬૮૯ વોટ મળ્યા. કપિલ સિબ્બલ બે દાયકા બાદ આ ચૂંટણીમાં ઊભા રહ્યા હતા. આ અગાઉ તેઓ ૧૯૯૫, ૧૯૯૭ અને ૨૦૦૧માં SCBA અધ્યક્ષ રહી ચુક્યા છે.

## સાયબર માફીયાઓ બેફામ : ૯૮ ટકા ભારતીય કંપનીઓએ સંવેદનશીલ માહિતી ગુમાવી

નવી દિલ્હી, તા. ૧૭


ડિજીટલ યુગમાં ઓનલાઈન અને આર્ટીફિશીયલ ઈન્ટેલીજન્સ (એઆઈ)ની બોલબાલા છે અને પ્રભુત્વ વધી રહ્યું છે તેવા સમયે સાયબર માફીયાઓનો તરખાટ બેફામ બન્યો હોય તેમ ૨૦૨૩ના વર્ષમાં ૯૮ ટકા ભારતીય કંપનીઓના ગુપ્ત અને સંવેદનશીલ ડેટા લીક થયા હતા અને તેમાંથી ૫૫ ટકા કંપનીઓએ ડેટા વસુલીની ધમકી પર ખંડણી આપવી પડી હોવાનો અત્યંત સનસનીખેજ રીપોર્ટ જારી થયો છે.

અમેરિકાની સાયબર સુરક્ષા કંપની રૂબરીક ઝીરો લેબ્સના સંશોધનના આધારે તૈયાર થયેલા રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે, ૯૮ ટકા ભારતીય કંપનીઓના આઈટી અને સુરક્ષા લીડર્સોએ સ્વીકાર્યુ કે વર્ષ ૨૦૨૩માં કંપનીઓની સંવેદનશીલ માહિતી ગુમાવવી પડી હતી અને તેમાંથી કંપનીઓએ ડેટા વસુલીની ધમકીના કારણે ખંડણી ચુકવવી પડી હતી.

## સમગ્ર મધ્ય ભારતમા હીટવેવની ચેતવણી : ઓરેન્જ એલર્ટ

નવીદિલ્હી,તા. ૧૭

ઉત્તર પશ્ચિમ ભારતમાં આગામી પાંચ દિવસમાં કાળઝાળ ગરમીની ચેતવણી આપવામાં આવી છે.પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હી પર હીટવેવની સૌથી વધુ અસર થશે એવી ચેતવણી ઈન્ડિયા મીટિયોરોલોજિકલ ડિપાર્ટમેન્ટ (આઈએમડી)એ આપી હતી. પૂર્વ અને મધ્ય ભારતમાં ૧૮ મેથી હીટવેવની શરૂઆત થશે. હવામાન વિભાગે હરિયાણા, પંજાબ, રાજસ્થાન અને દિલ્હી માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. જેમાં બીમાર લોકો બાળકો, વૃદ્ધોને સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં ગરમીને કારણે સૂર્યના તાપમાં સતત કામ કરતા લોકોને સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા થઈ શકે છે. આઈએમડીએ જણાવ્યું હતું કે ૧૭ થી ૨૦ મેના ગાળામાં પશ્ચિમ રાજસ્થાનના અમુક ભાગોમાં હીટવેવની ગંભીર સ્થિતિ સર્જાવાની શકયતા છે.



## ઉત્તર ગોળાર્ધમાં છેલ્લા ૨૦૦૦ વર્ષનો ગરમીનો રેકોર્ડ ૨૦૨૩માં તુટયો : ૨૦૨૪માં પણ ગરમી રેકોર્ડ તોડશે



લંડન,તા. ૧૭

ઉતરી ગોળાર્ધમાં છેલ્લા બે હજાર વર્ષનો ગરમીનો રેકોર્ડ ૨૦૨૩ માં તૂટયો હતો આ સમય ગાળા દરમ્યાન સામાન્યથી ચાર ડીગ્રી સેલ્સીયસ વધુ તાપમાન નોંધાયુ હતું. કેમ્બ્રિઝ વિશ્વ વિદ્યાલયનાં સંશોધકોએ આ દાવો કર્યો છે. સંશોધન અનુસાર ૧૮૦૦ ના દાયકામાં મધ્યમાં હવામાન સંબંધી રેકોર્ડ અને ૯ ઉતરી સ્થળો પર વૃક્ષોની રિંગોના વિશેષણનાં આધારે તાપમાન ડેટાને જોઈને સ્થાપિત કરવામાં આવ્યુ છે.

કેમ્બ્રીજ વિશ્વ વિદ્યાલયમાં ભુગોળ વિભાગનાં પ્રોફેસર ઉલ્ફ બંટગેને જણાવ્યું હતું કે, ૨૦૨૩ એક અસાધારણ ગરમ વર્ષ હતું અને ત્યાં સુધી ચાલુ રહેશે જયાં સુધી આપણે ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં ઘટાડો નહીં કરીએ. ઉતરી ગોળાર્ધમાં તાપમાન ૧.૫ ડીગ્રી સેલ્સીયસ સુધી સીમીત કરનાર ૨૦૧૫ ના પેરીસ સમજુતીનો ભંગ કરવામાં આવી ચૂકયો છે. સંશોધન અનુસાર ૨૦૨૪માં પણ ગરમી રેકોર્ડ તોડશે.

## મોરબીનાં સિરામીક ઉદ્યોગ પર મુશ્કેલીનાં વાદળો ઘેરાયા
## અમેરીકા ભારતીય ટાઈલ્સ પર ૮૦૦ ટકા એન્ટી ડમ્પીંગ ડયુટી લાદશે

નવી દિલ્હી,તા. ૧૭

એક તરફ ડોમેસ્ટીક માર્કેટમાં માગ ઓછી થઈ રહી છે ત્યારે મોરબીના સિરામિક ઉદ્યોગ માટે વધુ એક ખરાબ પરિસ્થિતિ ઉભી થઈ રહી છે.

સિરામિક ટાઈલ્સ નિકાસના મુખ્ય બજારમાંના એક અમેરિકામાં ભારતીય ટાઈલ્સ ઉપર એન્ટી ડમ્પીંગ ડ્યૂટી નાખવાની રજૂઆત થઈ છે. અમેરિકાના સિરામિક ટાઈલ્સ ઉત્પાદકોએ સ્થાનિક બજાર કરતા નીચા ભાવે આયાત થતી હોવાની ફરિયાદ કરીને ભારતીય સિરામિક ટાઈલ્સ ઉપર ૮૦૦% સુધીની એનટિ ડમ્પીંગ ડયૂટી નાખવા માટે રજૂઆત કરી છે. US ઈન્ટરનેશનલ ટ્રેડ કમીશન અનેં જી ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ આ મુદ્દાને ચકાસી રહ્યું છે. જો અમેરિકાની સરકાર ભારતથી આયાત થતી ટાઈલ્સ પર ઉંચી ડયૂટી નાખશે તો તેની સૌથી વધુ અસર ગુજરાતના મોરબી સિરામિક ઉદ્યોગને થશે.

## ત્રીજી ટર્મમાં મોદી સરકાર ગૌહત્યા પર પ્રતિબંધ લાદશે : અમિત શાહ
### "જે ગૌહત્યા કરશે તેને ઉંધા લટકાવીને સીધા કરી દેવામાં આવશે"

પટણા તા.૧૭

કેન્દ્રીય ગૃહપ્રધાન અમીત શાહે જાહેર કર્યુ છે કે ત્રીજી ટર્મમાં મોદી સરકાર ગૌહત્યા પર પ્રતિબંધ મુકી દેશે અને આવા કૃત્યોમાં સામેલ લોકોને ઉંધા લટકાડીને સીધા કરવામાં આવશે. બિહારમાં મધુબની તથા સિતામઢીમાં ચૂંટણી સભાને સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે લોકોને ખાતરી આપી હતી કે અહીં ગૌહત્યા અને ગૌ તસ્કરી બંધ કરાવામાં આવશે. એક ચૂંટણી રેલીને સંબોધતા તેમણે કહ્યું કે, મોદીજીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવો, જેઓ ગૌહત્યા કરશે તેમને ઉંધા લટકાવીને સીધા કરી દેવામાં આવશે. આ માતા સીતાની ભૂમિ છે. અહીં, ગૌહત્યા અને ગૌ તસ્કરી ચલાવી લેવામાં આવશે નહીં. આ મોદી સરકારની ગેરંટી છે. પીઓકે અમે લઈને જ રહીશું તે નિવેદનનો પણ તેમણે પુનરોચ્ચાર કર્યો હતો. મહિલા આરક્ષણ વિશે વાત કરતા તેમણે કહ્યું કે લાલુ યાદવ અને કોંગ્રેસ આટલા વર્ષોથી અહીં બેઠા હતા, આ તેમની છેલ્લી ટર્મ હોઈ શકે છે તેમ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે એક ચૂંટણી રેલીને સંબોધીત કરતા જણાવ્યું હતું.

## ટી-૨૦ વર્લ્ડકપ : ન્યુયોર્કનાં નવનિર્મિત મેદાન પર ભારત-પાક. ક્રિકેટ જંગ ખેલાશે

મુંબઈ,તા.૧૭

આગામી જૂનમાં યોજાનારા ટી૨૦ વર્લ્ડકપ માટે વિશ્વભરના ક્રિકેટરસિયાઓમાં ઉતેજના પ્રવર્તી રહી જ છે અને તેમાં સૌથી વધુ ફોકસ ભારત-પાકિસ્તાન વચ્ચેના મહામુકાબલા પર છે. ભારત-પાક. ક્રિકેટ મેચ ન્યુયોર્કના નવનિર્મિત મેદાન પર થશે. આ મેદાન મુંબઈના વાનખેડે જેવુ જ છે.

ટી૨૦ વર્લ્ડકપ અમેરિકા તથા વિન્ડીઝમાં રમાવાનો છે. અમેરિકામાં પ્રથમવાર યોજાતી આ ટુર્નામેન્ટમાં રિસ્પોન્સ કેવો મળે છે તેના પર નજર રાખવામાં આવી જ રહી છે જયારે ૯ જૂને ન્યુયોર્કના નાસાઉ કાઉન્ટી સ્ટેડીયમમાં યોજાનારા મહામુકાબલા પર દુનિયાભરના ક્રિકેટ ફેન્સની નજર રહેવાનું સ્પષ્ટ છે.

ભારત-પાકિસ્તાનનો મહામુકાબલો જયાં યોજાવાનો છે તે સ્ટેડીયમ મેનહટ્ટનથી ૩૫ કિલોમીટર દુર છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલ તથા યુનાઈટેડ સ્ટેટ ક્રિકેટે તે માત્ર ૬ મહિનામાં તૈયાર કર્યુ છે તેમાં ૩૪૦૦૦ દશકોની ક્ષમતા છે. સ્ટેડીયમ બનાવવામાં કોઈ કસર રાખવામાં આવી નથી. આ મેદાન પર ૮ મેચ રમાવાના છે તેમાં ભારતના ત્રણ મેચ હશે.

## કેજરીવાલે રૂા.૧૦૦ કરોડની લાંચ માંગી હતી : સુપ્રિમ કોર્ટમાં ઈડીની રજુઆત

નવી દિલ્હી તા. ૧૭

દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં મની લોન્ડ્રિંગના આરોપી દિલ્હીનાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડને પડકારતી અરજીનો વિરોધ કરતી વખતે, ઈડીએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે અરવિંદ કેજરીવાલે ૧૦૦ કરોડ રૂપિયાની લાંચ માંગી હતી અને અમારી પાસે કેજરીવાલ વિરુદ્ધ પૂરતા પુરાવાઓ પણ છે. આ સંદર્ભમાં ઈડીએ કોર્ટમાં સાક્ષીઓના નિવેદનો ટાંક્યા જેમણે કેજરીવાલ પર લાંચ લેવાનો આરોપ લગાવ્યો હતો.



જો કે, કોર્ટે કેજરીવાલ પર આરોપ લગાવતા માત્ર નિવેદનોને ધ્યાનમાં લેવા અને જે નિવેદનોમાં તેમના પર આરોપો નથી લગાડવામાં આવ્યા તે છોડી દેવા અંગે ઈડીને પ્રશ્ન કર્યા. કોર્ટે પૂછ્યું હતું કે શું ઈડીએ પીએમએલએની કલમ ૧૯ હેઠળ કેજરીવાલને દોષિત ઠેરવવા માટેના નિવેદનોને તથ્ય અને માન્યતાના આધાર તરીકે ગણ્યા હતા. સમગ્ર સામગ્રી ધ્યાનમાં લેવામાં આવી હતી કે નહીં.

ગુરૂવારે ઈડી દ્વારા આ કેસની તપાસ સાથે સંબંધિત ફાઈલો અને કેસ ડાયરી પણ કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. ઈડીએ કોર્ટને એ પણ જણાવ્યું કે ટૂંક સમયમાં જ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવશે. ઈડીએ ગુરુવારે કેજરીવાલની અરજીની સુનાવણીની યોગ્યતા પર પણ સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે આ અરજી સાંભળવા યોગ્ય નથી. તેમણે એમ પણ કહ્યું કે જે રીતે કોર્ટ કેસની સુનાવણી કરી રહી છે તે મિની ટ્રાયલ જેવું છે. આ કરી શકાતું નથી.

## એપ્રિલમાં જીએસટી આવક મામલે ગુજરાતનો દેશભરમાં ત્રીજો ક્રમાંક

નવી દિલ્હી,તા. ૧૭: ગુજરાતમાં કોરોનાના સમયથી મંદ રહેલી ઔદ્યોગિક-વાણિજિયક પ્રવૃત્તિઓ ૨૦૨૪માં પૂર્ણ રીતે ધમધમતી થતા રાજય સરકારને જીએસટીની ભરપૂર આવક થઈ રહી છે. એપ્રિલ-૨૦૨૪માં ગુજરાત સરકારને થયેલી જીએસટીની આવક રૂા. ૧૩,૩૦૧ કરોડ રહી હતી. જે દેશમાં ત્રીજા નંબરે હતી. ૨૦૨૩ના વર્ષ કરતા પણ ગુજરાતની આવકમાં વધારો થવા પામ્યો હતો. જો કે, મહારાષ્ટ્રની આવક ગુજરાત કરતા બમણાંથી પણ વધુ રહી હતી. તો બીજા નંબરે કર્ણાટકની આવક રૂા.૧૫,૯૭૮ કરોડ રહી હતી. કેટલાક રાજયનો જીએસટીની આવકનો ગ્રોથ વધુ હતો પરંતુ આવક ઓછી રહી હતી. ૨૦૨૪ની માર્ચ મહિનામાં પણ ગુજરાતની આવક ૧૧૩૯૨ કરોડ હતી જે માર્ચ-૨૦૨૩ની આવક રૂા. ૯૯૧૯ કરોડ એટલે કે ૧૫ ટકા વધારે રહી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ાા મોમાઈ કૃપા ાા

**સુરજ – ટ્રાન્સપોર્ટ**

કેશોદ, જૂનાગઢ, અમદાવાદ ડેઈલી સર્વિસ



ફુલ લોડ, હાફ લોડ, ધોરાજી અને જેતપુર ભાડા માટે મળો.

મહેશભાઈ - મો. ૯૯૭૯૪ ૩૭૨૯૪

ચોકી (સોરઠ) - જૂનાગઢ

**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું દવાખાનું (પોસ્ટ ઓફીસ રોડ, આઝાદ ચોક) વેચવાનું છે
(૨) ગાંધીગ્રામ (કોન્વેન્ટ સ્કુલની સામે) ૫૦૦ વારનો બંગલો વેચવાનો છે. સાથે ૧૦ દુકાન ભાડે અથવા વેચવાની છે. (બેંકોવાળા માટે ખાસ)
(૩) એસેન્ટ કાર ૩૮૦૦૦ કી.મી. વેચવાની છે.
(૪) લોખંડનાં ઘોડા નવા મોડેલનાં વેચવાના છે. (નંગ-૨૮)
(૫) જીમ માટેના સાધનની કીટ વેચવાની છે.

દુકાન, મકાન - જમીન લે-વેચ માટે મળો

મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯

## વિદેશની બ્લેન્ક ચેક કંપનીઓમાં રોકાણ કરનારાઓને આઈટીની નોટીસ

નવી દિલ્હી,તા. ૧૭:

સંપન્ન ભારતિયો દ્વારા નિયમનો ભંગ કરી 'બ્લેન્ક ચેક' કંપનીઓના માધ્યમથી ભંડોળ એકઠું કરવામાં આવે છે. આ ગેરરિતી હવે ઈન્કમટેકસ ડિપાર્ટમેન્ટ (આઈટી)ના રડારમાં આવી ગઈ છે. આઈટી વિભાગે હવે આ મામલે કાર્યવાહી હાથ ધરી નોટિસો ફટકારવાનું શરૂ કર્યું છે. બ્રિટિશ ઓવરસીઝ ટેરિટરી કેમેન આઈલેન્ડ્સ સ્પેશિયલ પરપઝ એક્યુઝિશન કંપનીઝ (એસપીએસી) માટે પસંદગીનું સ્થળ છે, ત્યારે આવકવેરા વિભાગ દ્વારા આ ગેરરિતી મામલે છેલ્લા ૧૦ દિવસમાં ઓછામાં ઓછા ચાર લોકોને નોટિસ ફટકારવામાં આવી છે. જો કે ઘણાં ભારતીય રોકાણકારો કે જેમણે એસપીએસી યુનિટ્સ અથવા શેરની ખરીદી કરી છે, તેઓ આઈટી રિટર્નના ફોરેન એસેટ્સમાં આ રોકાણનો ઉલ્લેખ કરતા નથી. જે નિયમનું ઉલ્લંઘન છે.

## કચ્છથી બાડમેર સુધીનો ૪૯૦ કી.મી. લાંબો જળમાર્ગ બનશે

જયપુર તા. ૧૭ : હવે રાજસ્થાનના બાડમેર જિલ્લાને રિફાઈનરી બાદ વોટર-વેની ભેટ મેળવવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. રાજસ્થાન સરકારે ગુજરાતના કચ્છના રણથી રાજસ્થાનના બાડમેર જિલ્લા સુધી જળમાર્ગ બનાવવા માટે એક પગલું આગળ વધાર્યુ છે. કેન્દ્ર સરકારની સૂચના બાદ રાજસ્થાન સરકારે આ માટે નદી પરિવહનની રાજય સ્તરીય સમિતિની રચના કરી છે. જણાવવામાં આવી રહ્યું છે કે ગુજરાતથી રાજસ્થાન સુધીનો આ જળમાર્ગ લગભગ ૪૯૦ કિલોમીટર લાંબો હશે. તેના નિર્માણ બાદ સ્થાનિક લોકોને પ્રવાસન સાથે રોજગારીની તકો મળશે. રાજસ્થાનથી જળમાર્ગમાં જહાજો દ્વારા ૨.૫ મિલિયન ટન સુધીની નિકાસ કરી શકાય છે. તાજેતરમાં, કોલકાતામાં નેશનલ ઈનલેન્ડ વોટર-વે ઓથોરિટીની બેઠકમાં, રાજસ્થાનમાં ઈનલેન્ડ વોટર-વે ટર્મિનલ અંગે ચર્ચા થઈ હતી. રાજયની અગાઉની ભાજપ સરકારે વર્ષ ૨૦૧૬-૧૭માં જળ માર્ગ અંગે પ્રાથમિક અહેવાલ તૈયાર કર્યો હતો. પરંતુ આ પછી રાજયમાં કોંગ્રેસની સરકાર આવ્યા બાદ આ પ્રોજેક્ટને અટકાવી દેવામાં આવ્યો હતો.

વિભાગીય અધિકારીઓના જણાવ્યા અનુસાર કચ્છના રણથી બાડમેર સુધીના જળમાર્ગની પહોળાઈ ૧૦૦ મીટર જેટલી રાખી શકાય છે. ઊંડાઈ લગભગ ચાર મીટર હશે. ત્રણ હજાર ટન ક્ષમતાના માલવાહક જહાજો દોડી શકશે. તેના દ્વારા માલસામાનની અવરજવર રોડ કરતાં સસ્તી હશે.

**જોઈએ છે** જૂનાગઢનાં ફેમસ શો-રૂમમાં

વર્ક કરી શકે તેવા લેડીઝ - જેન્ટસ જોઈએ છે

સેલ્સ ગર્લ્સ જોઈએ છે

મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

Since 1983

શંખ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

## ૧૦ ટીમોએ વિભવની શોધ શરૂ કરી

# સ્વાતિ માલીવાલની FIR બાદ પોલીસ એક્શનમાં

### અશ્લીલતા અને મારપીટના મામલામાં સ્વાતિ માલીવાલ તરફથી લેખિત ફરિયાદ મળ્યા બાદ વિભવ કુમાર વિરૂધ્ધ FIR નોંધી છે

નવી દિલ્હી, તા.૧૭

દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષ અને આમ આદમી પાટીના વર્તમાન રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે સીએમ અરવિંદ કેજરીવાલના પીએ વિભવ કુમાર વિરુદ્ધ તેમના પર હુમલાના કેસમાં FIR નોંધાવી છે. એફઆઈઆર નોંધ્યા બાદ ઉત્તર જિલ્લા પોલીસની ટીમ અને ક્રાઈમ બ્રાન્ચે સમગ્ર કેસની તપાસ શરૂ કરી દીધી છે. સૌથી પહેલા દિલ્હી પોલીસની ટીમ મોડી રાત્રે વિભવ કુમારના ઘરે પહોંચી જ્યાં તે મળ્યો ન હતો. તેની પત્ની ઘરે હાજર હતી.આ મામલાની સ્વતઃ સંજ્ઞાન લેતા રાષ્ટ્રીય મહિલા આયોગે વિભવ કુમારને સવારે 11 વાગ્યે હાજર થવા જણાવ્યું છે. વિભવ કુમાર ગુરુવારે સવારે લખનૌ એરપોર્ટ પર અરવિંદ કેજરીવાલ સાથે જોવા મળ્યો હતો. કેજરીવાલ ઈન્ડિયા બ્લોકના નેતાઓની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ભાગ લેવા લખનઉ આવ્યા હતા.પોલીસ હવે સમયમર્યાદા બનાવીને સમગ્ર ઘટનાનો ક્રમ બનાવી રહી છે. ક્રમ મુજબ, વિભવ ક્યાં હોઈ શકે તે જાણવા માટે પોલીસ સીસીટીવી શોધવાનો પ્રયાસ કરશે. તે મુજબ તપાસ આગળ વધશે. આજે મહારાષ્ટ્રમાં ઈન્ડિયા બ્લોકની રેલી છે, પોલીસને શંકા છે કે વિભવ મહારાષ્ટ્ર ગયો હશે. પોલીસની 10 જેટલી ટીમો સમગ્ર મામલાની તપાસમાં લાગેલી છે, જેમાંથી ચાર ટીમો વિભવનું લોકેશન શોધી રહી છે.આ પહેલા ગઈકાલે રાત્રે પોલીસ પીડિતા સ્વાતિ માલીવાલને મેડિકલ તપાસ માટે એઈમ્સમાં લાવી હતી. માલીવાલ એઈમ્સમાં 4 કલાક રોકાયા હતા. લગભગ 11 વાગ્યે, દિલ્હી પોલીસ સ્વાતિ માલીવાલને એમ્સના ટ્રોમા સેન્ટરમાં લાવી અને બપોરે 3:15 વાગ્યે, તેઓ સ્વાતિ માલીવાલને એઈમ્સમાંથી લઈને તેમના ઘરે પરત ફર્યા.તે માત્ર એક સંયોગ હતો કે જ્યારે પોલીસ સ્વાતિ માલીવાલને મેડિકલ તપાસ માટે AIIMSમાં લાવી હતી, તે જ સમયે દિલ્હી મહિલા આયોગ (DCW) ની એક ટીમ પણ અન્ય એક કેસમાં પૂછપરછ માટે AIIMS પહોંચી હતી , તે ટીમને જ્યારે આ સંબંધિત પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો, ત્યારે DCW કાઉન્સેલર અને સભ્ય નિકિતાએ સ્પષ્ટતા કરી હતી કે હાલમાં હો કોઈ અન્ય કેસના સંદર્ભમાં અહીં આવ્યા છે. નિકિતાએ કહ્યું કે તે સ્વાતિ સાથે જોડાયેલી બાબતથી વાકેફ છે અને તેની સાથે જે પણ થયું છે તે ખૂબ જ ખોટું છે.સ્વાતિ માલીવાલના જણાવ્યા અનુસાર, વિભવ કુમારે તેને સીએમ આવાસ પર ખરાબ રીતે માર્યો હતો. સ્વાતિએ કહ્યું કે વિભવે મને થપ્પડ મારી અને લાત મારી. મને પેટમાં માર. આટલું જ નહીં મારા શરીર પર હુમલો કરવામાં આવ્યો હતો. આ બધું એક મહિલા સાંસદ સાથે થયું અને દિલ્હીના મુખ્યમંત્રીના આવાસ પર થયું. તે પણ તે મહિલા સાથે જે પોતે થોડા દિવસો પહેલા સુધી મહિલા અધિકારોની સુરક્ષા માટે લડતી હતી.પોલીસે સીએમ કેજરીવાલના પીએ આરોપી વિભવ કુમાર સામે કલમ 354 એટલે કે મહિલાની ગરિમાને ઠેસ પહોંચાડવા, કલમ 506 એટલે કે ફોજદારી ધમકી, કલમ 509 એટલે કે શબ્દો કે હાવભાવથી મહિલાની ગરિમાનું અપમાન કરવા... અને કલમ 323 એટલે કે સ્વૈચ્છિક રીતે ગુનો નોંધ્યો છે. કેસ નોંધવામાં આવ્યો છે.

### સ્વાતિ માલીવાલ હુમલા કેસ પર નિર્મલા સીતારમણે કહ્યું

## ‘તે શરમજનક છે કે કેજરીવાલે એક શબ્દ પણ ન બોલ્યો...’

### સીતારમણે કહ્યું કે બુધવારે તેના બદલે કેજરીવાલ આરોપી બિભવ કુમાર સાથે લખનૌ એરપોર્ટ પર જોવા મળ્યા હતા

નવી દિલ્હી, તા.૧૭

આમ આદમી પાટીના સાંસદ સ્વાતિ માલીવાલ પર હુમલાના મામલામાં કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણનું નિવેદન આવ્યું છે. સીતારમણે આ સમગ્ર મામલે અરવિંદ કેજરીવાલના મૌન પર સવાલ ઉઠાવ્યા છે.સીતારમણે કોલકાતામાં કહ્યું કે તે ખૂબ જ આઘાતજનક છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી આવાસ પર તેમની જ પાટીની સાંસદ સ્વાતિ માલીવાલ સાથેની લડાઈ વિશે એક શબ્દ પણ ન બોલ્યો. આ ઘટના પર મુખ્યમંત્રીએ કંઈ કર્યું નહીં, પ્રતિક્રિયા આપી નહીં અને એક શબ્દ પણ બોલ્યો નહીં. સીતારમણે કહ્યું કે બુધવારે તેના બદલે કેજરીવાલ આરોપી બિભવ કુમાર સાથે લખનૌ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. મને કહેવામાં આવ્યું કે કેજરીવાલ ઉત્તર પ્રદેશમાં આરોપીઓ સાથે જોવા મળ્યા છે. દિલ્હી મહિલા આયોગની ચેરપર્સન રહી ચૂકેલી એક મહિલા સાથે આવો વ્યવહાર કરવામાં આવ્યો તે ખૂબ જ શરમજનક છે.આમ આદમી પાટીના રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલે તેમના પર સીએમ આવાસ પર હુમલો કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે આ આરોપો કેજરીવાલના નજીકના સહયોગી વિભવ કુમાર પર લગાવ્યા છે.

પાર્ટીના નેતા સંજય સિંહે બાદમાં કહ્યું હતું કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સ્વાતિ માલીવાલ સાથેની ઘટનાની નોંધ લીધી છે અને તેઓ આ મામલે કડક કાર્યવાહી કરશે.સંજય સિંહે જણાવ્યું હતું કે સ્વાતિ માલીવાલ સોમવારે સીએમ કેજરીવાલને મળવા આવી હતી. તે ડ્રોઈંગ રૂમમાં રાહ જોઈ રહ્યો હતો. ત્યારબાદ વિભવ કુમાર ત્યાં પહોંચી ગયો અને સ્વાતિ માલીવાલ સાથે ગેરવર્તન કર્યું.આ પહેલા સોમવારે દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે સ્વાતિ માલીવાલ સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન આવી હતી અને મુખ્યમંત્રી કેજરીવાલના અંગત સ્ટાફના સભ્ય પર સીએમ હાઉસમાં હુમલો કરવાનો આરોપ લગાવ્યો હતો. જો કે સ્વાતિ માલીવાલે હજુ સુધી આ મામલે લેખિત ફરિયાદ નોંધાવી નથી. પોલીસનું કહેવું છે કે ફરિયાદ બાદ જ કેસની તપાસ આગળ વધશે.

# કચ્છમાં મીઠાની જમીન મામલે ગોળીબાર થયો

### ફાયરિંગ બાદ ઘાયલો પર ગાડી ચડાવી કચડી નાખવાનો પ્રયાસ : ૧૭ આરોપી હજુ ફરાર

**એકનું મોત, ત્રણ ઘાયલ**

કચ્છ, તા.૧૭

કચ્છના રણમાં મીઠું પકવવાની જમીન કબજે લેવા બાબતે થયેલા ગોળીબાર તથા હિંસક હુમલામાં એકનું મોત નિપજ્યું છે જ્યારે ત્રણ વ્યક્તિ લોહીલુહાણ થઈ હતી. પાંચ ગાડીઓ ભરીને આવેલા એક જૂથે બીજા જૂથ પર ધડાધડ ફાયરિંગ કર્યું હતું. જેમાં એક વ્યક્તિને માથામાં ગોળી વાગતા ઘટનાસ્થળે જ ઢળી પડ્યો. ગોળી માર્યા બાદ હોસ્પિટલમાં લઈ જવાતા ઈજાગ્રસ્તને ગાડીથી કચડવાનો પણ પ્રયાસ કરાયો હતો. પોલીસે ૧૭ જેટલા આરોપી સામે હત્યા સહિતના ગુનાની ફરિયાદ નોંધી તમામને પકડી લેવા કવાયત હાથ ધરી છે. શિકારપુર નજીક રણમાં જ્યાં ઘુડખર અભ્યારણ વિસ્તારમાં આવેલા છે, તે વિસ્તારમાં મીઠાના જૂના કારખાના પર કબજો જમાવવા બાબતે હિંસક ધીંગાણામાં ત્રણ લોકો પર આરોપીઓએ બોલેરો ગાડી ચડાવી હત્યા નિપજાવવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે કાનમેરના ફરિયાદી મગનભાઈ ગોહિલે સામખિયાળી પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ સોમવારે બપોરે ફરિયાદી સહિત ૧૧ લોકો શિકારપુર નજીકના રણમાં આવેલા મીઠાના જૂના કારખાના પર ગયા હતા. દરમિયાન સાંજે ૪.૩૦ના આરસામાં આરોપી ભરત દેવા ભરવાડ, ભરત રવા વાઘેલા, સબરા પાલા વાઘેલા, દેવા કરશન ડોડિયા, ઈશ્વર રજપૂત, શક્તિ ડાયા ડોડિયા, બળદેવ ગેલા રજપૂત, રાયપણ ઉસેટિયા, વિજય રાયધણ ઉસેટિયા, કાજા અમરા રબારી, વિરમ રબારી, સતીષ કલા ભરવાડ, લખમણ દેવા ભરવાડ, અજા ટપુ ભરવાડ, રૂપા ટપુ ભરવાડ, થાવર આંબા રબારી અને સવા રતના રબારી બોલેરો અને કાર લઈને આવ્યા હતા. બંદૂક, ધારિયા અને ધોકા સહિતનાં હથિયારો પણ સાથે લાવ્યાં હતાં.

આરોપીઓએ મીઠાના જૂના કારખાનાવાળી જગ્યા ખાલી કરી દેવાનું કહી ધમકી આપી હતી. જે બાદ ત્રણ આરોપીઓએ ફાયરિંગ કર્યું હતું. જેમાં ફરિયાદી સાથે આવેલ દિનેશ કોલીને માથાના ભાગે, મુકેશ બેચરા અને રમેશ હઠા ભરવાડને પગના ભાગે તેમજ વલીમામદને નાકના ભાગે ગોળી લાગતા ઈજાઓ પહોંચી હતી. દિનેશને માથામાં ગોળી વાગતા આરોપીઓ એક સમયે પોતાની ગાડીઓ તરફ ગયા હતા. એ દરમિયાન દિનેશને સારવાર માટે બાઈક પર લઈ જવા રણ માર્ગે રવાના થતા આરોપીઓએ બોલેરો ગાડી બાઈક પર ચડાવી હત્યા નિપજાવવાનો પ્રયાસ કર્યો હતો.

હિંસક ધીંગાણામાં ઘાયલ થયેલા ચાર લોકોને સામખિયાળી અને ગંભીર ઈજા પામેલ એકને રાજકોટ સારવાર માટે ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું છે.

# નેપાળે MDH અને એવરેસ્ટના મસાલા ઉપર પ્રતિબંધ લાદ્યો




### મોહન કૃષ્ણ મહારાજને જણાવ્યું કે આ મસાલામાં હાનિકારક કેમિકલ હોવાના સમાચાર મળ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે

નવી દિલ્હી, તા.૧૭

સિંગાપોર અને હોંગકોંગ બાદ હવે નેપાળે પણ બે ભારતીય મસાલા બ્રાન્ડ એવરેસ્ટ અને MDHના વેચાણ, વપરાશ અને આયાત પર પ્રતિબંધ લગાવી દીધો છે. નેપાળના ખાદ્ય પ્રૌદ્યોગિકી અને ગુણવત્તા નિયંત્રણ વિભાગે આ મસાલામાં જંતુનાશક ઈથિલિન ઓક્સાઈડ હોવાની આશંકા વચ્ચે આ નિર્ણય લીધો છે. આ મસાલામાં ઈથિલિન ઓક્સાઇડની તપાસ શરૂ કરવામાં આવી છે.નેપાળના ફૂડ ટેક્નોલોજી વિભાગના પ્રવક્તા મોહન કૃષ્ણ મહારાજને જણાવ્યું કે એવરેસ્ટ અને MDH બ્રાન્ડના મસાલાની આયાત પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. અમે બજારમાં આ મસાલાના વેચાણ પર પણ પ્રતિબંધ મૂક્યો છે. આ મસાલામાં હાનિકારક રસાયણો હોવાના સમાચાર મળ્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું છે. આ બંને બ્રાન્ડના મસાલામાં ખતરનાક કેમિકલની તપાસ ચાલી રહી છે. તેનો તપાસ રિપોર્ટ આવે ત્યાં સુધી પ્રતિબંધ ચાલુ રહેશે.તમને જણાવી દઈએ કે MDH અને એવરેસ્ટના નામ દાયકાઓથી ઘર-પરિવારનું નામ બની ગયા છે. આ બ્રાન્ડ્સના મસાલા મધ્ય પૂર્વ સહિત વિશ્વના ઘણા દેશોમાં નિકાસ કરવામાં આવે છે. MDH અને એવરેસ્ટ મસાલાની તપાસ બ્રિટન, ન્યુઝીલેન્ડ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં પણ શરૂ થઈ શકે છે.કડક પગલાં લેતા, બ્રિટનની ફૂડ સેફ્ટી એજન્સી (FSA) એ કહ્યું છે કે તે ભારતમાંથી આવતા તમામ મસાલા પર ઝેરી જંતુનાશકોનું પરીક્ષણ કડક કરી રહ્યું છે, જેમાં ઈથિલિન ઓક્સાઈડ પણ સામેલ છે.ન્યુઝીલેન્ડના ફૂડ સેફ્ટી રેગ્યુલેટરી ડિપાર્ટમેન્ટના કાર્યવાહક ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ જેન્ની બિશપે જણાવ્યું હતું કે ઈથિલિન ઓક્સાઈડ એક રસાયણ છે, જે મનુષ્યમાં કેન્સરનું કારણ બની શકે છે. MDH અને એવરેસ્ટ મસાલા પણ ન્યુઝીલેન્ડના બજારોમાં વેચાય છે. અમે આ મામલે તપાસ કરી રહ્યા છીએ.હોંગકોંગ બાદ સિંગાપોરની ફૂડ એજન્સી (SFA) એ પણ એવરેસ્ટની ફિશ કરી મસાલા પર હાલ માટે પ્રતિબંધ મૂક્યો હતો. સિંગાપોરે એવરેસ્ટની ફિશ કરી મસાલાનો ઓર્ડર પરત કર્યો હતો. એવો દાવો કરવામાં આવે છે કે માછલીની કરી મસાલામાં ઈથિલિન ઓક્સાઈડ નિર્ધારિત માત્રા કરતાં ઘણું વધારે છે.એજન્સીનું કહેવું છે કે હાલમાં ઓછી માત્રામાં ઈથિલિન ઓક્સાઈડથી કોઈ ખતરો નથી, પરંતુ લાંબા ગાળાના સેવનથી કેન્સરનું જોખમ વધી જાય છે.ઈથિલિન ઓક્સાઇડ એ રંગહીન ગેસ છે. ઓરડાના તાપમાને રાખવામાં આવે ત્યારે તે એક મીઠી ગંધ આપે છે. નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટ (NCI) અનુસાર, આ ગેસનો ઉપયોગ ઈથિલિન ગ્લાયકોલ (એન્ટિ-ફ્રીઝ) જેવા રસાયણો બનાવવા માટે થાય છે. આ ઉપરાંત તેનો ઉપયોગ કાપડ, ડીટરજન્ટ, ફોમ, દવાઓ, એડહેસિવ અને સોલવન્ટ બનાવવામાં પણ થાય છે. E. coli અને Salmonella જેવા સુક્ષ્મજીવાણુ દૂષણને રોકવા માટે તેનો ઉપયોગ ખાદ્ય મસાલાઓમાં પણ ઓછી માત્રામાં થાય છે. તેનો ઉપયોગ હોસ્પિટલોમાં સર્જિકલ સાધનોને સાફ કરવા માટે પણ થાય છે.

# ચારધામ યાત્રામાં અત્યાર સુધી ૧૧ શ્રદ્ધાળુઓના મોત




**શ્રદ્ધાળુઓની ભીડને પગલે બે દિવસ સુધી ઓફલાઈન રજિસ્ટ્રેશન બંધ કરવામાં આવ્યુ હતુ**

નવી દિલ્હી, તા.૧૭

દેશની પ્રસિદ્ધ કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી - એમ ચારધામ યાત્રાને શરુ થયાને હજુ પાંચ દિવસ જ થયા છે. પરંતુ કેદારનાથના કપાટ ખુલવાની સાથે જ શ્રદ્ધાળુઓની સંખ્યા અચાનક વધી ગઈ છે. એટલું જ નહીં, હમણાં સુધી ચારધામ યાત્રા માટે ગયેલા ૧૧ લોકોના મોત નીપજ્યા છે. વહીવટીતંત્રે ભારે ભીડને ધ્યાન રાખીને ચારધામ યાત્રા માટે ઓફલાઈન રજિસ્ટ્રેશન બે દિવસ માટે બંધ કરી દીધું છે.૧૫ મેને બુધવારે રજિસ્ટ્રેશન બંધ રહ્યું અને ૧૬ મેએ ઓફલાઈન રજિસ્ટ્રેશ થશે નહીં.ઉલ્લેખનીય છે કે ચારધામ યાત્રા માટેનું રજિસ્ટ્રેશન હરિદ્વાર અને ઋષિકેશમાં કરવામાં આવી રહ્યું છે. ગઢવાલના કમિશ્નર વિનય શંકર પાંડેએ જણાવ્યું કે, ૧૫મી એપ્રિલથી હમણાં સુધી ૨૬,૭૩,૫૧૯ રજિસ્ટ્રેશન થયા હતા. ગંગોત્રીમાં ૪,૨૧,૩૬૬, યમુનોત્રીમાં ૪,૭૮,૫૭૬ અને હેમકુંડ સાહિબ માટે હમણાં સુધી ૫૯ હજારથી વધુ શ્રદ્ધાળુઓએ રજિસ્ટ્રેશન કરાવ્યા છે. ૨૦૨૩માં ચારધામ યાત્રા દરમ્યાન કુલ ૨૦૦ શ્રદ્ધાળુઓના મોત થયા હતા. ઉતરાખંડ સરકારે જાહેર કરેલાં આંકડા મુજબ કેદારનાથમાં ૯૬, યમુનોત્રીમાં ૩૪, ગંગોત્રીમાં ૨૯, બદ્રીધામમાં ૩૩, હેમકુંડ સાહિબમાં ૭ અને ગૌમુખ ટ્રેકમાં એકનું મોત થયું હતું.

# વડાપ્રધાન મોદીનો ઈન્ટરવ્યુ લેવા માંગે છે શેખર સુમન





મુંબઈ, તા.૧૭

નેટફ્લિક્સની વેબ સીરિઝ ‘હીરામંડી’ માટે અભિનેતા શેખર સુમનના ખૂબ વખાણ થઈ રહ્યા છે. આ શોમાં નવાબ ઝુલ્ફીકારની ભૂમિકા ભજવી રહેલા શેખરે પોતાના નાના રોલમાં જોરદાર અસર છોડી છે. શેખર, જે ભારતમાં ટીવીના શરૂઆતના દિવસોમાં ઘણા યાદગાર શોનો હિસ્સો હતો, જ્યારે તે હોસ્ટ તરીકે ‘મૂવર્સ એન્ડ શેકર્સ’ લાવ્યા, ત્યારે આ શોએ વ્યંગની દ્રષ્ટિએ એક બેન્ચમાર્ક સેટ કર્યો, જેને આજના શો પણ સ્પર્શ કરવાનો પ્રયાસ કરે છે.

હવે શેખરે એક નવા ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે તેનો આઈકોનિક શો ફરી એકવાર ટીવી પર પરત ફરી શકે છે. શેખરે એમ પણ કહ્યું કે તે વડાપ્રધાન મોદીનો ઈન્ટરવ્યુ લેવા માંગે છે.પિંકવિલા સાથેની એક મુલાકાતમાં, જ્યારે શેખરને પૂછવામાં આવ્યું કે તેના આઈકોનિક શો ‘મૂવર્સ એન્ડ શેકર્સ’ની નવી સીઝનના અહેવાલો છે, તો શું આવું થવાનું છે? તો શેખરે હા પાડી. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું તેની વિશલિસ્ટમાં કોઈ એવું છે કે જેનો તે ઈન્ટરવ્યુ લેવા માંગે છે? તો શેખરે તરત જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું નામ લીધું. શેખરે કહ્યું, ‘મારે મોદી સાહેબનો ઈન્ટરવ્યુ લેવો છે, બેસો ટકા!’ શેખરનું માનવું છે કે તે પીએમ મોદીનો ઈન્ટરવ્યુ ‘ખૂબ જ અલગ રીતે’ લેવા માંગે છે.તેણે એમ પણ કહ્યું કે તે આ ઈન્ટરવ્યુ એવી રીતે કરશે કે તે બંને માટે યાદગાર બની રહેશે અને તેમનો શ્રેષ્ઠ ઈન્ટરવ્યુ હશે. શેખરે કહ્યું, એક વ્યક્તિ અને તેની આખી સફર તરીકે તેના માટે ઘણા સ્તરો અને બાજુઓ છે. તેણે ટીકાઓનો સામનો કરવો પડ્યો, લોકોએ તેને ઠપકો આપ્યો અને હેરાન કર્યા, પરંતુ તેમ છતાં તેણે હાર ન માની અને આગળ વધતા રહ્યા. આ સરળ કાર્ય નથી.શેખરે વધુમાં કહ્યું કે કોઈની ટીકા કરવી ખૂબ જ સરળ છે. તેમણે વધુમાં કહ્યું કે, ‘૧૫૦ કરોડ લોકોના અલગ-અલગ વિચારો અને જરૂરિયાતોને સંભાળીને તમામ વિરોધ અને ટીકાઓનો સામનો કરીને આગળ વધવું કોઈ એક વ્યક્તિ માટે સરળ નથી.’વડા પ્રધાન મોદીના વખાણ કરતાં શેખરે કહ્યું કે તેઓ એક એવી વ્યક્તિ છે જેનો ઈન્ટરવ્યુ લેતી વખતે તેઓ અભ્યાસ કરવા માંગે છે.

# ફ્લોપ ફિલ્મો પછી પણ કલાકારો કરોડો રૂપિયા કેમ લે છે?




મુંબઈ, તા.૧૭

અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની ફિલ્મ ‘બડે મિયાં છોટે મિયાં’ ફ્લોપ થવાને કારણે ઈન્ડસ્ટ્રીમાં નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે. જ્યારે ઈન્ડસ્ટ્રીમાં સતત ફ્લોપ ફિલ્મો મળી રહી છે, ત્યારે ઘણા કલાકારોની ફી એટલી વધારે છે કે પ્રોજેક્ટનું બજેટ વધી રહ્યું છે.

આવી સ્થિતિમાં એવા સવાલો ઉઠી રહ્યા છે કે શું ફ્લોપ ફિલ્મો માટે કલાકારો પાસેથી ૧૦૦ કરોડ રૂપિયા સુધીની ફી લેવી યોગ્ય છે?’બડે મિયાં છોટે મિયાં’માં અક્ષય અને ટાઈગર સાથે જોવા મળેલી યુવા અભિનેત્રી અલાયા એફએ હવે આ અંગે પોતાનો અભિપ્રાય આપ્યો છે. આલિયાએ કહ્યું કે કલાકારો માટે તેમની કારકિદી જાળવી રાખવા માટેનો ખર્ચ પણ વધી રહ્યો છે અને આ કામ માટે ઘણા પૈસા ખર્ચવામાં આવે છે. તેણે જણાવ્યું કે કેવી રીતે કલાકારોને માત્ર એક ઈવેન્ટમાં તેમના દેખાવ માટે ઘણા લોકોને પૈસા ચૂકવવા પડે છે.બોલિવૂડ બબલને આપેલા એક ઈન્ટરવ્યુમાં અલાયાએ કહ્યું કે લક્ઝરી ખર્ચને બાજુ પર રાખીને પણ એક્ટર્સને તેમની કારકિદી ચલાવવા માટે ઘણો ખર્ચ કરવો પડે છે. આલિયાએ કહ્યું, ‘શું ચાલે છે?’ દરેક વસ્તુના ભાવ કેમ વધી રહ્યા છે? કારકિદી ચલાવવા માટે પૈસા ખર્ચ થાય છે, લોકોને ખ્યાલ નથી હોતો કે તમારે તમારી કારકિદીમાં કેટલું રોકાણ કરવું પડશે.આલિયાએ કહ્યું, ‘દરરોજની શરૂઆતમાં, એક હેર પર્સન, એક મેક-અપ પર્સન, એક ફોટોગ્રાફર અને એક સ્ટાઈલિશ હોય છે - ત્યાં પહેલેથી જ ૪ લોકો છે જેમને મારો આ લુક બનાવવા માટે ચૂકવણી કરવામાં આવે છે. ચાલો પીઆર વિશે પણ વાત ન કરીએ, તેમાં પણ પૈસા ખર્ચ થાય છે. મને ખબર નથી કે મારે આ કહેવું જોઈએ કે નહીં, પરંતુ પેપ સ્પોટિંગમાં પણ પૈસા ખર્ચ થાય છે. દરેક વસ્તુમાં પૈસા ખર્ચાય છે અને આ વસ્તુઓ પાછળ થોડો નહીં, ઘણો ખર્ચ થાય છે. આલિયાએ કહ્યું કે જો તેને એક મહિનામાં ૬ ઈવેન્ટ્સમાં હાજરી આપવી હોય તો તે તેમાં હાજરી આપવા માટે ૬ વખત ખર્ચ કરે છે.પૈસા બચાવવાની જરૂરિયાત પર ભાર મૂકતા આલાયાએ કહ્યું, ‘આ સિવાય તમારે તમારું ઘર, કારની ઈર્ંે અને અન્ય સો વસ્તુઓ પણ ચલાવવાની છે. તાજેતરમાં જ હું મારી નાણા અને મેં કેટલો ખર્ચ કર્યો છે તે જોઈ રહ્યો હતો. એક મહિનામાં મારા કામ સંબંધિત ખર્ચ જોઈને હું ચોંકી ગયો. તો હા, બચતની ખૂબ જરૂર છે.આલિયાના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે તેની લેટેસ્ટ ફિલ્મ ‘શ્રીકાંત’ની સફળતાનો આનંદ માણી રહી છે. આ ફિલ્મમાં રાજકુમાર રાવ સાથેના તેના કામના વખાણ થઈ રહ્યા છે.

# કોડીનારની ખાનગી સિમેન્ટ કંપનીની કોલોનીમાં સિંહ પરિવારના ધામા : લોકો ભયભીત

## સિંહ, સિંહણ ૩ બચ્ચા સાથે વહેલી સવારે કોલોની આવેલ મંદિર પરિસરમાં આવી ચડતા ભયનો માહોલ : રેસ્ક્યુ હાથ ધરાયું



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૭

ગીર સોમનાથના કોડીનારમાં આવેલી ખાનગી સિમેન્ટ કંપનીની રેસીડેન્સીયલ કોલોનીમાં વહેલી સવારે સિંહ અને સિંહણે પોતાના ૩ બચ્ચા સાથે ચડી આવ્યા હતા. કોલોનીના સિક્યુરિટી ગાર્ડને આ ઘટના ધ્યાને આવતા તંત્રને જાણ કરતા વનવિભાગ દ્વારા રેસ્ક્યુ કામગીરી હાથ ધરાઈ. ૬ કલાકની સખત જહેમત બાદ ૨ સિંહ બાળને પાંજરે પૂર્યા હતા જયારે હજું લખાય છે ત્યારે ૧૨ કલાક બાદ પણ વન વિભાગ દ્વારા ૧ સિંહ બાળની શોધખોળ ચાલું છે જે મળ્યા બાદ ત્રણેય સિંહ બાળ ને તેમના પરિવાર (ગ્રુપ) સાથે મિલન કરાવાશે.

વર્તમાન સમયમાં ઉનાળો તેનું અસલી સ્વરૂપ દર્શાવી રહ્યો છે.ભારે ગરમી અને ઉકળાટથી વન્ય પ્રાણીઓ પણ ત્રાહિમામ પોકારી ગયા હોય તેવું લાગી રહ્યું છે. ગીર જંગલ વિસ્તારમાંથી પાણી અને ખોરાકની શોધમાં સિંહો ગીર જંગલ છોડી ગીર બોર્ડર વિસ્તારના ગામોમાં આવી ચડતા હોય છે.પરંતુ હવે સિંહો શહેરી વિસ્તારમાં પણ આવવા લાગ્યા છે. આવી જ એક ઘટના કોડીનાર ખાતે આવેલી ખાનગી સિમેન્ટ કંપનીમાં આજે બની છે. વહેલી સવારે સિંહ પરિવાર કંપનીની નોર્થ કોલોનીમાં આવેલા પ્રસિધ્ધ રાધાકૃષ્ણ મંદિરનાં પાછળનાં ભાગે આવી ચડ્યો હતો.સિંહ, સિંહણ અને ૩, બચ્ચાં સાથે સિંહ પરિવારે અહીં ધામા નાખ્યા હતા. કોલોનીમાં અને મંદિર પરિસરમાં સિંહ પરિવારનાં આંટાફેરાની ઘટના સિક્યુરિટી ગાર્ડનાં ધ્યાને આવતાની સાથે કંપની દ્વારા તંત્રને જાણ કરતા વનતંત્ર, પોલીસ અને કંપનીનાં સિક્યુરિટી સ્ટાફે કોલોની અને મંદિર પરિસરને કોર્ડન કરી લીધો હતો. વનતંત્ર દ્વારા સિંહને સલામત રીતે ખસેડવા રેસ્ક્યું કામગીરી હાથ ધરવામાં આવી છે.જોકે આ સમગ્ર રેસક્યુ દરમ્યાન સિંહ અને સિંહણ મંદિરની દીવાલ ટપી પાછળ ખેતરમાં જતા રહ્યા હતા અને ત્રણેય સિંહ બાળો કોલોનીમાં ઘૂસી જતા વન વિભાગ દ્વારા છ કલાકની સતત જહેમત બાદ બે સિંહ બાળોને નોર્થ કોલોનીમાંથી સલામત રીતે પાંજરે પૂરી અને અન્ય એક સિંહ બાળનું સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. કોડીનારની ખાનગી સિમેન્ટ કંપનીમાં આવી ચડેલા સિંહ પરિવારને કારણે અહીંની કોલોનીમાં ભયનો માહોલ છવાયો છે તો સવારના સમયે અફડા તફડી પણ મચી હતી. સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ત્રણેય સિંહ બાળ મળી ગયા બાદ તેઓનું મિલન સિંહ પરિવાર સાથે કરાવવામાં આવશે. જોકે એક સિંહ બાળને ગોતવાના સર્ચ ઓપરેશન દરમ્યાન કોલોનીમાં રહેતા તમામ પરિવારોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો જો કે કોઈ અનિષ્ટ ઘટના ન બને તે માટે તંત્ર દ્વારા સલામતી રાખી અને સમગ્ર રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

# જૂનાગઢ ખાતેના પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્રના શિબિરાર્થીઓએ ડવેન્ચર કોર્સ તથા બેઝીક કોર્ષના પ્રમાણપત્રો અર્પણ કરાયા

## ૧૧૦ જેટલા ભાઈઓ - બહેનોએ પર્વતારોહણની તાલીમ મેળવી






જૂનાગઢ, તા.૧૭

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલિત સરકારી એડવેન્ચર કોર્સતા.૧૦-૦૫-૨૦૨૪ થી તા.૧૬-૦૫-૨૦૨૪ તથા બેઝીક કોર્ષ તા. ૦૭-૦૫-૨૦૨૪ થી તા.૧૬-૦૫-૨૦૨૪ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં કુલ ૧૧૦ જેટલા ભાઈઓ અને બહેનોએ પર્વતારોહણની તાલીમ લીધી હતી. સમાપન કાર્યક્રમના અધ્યક્ષ જિલ્લા યુવા વિકાસ અધિકારી એન.ડી.વાળા, આસિસ્ટન્ટ મેનેજરખ્યાતિ દોશી, સવાણી હેરીટેઝ કન્ઝર્વેશન પ્રા.લી. ઉપરકોટના આસિસ્ટન્ટ મેનેજર રોહિત શુક્લા, સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થાના પૂર્વ પ્રન્સીપાલ કે.પી. રાજપૂત, પર્વતારોહણ તાલીમ કેન્દ્રના ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડ હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત તથા શિબિર અંગેની માહિતી ઉપેન્દ્રસિંહ રાઠોડ ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જએ આપી હતી.એડવેન્ચર કોર્સના શિબિરાર્થીઓએ સાંસ્કૃત્તિક કૃતી રજૂ કરી હતી. માનદ ઈન્સ્ટ્રક્ટ રવિ પરમાર દ્વારા એડવેન્ચર કોર્સના શિબિરાર્થીઓને અભ્યાસ માટેની સ્ટેશનરી વિના મૂલ્યે આપી હતી. પ્રાસંગિક ઉદબોધનમાં કે.પી. રાજપૂત એ વર્ષમાં ઓછામાં ઓછા પાંચ વક્ષોને વાવી ઉછેરવા અપીલ કરી હતી અને ખ્યાતિ દોશીએ આ શિબિરો થકી જીવનમાં જે તે વાતાવરણને અનુકૂળ થવા વિદ્યાથીઓને પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ એન.ડી.વાળાએ કેમ્પના બાળકોને પ્રોત્સાહનઆપતા જણાવ્યું કે, આવી પ્રવૃતિ કરવાથી સાહસિકતા તથા નેતૃત્વના ગુણોનો વિકાસ થાય છે તથા આવી સાહસિક પ્રવૃતિ કરવાથી માનસિક મનોબળ મજબુત થાય છે અને રમત ગમત, સાંસ્કૃતિક, લલિતકલા ક્ષેત્રે પણ જોડાવા અનુરોધ કર્યો હતો. શિબિરાર્થીઓ દ્વારા કેમ્પના અનુભવો વિષે તેમના અભિપ્રાય પણ વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમના અંતે આભાર વિધિ માનદ ઈન્સ્ટ્રક્ટર ભરતસિંહ પરમારે કરી હતી. કાર્યક્રમનું સંચાલન બેઝિક કોર્સના શિબિરાર્થી ધકાણ રાજલ, સિહોરા જલ્પાએ કર્યું હતું. આ એડવેન્ચર કોર્ષમાંભરતસિંહ પરમાર, ઠુંમ્મર ચંદુભાઈ, પરમાર દશરથ, પરેશ રાઠોડ પાટણ, દવે જીયા, મોઢેરા મનકુમાર, પરમાર રવિકુમાર બરવાળા, બાંભણીયા ધનરાજ દેલવાડા, મારવાડીયા રીંકુ, તથા અંબર વિષ્ણું, મ્યાત્રા પ્રિયા વાડાસડા, રાવલ માર્ગી, દવે નેન્સી, બેઝીક કોર્ષમાં માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી.

# જૂનાગઢ જીલ્લાના ખેડુતોએ I-KHEDUT પોર્ટલમાં કરેલ અરજીના સાધનીક કાગળો તા.૨૦ મે સુધીમાં જમા કરાવવાના રહેશે

જૂનાગઢ, તા.૧૭

બાગાયતદાર ખેડુતો માટે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે **I-KHEDUT** પોર્ટલ **http//ikhedut. gujarat.gov.in** ઉપર તા.૧૨/૩/૨૦૨૪થી ૧૧/૫/૨૦૨૪ સુધી અરજી મંગાવવામાં આવી હતી. જે બાગાયતદાર ખેડુતે વિવિધ ઘટકોમાં સહાય લેવા અરજી કરી હોઈ તેઓએ અરજીની પ્રિન્ટ નકલ સાથે સાધનીક કાગળ જેવા કે નવા ૭-૧૨, ૮-અ આધારકાર્ડ નકલ બેન્ક પાસબુક નકલ અને રદ કરેલ ચેક, જે તે ઘટક માટે બાગાયત વાવેતરની પાણી પત્રક (૧૨ નંબર)માં પાકી નોંધ, જાતિનું પ્રમાણપત્ર (અનું જાતિ), ક્વોટેશન એમ્પેનલ્ડ કંપનીનું, ટપકનો ટ્રાયલ રન રિપોર્ટ વગેરે નકલો લાભ લેવા માંગતા તમામ બાગાયતદાર ખેડુતોએ નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, લઘુકૃષિભવન, નિલમબાગ, તાલુકા સેવા સદનની બાજુમાં જૂનાગઢ ખાતે તા.૨૦/૫/૨૦૨૪ સુધીમાં રૂબરૂ આપવાના રહેશે. વધુ માહિતી માટે (૦૨૮૫) ૨૬૩૫૦૧૯ ઉપર સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા રવિવારે વિનામુલ્યે છાસ વિતરણનો કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢની સેવાભાવી સંસ્થા અને અનેક સેવાકીય કાર્યોમાં સતત અગ્રેસર રહેલી શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉનાળાના આકરા તાપમાં રાહદારીઓને ઠંડક મળે તે હેતુથી વિનામુલ્યે ઠંડી છાસનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે અને આ અંગેનો કાર્યક્રમ આગામી તા.૧૯/૫/૨૦૨૪ રવિવારના રોજ સવારે ૧૧ કલાકે આઝાદ ચોક ખાતેથી ઠંડી છાસનું રાહદારીઓને વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ નરેન્દ્રભાઈ ઘુચલા અને તમામ કાર્યકર્તાઓ, પદાધિકારીઓ દ્વારા જહેમત ઉઠવવામાં આવી રહી છે. માનવ સેવાના આ કાર્યમાં સૌને સહભાગી થવા નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

# પતિનાં ત્રાસથી બે મહિનાથી પિતાને ઘરે રહેતી મહિલાનું સમાધાન કરાવતી કેશોદ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન ટીમ

## અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગ દ્વારા પતિ-પત્નીને સુખદ જીવન જીવવાની નવી રાહ દેખાડી

જૂનાગઢ, તા.૧૭

કેશોદ તાલુકામાં સાસરે રહેતા એક પરિવારની વહુને સાસુ અને પતિ દ્વારા વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતા હતા. આજ રોજ મહિલાને પતિ સાથે સમાધાન કરી જવા માંગતા હોય તેથી મહિલાએ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનમા ફોન કરી મદદ માંગી હતી. કેશોદ ૧૮૧ અભયમ્‌ને કોલ મળતા જ ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી હતી.

મહિલાનું કાઉન્સેલિગ કરતા જાણવા મળ્યું કે, મહિલાને સાસુ અને પતિ કામ બાબતે વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતા હતા. અને પતિ નશાકારક દ્રવ્યોનુ સેવન કરતા હોવાથી સમાજના આગેવાનો દ્વારા સમજવા તૈયાર ન હોય તેથી મહિલા બે મહિનાથી પિતાનાં ઘરે રહેતી હતી. ૧૮૧ કાઉન્સેલર ડાયબેન માવદીયા દ્વારા સાસુ અને પતિને કાયદાકીય માહિતી આપી નશાકારક દ્રવ્યોનુ સેવન શરીર અને પરીવાર માટે હાનિકારક અસરો કરતું હોય તેથી નશાકારક દ્રવ્યોનુ સેવન ના કરવાની સલાહ આપી હતી. બને પક્ષોના ભવિષ્ય અંગે વધુ સક્ષમ બનવા સમજણ આપી હતી. ત્યારે સાસુ અને પતિ પોતાની ભૂલ સ્વીકારી હતી અને ભવિષ્યમાં મહિલા પર શારીરિક અને માનસિક ત્રાસ નહીં આપે. તેવી બાંહેધરી સાથે સમાધાન કરી સુખદ જીવનની શરૂઆત કરવા સહમત થયા હતા. આમ કેશોદ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન દ્વારા વધુ એક પરિવારના સમસ્યાઓનું નિવારણ કરી પતિ પત્નીના પરિવારને જોડીને સરાહનીય કામગીરી કરી હતી.

# ગોપાલ વાડી જોષીપરા ખાતે શ્રી બાલકૃષ્ણ હવેલીનો ૧૪મો પાટોત્સવ યોજાયો



જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ જોષીપરાના ગોપાલવાડી ખાતે આવેલ શ્રી બાલકૃષ્ણ હવેલીનો ૧૪મો પાટોત્સવ તા.૧૪ના ગોપાલવાડી યુવા ગૃપ યોજાયો હતો જે નિમિતે સાંજે ૫:૩૦ કલાકે નંદ ઉત્સવ અને તિલક દર્શન, સાંજે ૬-૦૦ કલાકે મનિષભાઈ વોરા અને ડાયાભાઈ સરસઈ વાળાએ ઢાઢી લીલાની ભવ્ય ઝાખી રજૂ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. આ તકે ૧૦ હજારથી વધારે વેષ્ણવ ભકતોએ સામુહિક પ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે ગો.૧૦૮ શ્રી નવનીતરાયજી વ્રજભુષણલાલજી શ્રીજી દ્વાર, મોટા મંદિર, ઝાંઝરડા રોડ, જૂનાગઢ તરફથી આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા આયોજનને સફળ બનાવવા કિશોરભાઈ સાવલિયા દિલીપભાઈ વણપરીયા કેતનભાઈ હિરપરા પપ્પુ ભાઈ મુખ્યાજી બટુકભાઈ ભરતભાઈ ઉમરેટિયા સહિતના સર્વે મિત્રો અને ગોપાલવાડી યુવા ગૃપ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

## શ્રીનાથગઢ ખાતે લોહાણા પારેખ પરિવારના સુરાપુરા દાદાને આંગણે વિષ્ણુયાગ હવનનું આયોજન

જૂનાગઢ, તા.૧૭

ગોંડલના શ્રીનાથગઢ ખાતે લોહાણા પારેખ પરિવારના સુરાપુરા દાદા વાલજીબાપાના સાનિધ્યમાં આગામી તા.૨૦ મેના મંગળવારે ૨૦માં વિષ્ણુયાગ હવનનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત સવારે ૭:૧૫ વાગ્યે હેમાદ્રી તેમજ ગણપતિ દાદા પૂજન અને ત્યારબાદ સુરાપુરા દાદાનું પૂજન, બપોરે ૧ વાગ્યે બીડુ હોમવામાં આવશે. ત્યારબાદ પ્રસાદ સહિતના કાર્યક્રમ યોજવામાં આવશે. આ ધર્મમય કાર્યક્રમમાં પારેખ પરિવારના તમામ પરિવારજનોએ ઉપસ્થિત રહેવા સમસ્ત પારેખ પરિવાર વતી હરસુખભાઈ હેમચંદભાઈ પારેખે યાદીમાં જણાવ્યું છે.

# શ્રી રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પીટલ રાજકોટ દ્વારા તેમજ જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્યમંદિર જવાહર રોડના સહયોગથી વિનામુલ્યે શ્રી સદગુરૂ નેત્રયજ્ઞ યોજાશે

જૂનાગઢ, તા.૧૭

રાજકોટના પ.પૂ. શ્રી રણછોડદાસબાપુ આશ્રમ દ્વારા જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડના સહયોગ, સહકાર થકી દરમાસની તા.૨૨ ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. કેમ્પનો સમય સવારે ૯-૦૦ થી ૧૧-૩૦ વાગ્યા સુધી. સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ ઉતારા વિભાગમાં હોય છે. તો આ કેમ્પનો મોતિયાના દર્દી ભગવાનએ લાભ લેવા વિનંતી. કેમ્પમાં ડો. સાહેબને બતાવ્યા પછી જો આંખમાં મોતિયો હોય તો કેમ્પના સ્થળથી પ.પૂ. સદ્‌ગુરૂ રણછોડદાસજી, રાજકોટ હોસ્પિટલમાં લઈ જવાની વિનામૂલ્યે સેવા આપવામાં આવે છે. ઓપરેશન ફેકો મશીન દ્વારા ટાંકા વગરનું સારામાં સારા સોફ્ટ ફોલ્ડેબલ લેન્સ (નેત્રમણી) સાથે વિનામૂલ્યે કરી આપવામાં આવશે અને ઓપરેશન થઈ ગયા બાદ. બીજા દિવસે દર્દી ભગવાનને જૂનાગઢ કેમ્પના સ્થળે વિનામૂલ્યે પરત મૂકી જવામાં આવશે. તો આ કેમ્પનો જરૂરીયાત વાળા દર્દીભગવાને લાભ લેવા વિનંતી. આ કેમ્પને સફળ બનાવવા માટે શ્રી બાબુભાઈ ચૌહાણ તથા મનુભાઈ સોની, માધવ સોની, દિલીપ ચૌહાણ, નટુભાઈ ટાંક, વિરમભાઈ મંત્રી, લવજીભાઈ ટાંક, લક્ષ્મીદાસભાઈ ટાંક, રમેશભાઈ મીસ્ત્રી, દિલીપભાઈ મારૂ, રાજુભાઈ ઉનડકટ અને બાલાભાઈ તન્નારાણા સર્વે જહેમત ઉઠાવી રહેલ છે. તો આ કેમ્પનો લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

# જીલ્લા કલેકટર જી.ટી.પંડ્યાની અધ્યક્ષતામાં દેવભૂમિ દ્વારકામાં માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાની માર્ગ સલામતી સમિતિની બેઠક જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર જી.ટી.પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં એક્શન ટેકન રીપોર્ટ અંગે વિવિધ રોડ ઉપર સ્ટ્રીપ મુકવા અંગે, કનેક્ટીંગ રોડ ઉપર બમ્પ મુકવા, એન્ફોર્સમેન્ટ વિશે તથા જનજાગૃતી માટે કરવામાં આવતા વિવિધ કેમ્પો વિશે તેમજ પેચ વર્ક કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર જી.ટી.પંડ્યાએ જણાવ્યું હતું કે, નાગરિકોની સલામતીને કેન્દ્રસ્થાને રાખીને હાઈવે પરથી પસાર થતાં ભારે વાહનો પર રેડિયમ લગાવવા તેમજ હાઈવે પર બ્લેક સ્પોટની ઓળખ કરી જરૂરી રિફ્લેક્ટર તથા સાઈન બોર્ડ લગાવવા અંગે સૂચનો કર્યા હતા. આ ઉપરાંત નાગરિકોને ટ્રાફિક નિયમો અંગે જાગૃત કરવા, લાઈસન્સ તથા હેલ્મેટની ચકાસણી કરવા, આવનાર સમયમાં ચોમાસું આવવાનું હોય જરૂરી રોડ સાયનીગ બોર્ડ લગાવી અને જરૂર પડે ત્યાં રીપેરીંગ કરવા પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા, ખંભાળિયા પ્રાંત અધિકારી કે.કે.કરમટા, નાયબ પોલીસ અધિક્ષક પરમાર, એ.આર.ટીઓ તલસાણીયા સહિત સંલગ્ન વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઓખા નગર પાલિકામાં પ્રમુખ-ઉ.પ્રમુખની ચુંટણી યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૭

ઓખા નગર પાલિકાનાં ૯ વોર્ડ અને ૩૬ બેઠકો છે. ગત સામાન્ય ચૂંટણીમાં અહિં ભાજપને ૩૪ અને કોંગ્રેસને ૨ બેઠકો મળી હતી. પ્રથમ ૨.૫ વર્ષ માટે પ્રમુખની બેઠક અનામત હતી અને આરંભડાને પ્રતિનિધિત્વ મળેલ ઉપરાંત બેટનાં સભ્ય ઉ.પ્રમુખ બનેલ. હવે બાકીનાં ૨.૫ વર્ષ સામાન્ય છે અને તેથી ઓખા અને સુરજકરાડી ને પ્રતિનિધિત્વ મળશે. બીજી ૨.૫ વર્ષ ની ટર્મ માટે આગામી ૨૨ મેનાં રોજ પ્રમુખ અને ઉ.પ્રમુખની ચુંટણી યોજાશે. ઓખા અને સુરજકરાડીને હવે બાકીનાં ૨.૫ વર્ષ માટે પ્રતિનિધિત્વ મળશે અને બન્ને હોદા આ ગામનાં સભ્યોને મળશે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

# જેતપુરના દેવકીગાલોળ ગામે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પ્રારંભ થશે

## ક્યાડા પરિવાર દ્વારા સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ કથાકાર પૂ.રાજુદાદા જાનીના વ્યાસાસને કથા યોજાશે

(રેનિશ મહેતા દ્વારા)



ભેંસાણ, તા.૧૭

જેતપુર તાલુકાના દેવકીગાલોળ ગામે ક્યાડા પરિવાર દ્વારા આજ તા.૧૭ મે થી ૨૩ મે સુધી ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેના વ્યાસાસને સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય પૂ. રાજુદાદા જાની (ભેસાણ વાળા) બિરાજમાન થઈ કથાનું રસપાન કરાવશે. દેવકીગાલોળ ગામે આયોજીત આ સપ્તાહનું આયોજન સ્વ. શામજીભાઈ નરશીભાઈ ક્યાડા અને કમલેશભાઈ શામજીભાઈ ક્યાડાની પૂણ્ય સ્મૃતિમાં કરવામાં આવ્યું છે. આ જ્ઞાનયજ્ઞમાં તા.૧૭ ના રોજ પોથીજીની નગરયાત્રા તા.૧૮ના રોજ કપિલ ભગવાનની જન્મયાત્રા તા.૧૯ ના રોજ નૃસિંહ જન્મ કથા તા.૨૦ના રોજ વામન ભગવાન અને રામ ભગવાન તેમજ કૃષ્ણ ભગવાનની જન્મ કથા અને તા. ૨૧ના રોજ ગિરિરાજ મહોત્સવ અને કૃષ્ણ જન્મોત્સવ સહિતના પ્રસંગો ભાવપૂર્ણ રીતે ઉજવાશે સમગ્ર આયોજનને લઈને ગામમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## અમેરીકામાં બેંકો બંધ પડવાનો સીલસીલો યથાવત

અમેરિકામાં ૨૦૨૩માં ત્રણ બેંકો સિલિકોન વેલી બેંક, સિગ્નેચર બેંક, ફર્સ્ટ રિપબ્લિક બેંક ડૂબી ગઈ હતી અને આ વર્ષે પણ એક બેંક રિપબ્લિક ફર્સ્ટ બેંક ડૂબી ગઈ છે. અમેરિકી અર્થવ્યવસ્થામાં કેન્દ્રીય બેંક, યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં કરવામાં આવેલ વધારાને કારણે બેંકો કાચી પડવાની આ પરેશાની બહુ વધી ગઈ છે. સિલિકોન વેલી બેંકે કેટલાય ટેકનિકલ સ્ટાર્ટઅપ અને ઉદ્યમી મૂડી ફર્મને લોન આપી હતી. આ બેંક પાસે ૨૦૨૨ના અંતમાં ૨૦,૯૦૦ કરોડ ડોલરની સંપત્તિઓ હતી અને તે અમેરિકાની મોટી બેંકોમાં ગણાતી અને હાલના જ સમયમાં ડૂબનારી બેંકોમાં બીજી સૌથી મોટી બેંક માનવામાં આવે છે. આ જ પ્રકારે સિગ્નેચર બેંકે ન્યૂયોર્ક કાનૂની ફર્મ અને અચલ સંપત્તિ કંપનીઓને લોન સુવિધાઓ આપી હતી. આ બેંક પાસે ૨૦૨૨ના અંતમાં ૧૧ હજાર કરોડ ડોલરથી વધુની સંપત્તિ હતી અને અમેરિકામાં હાલના સમયમાં ડૂબનારી મોટી બેંકોમાં ચોથા સ્થાન પર આવે છે. જાન્યુઆરી ૨૦૨૪ સુધીના આંકડા અનુસાર, રિપબ્લિક ફર્સ્ટ બેંકની કુલ સંપત્તિઓ ૬૦૦ક રોડ ડોલર અને જમારાશિ ૪૦૦ કરોડ ડોલર હતી. ન્યૂજર્સી, પેન્સિલ્વેનિયા અને ન્યૂયોર્કમાં બેંકની ૩૨ શાખાઓ હતી, જેમને હવે ફુલ્ટન બેંકની શાખાઓ રૂપે ઓળખવામાં આવશે. કારણ કે ફુલ્ટન બેંકે આ બેંકની સંપત્તિઓ અને જમારાશિને ખરીદી લીધી છે. પીયૂ રિસર્ચ સંસ્થા અનુસાર, ૧૯૮૦ અને ૧૯૯૫ વચ્ચે અમેરિકામાં ૨૯૦૦ બેંકો કાચી પડી હતી. આ બેંકો પાસે સંયુક્ત રૂપે ૨.૨ લાખ કરોડ ડોલરની સંપત્તિ હતી. આ પ્રકારે ૨૦૦૭થી ૨૦૧૪ વચ્ચે અમેરિકામાં ૫૦૦ બેંક, જેની કુલ સંપત્તિ ૯૫,૯૦૦ કરોડ ડોલર હતી, તે કાચી પડી હતી. કહેવાય છેકે વિશેષ પરિસ્થિતિઓને બાદ કરતાં અમેરિકામાં સામાન્ય રીતે બેંકો સફળ નથી થતી. પરંતુ આ સંબંધે અમેરિકાનો રેકોર્ડ તો કોઈ જુદી જ કહાની કહી રહ્યો છે. ૧૯૪૧થી ૧૯૭૯ વચ્ચે અમેરિકામાં સરેરાશ ૫.૩ બેંક દર વર્ષે કાચી પડી. ૧૯૯૬થી ૨૦૦૬ વચ્ચે સરેરાશ ૪.૩ બેંકો દર વર્ષે કાચી પડી અને ૨૦૧૫થી ૨૦૨૨ વચ્ચે સરેરાશ ૩.૬ બેંકો દર વર્ષે નિષ્ફળ ગઈ. ૨૦૨૨માં અમેરિકી બેંકોને ૬૨ હજાર કરોડ ડોલરનું નુક્સાન થયું હતું. તેના પહેલાં ૧૯૨૧થી ૧૯૨૯ વચ્ચે અમેરિકામાં સરેરાશ ૬૩૫ બેંક દર વર્ષે કાચી પડી છે. આ મોટાભાગે નાના આકરની બેંક અને ગ્રામીણ બેંકો હતી અને તે એક જ શાખાવાળી બેંકો હતી. અમેરિકામાં આવેલ ભારે મંદી દરમ્યાન ૧૯૩૦થી ૧૯૩૪ વચ્ચે નવ હજારથી વધુ બેંકો કાચી પડી હતી. તેમાં કેટલાય મોટા આકારના શહેરમાં કાર્યરત બેંકો પણ સામેલ હતી અને એ સમયે આ બેંકોમાં જમાકર્તાઓની ભારે રકમ ડૂબી ગઈ હતી. ૧૯૩૪થી ૧૯૪૦ વચ્ચે અમેરિકામાં સરેરાશ ૫૦.૭ બેંક દર વર્ષે બંધ કરવામાં આવી હતી. અમેરિકામાં આટલી માત્રામાં બેંકો કાચી પડવાનાં કારણોમાં મુખ્ય રૂતે ત્યાં નાની-નાની બેંકોની સંખ્યા ઘણી હોવાનું છે. બેંકોના ગ્રાહક બહુ ભણેલા અને સમજદાર છે. બેંકોમાં આવેલ નાનકડી પરેશાનીમાં પણ તેઓ બેંકમાંથી તરત પોતાની જમા રકમ કાઢવા પહોંચી જાય છે, જ્યારે બેંક દ્વારા આ રકમથી ઊભી કરવામાં આવેલ સંપત્તિને રોકડમાં પરિવર્તિત કરવામાં થોડો સમય લાગે છે. આ દરમ્યાન બેંક જો જમાકર્તાઓને જમારાશિની ચૂકવણી કરવામાં અસફળ રહે છે તો તેને દેવાળિયા જાહેર કરી દેવામાં આવે છે અને આ પ્રકારે બેંકો કાચી પડે છે. કેટલીય વાર બેંકો દ્વારા કરવામાં આવેલ રોકાણની બજારમાં કિંમત ઘટી જાય છે, એનાથી પણ બેંકો પોતાના ગ્રાહકોને જમારાશિ ચૂકવવામાં નિષ્ફળ જાય છે. હાલમાં જ અમેરિકામાં ફુગાવાનો દર નિયંત્રિત કરવાના ઉદ્દેશ્યથી વ્યાજ દરોમાં સતત વધારો કરવામાં આવ્યો છે, જેનાથી આ બેંકો દ્વારા અમેરિકી બોન્ડમાં કરવામાં આવેલ રોકાણની બજારમાં કિંમત ઘણી ઘટી ગઈ. હવે આ બેંકોને બોન્ડમાં રોકાણની બજાર કિંમત ઓછી હોવાના સ્તર સુધી જોગવાઈ કરવાનું કહેવાયું છે અને આ રકમ આ બેંકો પાસે ઉપલબ્ધ જ નથી, જેને કારણે પણ આ બેંકો કાચી પડે છે. એક સર્વેમાં કહેવાયું છે કે આવનાર સમયમાં અમેરિકામાં ૧૯૦ અન્ય બેંકો અસફળ હોવાનો ખતરો તોળાઈ રહ્યો છે, કારણ કે વ્યાજ દરો વધવાથી લોનની માંગ બહુ ઘટી ગઈ છે. વિભિન્ન કંપનીઓએ પોતાના વિસ્તારની યોજનાઓ અટકાવી દીધી છે, તેનાથી નિર્માણની ગતિવિધિઓ પણ ઘટી છે. અમેરિકી કેન્દ્રીય બેંક, ફેડરલ રિઝર્વનું પૂરું ધ્યાન માત્ર ફુગાવાને ઓછું કરવા પર છે અને અમેરિકી અર્થવ્યવસ્થામાં વિકાસ દરને નિયંત્રિત કરવાના પ્રયાસ કરાઈ રહ્યા છે, જેથી અમેરિકી અર્થવ્યવસ્થામાં ઉત્પાદનોની માંગ ઓછી થાય અને ફુગાવાને નિયંત્રણમાં લઈ શકાય. તેને કારણે કેટલીય કંપનીઓ પોતાના કર્મચારીની છટણી કરી રહી છે અને દેશમાં યુવા વર્ગ બેરોજગાર થઈ રહ્યો છે. અમેરિકામાં બેંકો કાચી પડવાની સમસ્યા મુખ્યત્વે ફુગાવાને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્યથી વ્યાજ દરોમાં કરવામાં આવેલ વધારાને કારણે પેદા થઈ છે. અસલમાં ફુગાવાને નિયંત્રિત કરવાના ઉદ્દેશ્યથી ઉત્પાદનોની માંગ ઓછી કરવા માટે વ્યાજ દરોમાં વધારો કરવાને બદલે બજારમાં ઉત્પાદનોની ઉપલબ્ધતા વધારવી જોઈએ, જેથી આ ઉત્પાદનોની કિંમત ઓછી રાખી શકાય. પ્રાચીન ભારતમાં પણ ઉત્પાદનોની ઉપલબ્ધતા પર વિશેષ ધ્યાન આપવામાં આવતું, જેને કારણે ફુગાવાની સમસ્યા ભારતમાં ક્યારેય એટલી નથી રહી. પણ ભારતમાં ઉત્પાદનોની પ્રચુરતાને કારણે સમયે સમયે ઉત્પાદનોની કિંમતો ઘટી રહી છે. ગ્રામીણ વિસ્તારના બજારમાં આસપાસના ગામોમાં રહેતા ગ્રામીણ વેપારીઓ અને ઉત્પાદકો પોતાનાં ઉત્પાદનો વેચવા માટે એકત્રિત થતા હતા, અને સંધ્યા કાળ સુધી જો તેમનાં ઉત્પાદન વેચાય નહીં તો તેઓ તેને ઓછા ભાવે વેચવાનું શરૂ કરી દેતા, જેથી ગામ જતાં પહેલાં તેનો બધો સામાન વેચાઈ જાય અને તેને પાછો ગામ સુધી ન લઈ જવો પડે. આ રીતે વિભિન્ન ઉત્પાદનોના ભારતીય બજારોમાં માંગથી વધુ પૂરવઠો રહેતો હતો. તેથી ઉત્પાદનોની અછતને સ્થાને ઉત્પાદનોની પ્રચુર માત્રામાં ઉપલબ્ધતા પર ધ્યાન આપવામાં આવતું હતું, એનાથી પ્રાચીન ભારતીય ગ્રંથોમાં ફુગાવાનો ઉલ્લેખ નથી મળતો. બીજું, મૂડીવાદી અર્થવ્યવસ્થામાં આર્થિક મોડેલ અને નિયમો બહુ જટિલ બનાવી દેવામાં આવ્યા છે. એનાથી પણ કેટલાય પ્રકારની આર્થિક સમસ્યાઓ ઊભી થઈ રહી છે, જેનો હલ વિકસિત દેશો નથી કાઢી શકતા.

### શંકરસિંહ આદરણીય, પરંતુ આંદોલન અંગે તેમને અધિકાર નહીં

# આંદોલન હાલ સ્થગિત રાખવાની ક્ષત્રિય સંકલન સમિતિની જાહેરાત

### ક્ષત્રિય સમાજે ડંકાની ચોટ પર ભાજપ સામે મતદાન કર્યું

### પરિણામની ચિંતા કર્યા વગર અમે અમારી લડત લડ્યા

રાજકોટ, તા.૧૭

રાજકોટ લોકસભા મતવિસ્તારમાં ક્ષત્રિયોએ પરશોત્તમ રુપાલા વિરુદ્ધ મતદાન કર્યું છે. ક્ષત્રિયોની સાથેસાથે અન્ય સહયોગી સમાજે રાજકોટ બેઠક પર ૮૦ ટકા મતદાન કર્યું છે. રુપાલા સામેનું આંદોલન હાલમાં સ્થગિત કરવામાં આવે છે. ક્ષત્રિય સમાજ અન્ય સમાજે કરેલા ભાજપ વિરુદ્ધના મતદાનથી પરશોત્તમ રુપાલા રાજકોટ બેઠક પરથી હારશે તેવો વિશ્વાસ સંકલન સમિતિના કરણસિંહે વ્યક્ત કર્યો હતો.

કરણસિંહે વધુમાં કહ્યું હતું કે, અત્યારે અમે આંદોલનને વિરામ આપી રહ્યા છીએ. અમારા અગ્રણીઓને રંજાડવામાં આવશે તો અમે ફરીવાર આક્રમક થઈ સામે આવીશું. શંકરસિંહ વાઘેલાએ આંદોલન પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી, શંકરસિંહ વાઘેલા અમારા આદરણીય જરૂર છે, પરંતુ આંદોલન અંગે અધિકાર એમનો નથી. સમાજમાં કોઈ દ્વિધા ઉભીના થાય એટલે આજે સ્પષ્ટતા કરાઈ રહી છે. ક્ષત્રિય સમાજે ડંકાની ચોટ પર ભાજપ સામે મતદાન કર્યું છે. પરિણામની ચિંતા કર્યા વગર અમે અમારી લડત લડ્યા છીએ. જય પરાજયની ચિંતા કર્યા વગર લડત લડ્યા છીએ. ક્ષત્રિય સમાજે સહયોગી સમાજ સાથે ૮૦ ટકા મતદાન કર્યું છે.

વસ્તીના પ્રમાણમાં પ્રતિનિધિત્વ આપવામાં આવે તેવી માંગ ચૂંટણી સમયે કરીશું. જે બેઠક પર ક્ષત્રિય સમાજની વસ્તી વધુ હશે ત્યાં બંને પાર્ટીઓ પાસે ટીકીટ માંગીશુ. રૂપાલાએ મતદાન બાદ માંગેલી માફી અંગે પણ સંકલન સમિતિની બેઠકમાં ચર્ચા થઈ છે. આ બાબતને કોર કમિટી અને અન્ય સંસ્થાઓ વચ્ચે મૂકવામાં આવશે. તમામ સંસ્થાઓ નક્કી કરી માફી અંગે નિર્ણય કરવામાં આવશે.

### MLAના પત્ર બાદ પણ સ્થિતિમાં કોઈ સુધારો નહીં

# સુરતમાં વહેલી સવારથી જ આવકના દાખલા માટે લાંબી લાઈન લાગી

### સરકારે નાગરિક સુવિધા કેન્દ્રો લોકોની સુવિધા માટે બનાવ્યા છે, ત્યારે અહીં લોકોને ભારે અસુવિધા ભોગવવાનો વારો આવી રહ્યો છે

સુરત,તા.૧૭

સુરતમાં વહીવટી સુવિધાને લઈને લોકોને ખૂબ જ તકલીફો ભોગવવી પડી રહી છે. સરકારે નાગરિક સુવિધા કેન્દ્રો લોકોની સુવિધા માટે બનાવ્યા છે, ત્યારે અહીં લોકોને ભારે અસુવિધા ભોગવવાનો વારો આવી રહ્યો છે. લોકોએ પોતાની નોકરી છોડીને લાઈનમાં ઉભું રહેવું પડી રહ્યું છે. સુરતમાં વહેલી સવારથી જ આવકના દાખલા માટે સુવિધા કેન્દ્ર પર લાંબી લાઈન લાગી ગઈ છે. લોકોએ આવકનો દાખલો મેળવવા માટે ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. આવકનો દાખલો મેળવવા માટે લોકો સવારે પાંચ વાગ્યાથી જ લાઈનમાં ઉભા છે. ટોકન લેવા માટે તેમને વહેલી સવારથી જ લાઈનમાં ઉભા રહેવું પડી રહ્યું છે. લોકો પોતાની રોજગારી છોડી લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. જણાવી દઈએ કે રાઈટ ટૂ એજ્યુકેશન અંતર્ગત પ્રાઈવેટ સ્કુલમાં જરૂરિયાતમંદ બાળકોને એડમિશન લેવા માટેની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. આ માટે વાલીઓની આવકનો દાખલો પણ આપવો પડે છે. ત્યારે આ આવકનો દાખલો મેળવવા માટે આજે વહેલી સવારથી જ વાલીઓ સુવિધા કેન્દ્ર પર લાઈન લગાવીને ઉભા છે. ટોકન લેવા માટે વહેલી સવારે જાગી લાઈનમાં ઉભા રહેવું પડે છે ત્યારે ગરમીમાં પણ કોઈ વધારાની વ્યવસ્થા તંત્રે ન કરી હોવાને કારણે લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અસહ્ય ગરમીમાં લોકોને પોતાના બાળકો સાથે આવકના દાખલા અને જાતિના દાખલા લેવા માટે લાઈનમાં ઉભા રહેવું પડી રહ્યું છે. ત્યારે ભારે અવ્યસ્થાના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. લાઈનમાં ઉભા રહેલા લોકોનું કહેવું છે કે લોકોએ જાતિનો દાખલો મેળવવા માટે વારંવાર ધક્કા ખાવા પડી રહ્યા છે, બે-ત્રણ દિવસે પણ આવકના દાખલા મળતા નથી. એજન્ટ પ્રથાથી પણ લોકો પરેશાન થઈ ગયા છે. લાંબી લાઈનમાં ઉભા રહ્યા પછી પણ લોકોનો વારો આવી રહ્યો નથી. બારી પણ મોડી ખુલે છે, અઠવાડિયામાં બે દિવસ જ આવકનો દાખલો મળે છે, જેના કારણે લોકોએ તેમના બાળકો સાથે ઘણું હેરાન થવું પડી રહ્યું છે. સાથે જ જો કોઈ ડોક્યુમેન્ટ ન હોય તો પાછા મોકલી દેવામાં આવે છે અને સરખી રીતે ગાઈડ કરવામાં આવતા નથી. કોઈ કામ સિસ્ટમ પ્રમાણે ચાલી રહ્યું નથી. જેથી લોકોએ ભારે હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે વરાછાનાં ધારાસભ્ય કુમાર કાનાણીએ આવકના દાખલા માટે વ્યવસ્થા કરવા કલેકટરને પત્ર લખ્યો હતો. તેમણે સરકારી કામગીરી પર સવાલ ઉઠાવ્યા હતા. ધારાસભ્યના પત્ર બાદ પણ સ્થિતિમાં સુધારો આવ્યો નથી. આવકના દાખલા માટે હજુ પણ વાલીઓને હાલાકી પડી રહી છે. આવકનો દાખલો કઢાવવા અરજદારોને હેરાનગતિ ભોગવવી પડે છે. વ્યવસ્થામાં સુધારો લાવવા કુમાર કાનાણીએ કલેકટરને પત્ર લખી રજૂઆત કરી છે કે વાલીઓ સવારે પાંચ વાગ્યાથી લાઈનમાં ઉભા રહે છે, ટોકન લેવા માટે વહેલી સવારે જાગી લાઈનમાં ઉભા રહેવું પડે છે, લોકો એજન્ટ પ્રથાથી પરેશાન છે. ધારાસભ્યના પત્ર બાદ પણ વ્યવસ્થામાં કોઈ સુધારો કરવામાં આવ્યો નથી.

### રાજકોટના કરોડપતિ પરિવારમાં થયો વાસનાનો ખેલ

# સાસુ-સસરાએ પુત્ર-પુત્રવધૂની અંગત પળોની વેબસાઈટ લાઈવ કરી

### હાઈકોર્ટે આરોપી પતિ અને સાસુ-સસરાની ક્વોશઈંગ પિટિશન ફગાવી છે સાથે જ કેટનો ખટલો પણ ઝડપી ચલાવવા ટ્રાયલ કોર્ટને હુકમ કર્યો છે

રાજકોટ,તા.૧૭

રાજકોટની એક ઘટનાએ સૌના કાન સરવા કરી દીધા હતા. પુત્રવધુ અને પુત્રના અંગતપળોના વિડીયો સાસુ-સસરા ઉતારી વેબસાઈટ ઉપર ચડાવતા હતા. પતિ અને સસરા રૂપિયા કમાવવાની લાલચે વેબસાઈટ ઉપર વિડીયો અપલોડ કરતા હતા. પુત્રવધુના સેક્સ વીડિયો વેબસાઈટમાં અપલોડ કરી ક્રીપટો કરન્સી માધ્યમથી રૂપિયા કમાવાતા હતા. ત્યારે આ કેસમાં હવે હાઈકોર્ટે લાલ આંખ કરી છે. હાઈકોર્ટે આરોપી પતિ અને સાસુ-સસરાની ક્વોશઈંગ પિટિશન ફગાવી છે. સાથે જ કેટનો ખટલો પણ ઝડપી ચલાવવા ટ્રાયલ કોર્ટને હુકમ કર્યો છે. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી કન્સેન્ટ ક્વોશીંગ પિટિશન જસ્ટિમ હસમુખ ડી સુથાર દ્વારા આકરા વલણ સાથે ફગાવી દેવાઈ છે. ક્વોશિંગ પિટિશન એટલે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયું હોવાથી ફરિયાદ રદ કરવા માટેની અરજી. આ કેસ સભ્ય સમાજ અને સંસ્કૃતિને વિપરિત અસર કરતો હોવાથી અને સામાજિક-આર્થિક ગુનો હોવાથી જસ્ટિસ હસમુખ ડી.સુતારે તેને રદ કરવાનો ઈક્રાર કર્યો છે. હાઈકોર્ટે આ કેસમાં આકરું વલણ દાખવ્યું છે. હાઈકોર્ટે નોંધ્યું કે, આરોપીઓના ગુનાહિત કૃત્યને પીડિતાના જીવનના મૂળ, સ્વતંત્રતા અને ગરિમાને હચમચાવી નાંખે છે. હાઈકોર્ટે કહ્યું કે, પુત્રવધુના અંતરંગ દ્રષ્યો વાયરલ કરનારા સાસુ-સસરા, પતિ સામે કેસ ચલાવો. હાઈકોર્ટે કહ્યું કે, આરોપી પતિ અને સસરાએ માત્ર પોતાના અંગતસ્વાર્થ અને લાભ માટે પૈસા કમાવવાના હેતુથી પીડિતાનું શોષણ કરીને નગ્ન ફોટા અને પોર્ન વીડિયો બનાવ્યા હતા. આરોપીઓની ગુનાહિતતાના કારણે પીડિતાની ગરિમાનું હનન થયું છે. આરોપીઓને આ વાત ખબર હતી. છતા તેમણે આવું કૃત્ય કર્યું. આરોપીઓનું આ કૃત્ય સ્ત્રના સન્માનને આઘાત પહોંચાડે છે. ભારતીય સંસ્કૃતિ અને સમાજમાં સ્ત્રીનો આદર સન્માન હોય છે. સ્ત્રની ગરિમાને હનન કરતું કોઈપણ કૃત્ય એ માત્ર ગંભીર જ નથી, પરંતું નૈતિક રીતે ખોટું પણ છે. આજના સમયમાં મહિલાની સુરક્ષા અને સલામતીના પ્રશ્નો અને મહિલાઓ વિરુદ્ધના સેક્સ્યુઅલ ગુનાઓ પણ નોંધાઈ રહ્યા છે. ભારત સરકારે મજબૂત કાયદા બનાવ્યા છે. આ કાયદાઓની અસરકારક અમલવારી થાય તે ખૂબ જરૂરી છે. પ્રસ્તુક કેસમાં આરોપી પતિ, સસરા અને સાસુએ તેમની પત્ની અને પુત્રવધૂ સાથે ગંદુ વર્તન કર્યું છે. આરોપીઓની વિરુદ્ધનો ગુનો સમાજ અને સંસ્કૃતિને વિપરીત અસર કરનારો સામાજિક આર્થિક ગુનો છે. સભ્ય સમાજમાં ગૃહલક્ષ્મી તરીકે સન્માનિત થતી પુત્રવધુનું રક્ષણ કરવાની નૈતિક જવાબદારી અદા કરવામાં આરોપી પતિ, સાસુ અને સસરાના નિષ્ફળ રહ્યાં છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સૌ સાથે વેર બાંધો પરંતુ પડોશી સાથે કદાપી વેર ન બાંધો..

- ઈમર્સન

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૯ શ્રી હરિ જયંતિ તા.૧૭ મે ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૮, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, વ્યાઘાત યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬ઃ૧૦, સૂ.અ.૭ઃ૨૫


આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), પરોઢે ૪ઃ૦૪ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ મુંઝવણમાંથી માર્ગ મળે, કાર્યબોજ હળવો થાય, નાણાંકીય લાભ મળે.
વૃષભઃવાદવિવાદથી દૂર રહેવું, અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
મિથુનઃસંતાન અંગેની ચિંતા દૂર થાય, આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
કર્કઃ નવિન લાભની તક સાંપડશે, નવા આર્થિક આયોજનોને સફળતાથી પાર પાડી શકશો.
સિંહઃ વ્યવસાયિક કાર્યોમાં સફળતા મળે, પારિવારીક જીવનમાં આનંદ રહે.
કન્યાઃ અગત્યના કાર્યમાં રૂકાવટ આવે, આરોગ્ય બાબતે ચિંતા અનુભવી શકાય.
તુલાઃ મનની મુરાદ બર ન આવે, કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
વૃશ્ચિકઃપ્રિયજન સાથે ચકમક ઝરે, મનમાં મૂંઝવણ રહે.
ધનઃ માનસિક શાંતિમાં વધારો થાય, કાર્યક્ષેત્રમાં યશની પ્રાપ્તિ થાય.
મકરઃ આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે, પડવાકજ-વાગવાથી સંભાળવું.
કુંભઃ નવિન શુભ સમાચાર મળે, સામાજિક ક્ષેત્રે માન-પ્રતિષ્ઠામાં વધારો થાય.
મીનઃ પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ નીવળે, ગૃહવિવાદ અંગે સંભાળવું.

## ઉના : ઝૂડવડલી પ્રાથમિક શાળાનું ગૌરવ



(નિરવ ગઢીયા દ્વારા) ઉના, તા.૧૭

તાજેતરમાં લેવાયેલ CET પરીક્ષામાં ઝુડવડલી પ્રાથમિક શાળાના ધોરણ-૫ માં અભ્યાસ કરતા સાર્થક સંજયભાઈ રામાણીએ ૯૬ માર્કસ અને ક્રિશા રમેશભાઈ ધડુક એ ૯૭ માર્કસ મેળવી શાળાનું નામ રોશન કરેલ છે.ગત વર્ષમાં પણ ૭ બાળકો મેરીટમાં સ્થાન પામેલ અને આ વખતે પણ આ બન્ને બાળકો સહિત ૫ બાળકો મેરીટમાં સ્થાન પામશે તે બદલ શાળા પરિવાર તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## :: ફોટો આર્ટ ગેલેરી ::

### ચૂંટણી અધિકારીએ નાસિકમાં મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેના સામાનની તપાસ કરી



ચૂંટણી અધિકારીઓ નાસિકમાં મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેના સામાનની તપાસ કરી હતી.

### મુંબઈનું ઘાટકોપરનું હોર્ડીંગ પ્રકરણ



મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં એક વિશાળ હોર્ડિંગ પડ્યું હતું. જેમાં ૧૬ લોકો માર્યા ગયા અને ૭૫ અન્ય ઘાયલ થયા હતા, તે તેના થાંભલાના નબળા પાયાને કારણે હતું તેમ અધિકારીઓએ જણાવ્યું છે.

### પ્રતિષ્ઠીત શિવાજી પાર્ક



પ્રતિષ્ઠિત શિવાજી પાર્ક જ્યાંથી બાળાસાહેબ તેમનું સુપ્રસિદ્ધ દશેરાનું સંબોધન આપતા હતા હવે આજે નરેન્દ્ર મોદીના સંબોધન માટે તૈયાર છે.

### રશિયાના રાષ્ટ્રપતિ ચીન પહોંચ્યા



રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બે દિવસીય રાજ્ય મુલાકાત માટે ચીન પહોંચ્યા જેમાં યુક્રેન, એશિયા, ઉર્જા અને વ્યાપાર પર વિગતવાર વાટાઘાટોનો સમાવેશ થાય છે.

# રાજ્યમાં RTEના બીજા રાઉન્ડમાં ૩૬૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ : ૨૨૩૩ બેઠકો ખાલી

## વાલીઓએ ૨૦ મે સુધીમાં શાળામાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે

અમદાવાદ, તા.૧૭

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત પ્રથમ રાઉન્ડના અંતે ખાલી પડેલી




૮૫૬૩ બેઠકો માટે બીજા રાઉન્ડની પ્રવેશની ફાળવણી કરવામાં આવી છે, જેમાં ૩૬૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. બીજા રાઉન્ડની કાર્યવાહી બાદ ૨૨૩૩ બેઠકો ખાલી પડી હોવાનું જાણવા મળે છે. બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે, તેમણે ૨૦ મે સુધીમાં શાળામાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાના રહેશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, RTEમાં પ્રવેશ માટે કાર્યાહી હાથ ધરાઈ હતી. જેમાં ચાલુ વર્ષે રાજ્યની ૯૮૨૮ પ્રાથમિક સ્કૂલોની ૪૫૧૭૦ જેટલી બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર રાજ્યમાંથી ૨૩૫૩૮૭ જેટલા ફોર્મ ભરાયા હતા. ચકાસણી દરમ્યાન ૨૦૯૪૪ ફોર્મ અમાન્ય રહેતા તેમને ખુટતા ડોક્યુમેન્ટ સબમીટ કરવા માટેની મુદત આપવામાં આવી હતી. આ દરમ્યાન ૮૭૩૪ જેટલા અરજદારોએ ખુટતા ડોક્યુમેન્ટ સબમિટ કર્યા હતા. તમામ ફોર્મની ચકાસણીના અંતે ૧૭૨૬૭૫ જેટલા ફોર્મ માન્ય રહ્યા હતા. ત્યારબાદ શિક્ષણ વિભાગ દ્વારા પ્રથમ પ્રવેશ ફાળવણી કરવામાં આવી હતી, જેમાં પ્રથમ રાઉન્ડમાં ૩૯૯૭૯ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. આમ, પ્રથમ રાઉન્ડની ફાળવણીના અંતે ૫૧૯૧ જગ્યાઓ પસંદગીના અભાવે ખાલી પડી હતી. ઉપરાંત પ્રવેશ ફાળવણી બાદ ૩૯૯૭૯ વિદ્યાર્થીઓ પૈકી ૩૬૬૦૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા હતા. જ્યારે ૩૩૭૨ બેઠકો ખાલી પડી હતી. આમ, પ્રવેશની ફાળવણી વખતે અને પ્રવેશ કન્ફર્મ કરાવ્યા બાદ કુલ ૮૫૬૩ બેઠકો ખાલી પડી હતી. આ ખાલી પડેલી બેઠકો માટે હવે શિક્ષણ વિભાગ દ્વારા બીજા રાઉન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૩૨૭૦૪ વાલીઓને ૩ મે, ૨૦૨૪થી ૮ મે, ૨૦૨૪ સુધી શાળાઓની પુર્નઃ પસંદગીની તક અપાઈ હતી. જેમાંથી ૭૫૮૫૩ વાલીઓએ શાળાની પુર્નઃ પસંદગી કરી હતી. જ્યારે ૫૬૮૫૧ વાલીઓએ પ્રથમ રાઉન્ડ માટે ભરેલા ફોર્મને માન્ય રાખ્યા હતા. આમ, બીજા રાઉન્ડની કાર્યવાહીમાં શિક્ષણ વિભાગ દ્વારા પ્રવેશની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ખાલી પડેલી ૮૫૬૩ બેઠકો પૈકી ૩૬૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જ્યારે પ્રવેશની ફાળવણી બાદ ૨૨૩૩ જગ્યા ખાલી રહેવા પામી છે. જે વિદ્યાર્થીઓને બીજા રાઉન્ડમાં પ્રવેશ મળ્યો છે તેમણે ૨૦ મે સુધીમાં શાળામાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે.

# ધોરણ-૧૨ સાયન્સની પુરક પરીક્ષા માટે રજિસ્ટ્રેશન શરૂ : ૨૧મી સુધી કરી શકાશે

અમદાવાદ, તા.૧૭

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સની પુરક પરીક્ષા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરી છે. સાયન્સમાં ગમે તેટલા વિષયમાં નાપાસ કે ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકશે. ઉપરાંત આ વખતે પાસ થયેલા વિદ્યાર્થીઓ પોતાનું પરિણામ સુધારવા માટે પણ પુરક પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પુરક પરીક્ષા માટે ૨૧ મે સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૧૧ માર્ચથી ૨૨ માર્ચ દરમ્યાન લેવામાં આવી હતી. આ પરીક્ષાનું તાજેતરમાં ૯ મેના રોજ પરિણામ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે. સાયન્સની માર્ચ માસમાં લેવામાં આવેલી પરીક્ષામાં એક કે તેના કરતા વધુ વિષયમાં વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હોય અથવા તો એક કે તેના કરતા વધુ વિષયોમાં વિદ્યાર્થીઓ નાપાસ થયા હોય તેમના માટે શિક્ષણ બોર્ડ દ્વારા પુરક પરીક્ષા લેવામાં આવનાર છે. આ ઉપરાંત ધોરણ-૧૨ સાયન્સમાં વિદ્યાર્થી પાસ થયેલો હાય પરંતુ પરિણામથી સંતુષ્ટ ન હોય અને પરિણામ સુધારવા માંગતા હોય તેઓ પણ પુરક પરીક્ષા આપી શકશે. ધોરણ-૧૨ સાયન્સની પૂરક પરીક્ષા માટેના આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઈટ ઉપરથી ઓનલાઈન કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફક્ત ઓનલાઈન માધ્યમથી જ કરવાની રહેશે. આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વિકારવાની પદ્ધતિ અમલમાં ન હોવાથી વિદ્યાર્થીઓની યાદી બોર્ડને મોકલવાની રહેતી નથી. પરીક્ષા માટેના આવેદન તથા ફી ભરવાની કામગીરી મંગળવારના રોજ સાંજે ૪ વાગ્યાથી શરૂ કરવામાં આવી છે અને ૨૧ મે સાંજના ૫ વાગ્યા સુધી ઓનલાઈન આવેદન કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ધોરણ-૧૨ સાયન્સની પૂરક પરીક્ષામાં કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારે પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલી છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ તેમણે રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

# ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમની SIT તપાસ માટે સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજીની યાદીની NGOએ માંગણી કરી

## સુપ્રીમ કોર્ટે પ્રશાંત ભૂષણની અરજીને વહેલી તકે સુનાવણી માટે સૂચિબદ્ધ કરવાની રજૂઆતોની નોંધ લીધી હતી

(એજન્સી) તા.૧૭

તા.૧૪ મેના રોજ બે એનજીઓએ સુપ્રીમ કોર્ટને રાજકીય પક્ષો, કોર્પોરેટ સંસ્થાઓ અને તપાસ એજન્સીઓના અધિકારીઓને ચૂંટણી બોન્ડ યોજનામાં સામેલ કરવા ‘સ્પષ્ટ ક્વિડ પ્રો ક્વો’ના ઉદાહરણોમાં SIT (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) દ્વારા કોર્ટ તરફથી દેખરેખ હેઠળની તપાસની માંગ કરતી તેમની પીઆઈએલને ઉપર જપ્ત કરવામાં આવી છે. તે સૂચિબદ્ધ કરવામાં આવશે.’ EC દ્વારા પ્રકાશિત માહિતી અનુસાર, પાંચ જજની બંધારણીય બેન્ચે ૧૫ ફેબ્રુઆરીએ ભાજપ સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી બેનામી રાજકીય ભંડોળની ચૂંટણી બોન્ડ યોજનાને રદ કરી દીધી હતી. તેને ‘કૌભાંડ’ ગણાવીને એનજીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં અધિકારીઓને ‘શેલ કંપનીઓ અને ખોટ સૂચિબદ્ધ કરવા વિનંતી કરી હતી. ન્યાયાધીશ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તાની બનેલી ખંડપીઠે એનજીઓ ‘કોમન કોઝ’ અને સેન્ટર ફોર પબ્લિક ઈન્ટરેસ્ટ લિટીગેશન (CPIL) માટે હાજર રહેલા વકીલ પ્રશાંત ભૂષણની અરજીને વહેલી તકે સુનાવણી માટે સૂચિબદ્ધ કરવાની રજૂઆતોની




નોંધ લીધી હતી. ન્યાયાધીશ ખન્નાએ ભૂષણને જણાવ્યું કે, ‘CJIની ઓફિસ જેના કરતી કંપનીઓ’ના ભંડોળના સ્ત્રોતની તપાસ કરવા માટે નિર્દેશની માંગ કરવામાં આવી છે જેમણે વિવિધ રાજકીય પક્ષોને દાન આપ્યું હતું. પિટિશનમાં અધિકારીઓ પાસેથી ‘ક્વિડ પ્રો ક્વો વ્યવસ્થા’ના ભાગરૂપે કંપનીઓ દ્વારા દાનમાં આપવામાં આવેલા નાણાંની વસૂલાત કરવા માટેના નિર્દેશની પણ માંગ કરવામાં આવી છે જ્યાં આ ગુનાની કાર્યવાહી હોવાનું જણાયું છે.

# લોકસભા ચૂંટણી ૨૦૨૪ પછી તરત જ તમારૂં મોબાઈલ બિલ ૨૫ ટકા વધી શકે છે

મુંબઈ તા.૧૭

આગામી સામાન્ય ચૂંટણી બાદ દેશભરના મોબાઈલ ફોન વપરાશકર્તાઓએ ટૂંક સમયમાં તેમના બિલમાં વધારો સહન કરવો પડશે. ટેલિકોમ કંપનીઓ તાજેતરના વર્ષોમાં ટેરિફમાં વધારાના ચોથા રાઉન્ડ માટે તૈયારી કરી રહી છે, જે એક એવા પગલાનો સંકેત આપે છે જે તેમની વપરાશકર્તા દીઠ સરેરાશ આવક (ARPU)ને નોંધપાત્ર રીતે પ્રોત્સાહન આપશે. ETના અહેવાલ મુજબ, ટેલિકોમ ઓપરેટરો અંદાજે ૨૫ ટકાના નોંધપાત્ર વધારાને અમલમાં મૂકવાનો અંદાજ છે, જે તેને સ્થિર સ્પર્ધાત્મક લેન્ડસ્કેપ, 5G ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ભારે રોકાણ પછી નફાકારકતા વધારવાની આવશ્યકતા માટે જરૂરી છે. ૨૫ ટકાના વધારાની સંભાવના છે



અને અહેવાલ સૂચવે છે કે, તે શહેરી અને ગ્રામીણ બંને વપરાશકર્તાઓ માટે હોવું જોઈએ. નોંધનીય છે કે, ટેલિકોમ સેવાઓ ઉપરના ખર્ચમાં વધારો હાલના ૩.૨ ટકાની સરખામણીએ શહેરી પરિવારોના કુલ ખર્ચના ૩.૬ ટકા થવાની ધારણા છે. તેવી જ રીતે ગ્રામીણ ગ્રાહકો માટે, આ આંકડો વર્તમાન ૫.૨ ટકાથી વધીને ૫.૯ ટકા થવાની ધારણા છે. આ રેટમાં અપેક્ષિત ઉછાળો ટેલિકોમ ઓપરેટરો માટે ARPUમાં નોંધપાત્ર ૧૬ ટકા વૃદ્ધિ કરશે એવો અંદાજ છે. ટેરિફ એડજસ્ટમેન્ટના આધારે, એક્સિસ કેપિટલ ભારતી એરટેલ માટે રૂા.૨૯ અને Jio માટે રૂા.૨૬ ના વધારાનો અંદાજ છે. આ ઓપરેટરો પેકમાં ટેરિફ સુધારણા દ્વારા ૫૨ ટેક્નોલોજીમાં તેમના મૂડી ખર્ચ (કેપેક્સ) રોકાણોને સંતુલિત કરશે. દક્ષિણ એશિયા ખાતે TMT ઉદ્યોગના અગ્રણી પીયુષ વૈશ ARPUમાં ૧૦-૧૫ ટકાના વધારાની અપેક્ષા રાખે છે, આ કેલેન્ડર વર્ષના અંત સુધીમાં ગ્રાહક દીઠ આશરે રૂા.૧૦૦નો વધારો થશે. ટેરિફમાં વધારો થવા છતાં ઉપભોક્તાની સંખ્યા એક નોંધપાત્ર પરિબળ છે. જ્યાં સુધી વપરાશકર્તાઓને હાઈ-સ્પીડ કનેક્ટિવિટી મળશે ત્યાં સુધી તેઓ ટેલિકોમ સેવાઓ સાથે સંકળાયેલા વધેલા ખર્ચને સહન કરશે. આ ગ્રાહકો તેમના વર્તમાન પ્રદાતાઓ સાથે રહે તેવી શક્યતા છે. વિશ્લેષકોનું અનુમાન છે કે, વાયરલેસ પેકના ભાવ વધારાના પ્રાથમિક લાભાર્થીઓ તરીકે ભારતી એરટેલ અને જિયો છે. તેમના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિસ્તૃત નેટવર્ક કવરેજ સાથે, આ ટેલિકોમ જાયન્ટ્સ તેમની બજારની સ્થિતિને વધુ મજબૂત કરીને વધેલા ટેરિફનો લાભ લેશે.

# મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ કરવા માટે રિટર્નિંગ ઓફિસરો શા માટે ચાવીરૂપ છે

## ભારતની ચૂંટણી પ્રક્રિયા અનેક તબક્કાઓમાંથી પસાર થાય છે સૂચના, નામાંકન, પ્રચાર, મતદાન, પરિવહન, સંગ્રહ, ગણતરી અને પરિણામોની ઘોષણા, EC દ્વારા સૂચના આપવામાં આવે છે અને ઉમેદવારો પ્રચાર કરે છે અને બાકીની કામગીરી RO જ કરે છે

નવી દિલ્હી તા.૧૭

ભારતીય ચૂંટણી પ્રણાલીમાં ભારતીય ચૂંટણી પંચ (ECI) સંસદ અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓની ‘સુપ્રિટેન્ડન્સ, દિશા અને નિયંત્રણ’ માટે જવાબદાર છે જ્યારે તે દરેક મતવિસ્તારમાં રિટર્નિંગ ઓફિસર (RO) છે જે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ યોજવામાં વાસ્તવિક મહત્વ ધરાવે છે.

આરઓ વૈધાનિક સત્તાધીશ છે; લોકોના પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૨૪ નીચે મુજબ છેઃ ‘રિટર્નિંગ ઓફિસરની સામાન્ય ફરજ- આ અધિનિયમ અને તેના હેઠળ બનાવેલા નિયમો અથવા આદેશો દ્વારા પ્રદાન કરવામાં આવેલ રીતે.’ કોઈપણ ચૂંટણી વખતે ચૂંટણીને અસરકારક રીતે હાથ ધરવા માટે જરૂરી હોય તેવા તમામ કાર્યો અને વસ્તુઓ કરવી તે રિટર્નિંગ ઓફિસરની સામાન્ય ફરજ રહેશે.

લગભગ તમામ આરઓ જિલ્લા કલેક્ટર/મેજિસ્ટ્રેટ છે જે ભારતીય વહીવટી સેવા (IAS)ના સભ્યો છે. સેવામાં પ્રવેશ કરતી વખતે તે બધા આ ગૌરવપૂર્ણ શપથ લે છેઃ ‘હું શપથ/ગંભીરપણે પ્રતિજ્ઞા કરૂં છું કે, હું ભારત અને કાયદા દ્વારા સ્થાપિત ભારતના બંધારણ પ્રત્યે વફાદાર રહીશ અને સાચી નિષ્ઠા રાખીશ કે હું ભારતની સાર્વભૌમત્વ અને અખંડિતતાને જાળવી રાખીશ અને હું મારી ઓફિસની ફરજો નિષ્ઠાપૂર્વક, પ્રમાણિકતાથી અને નિષ્પક્ષતાથી નિભાવીશ.’

સુપ્રીમ કોર્ટના ચુકાદાઓની શ્રેણીએ પ્રસ્થાપિત કર્યું છે કે, ‘મુક્ત અને ન્યાયી ચૂંટણી’ એ લોકશાહીનો સાર છે અને બંધારણનું મૂળભૂત માળખું છે. તેથી આવી ચૂંટણીઓ યોજવી એ આ શપથને જાળવી રાખવા માટે IAS અધિકારીની સૌથી મોટી લિટમસ ટેસ્ટ છે.

**હવે શપથ લેવાનો મામલો કેમ સામે આવ્યો ? :-** લગભગ ૪૭ વર્ષ પહેલાં હું ૧૯૭૭ની સામાન્ય ચૂંટણી દરમ્યાન ઉત્તર ભારતના એક મહત્ત્વપૂર્ણ મતવિસ્તારનો આરઓ હતો, જે રાષ્ટ્રીય કટોકટી પછી તંગ વાતાવરણમાં યોજાઈ હતી જ્યારે વડાપ્રધાન ઈન્દિરા ગાંધી રાજ કરી રહ્યા હતા. ચૂંટણીમાં મુખ્ય મુદ્દો લોકશાહી વિરુદ્ધ નિરંકુશતાનો હતો અને લોકોએ પસંદગી કરવાની હતી. આ માટે ચૂંટણી સંપૂર્ણપણે મુક્ત અને ન્યાયી હોવી જોઈએ અને તે સુનિશ્ચિત કરવાનું કામ ECIનું હતું. મુખ્ય ચૂંટણી કમિશ્નર (CEC) તરીકે ટી. સ્વામીનાથન, એકલ-સદસ્ય કમિશનનું નેતૃત્વ કરી રહ્યા હતા, આ પ્રસંગે ઊભા થયા અને તેની ખાતરી કરી. આરઓ તેમના શપથ ઉપર ઊભા રહ્યા અને લોકોએ ભય કે તરફેણ વિના તેમનો આદેશ આપ્યો અને લગભગ બે તૃતીયાંશ મતદારોએ લોકશાહીને પાછી આપી. સ્વામીનાથન ભારતીય સિવિલ સર્વિસ (ICS)ના સભ્ય હતા, જે IASના પુરોગામી હતા. ‘લોકશાહીના સેન્ટિનલ’ તરીકે તેઓ ચૂંટણી કમિશનરો માટે રોલ મોડેલ છે, ટી.એન. શેષન અથવા અન્ય કોઈ નહીં કે જેમણે સામાન્ય સમય દરમ્યાન જ ચૂંટણી યોજી હતી. ૨૦૨૪ની ચૂંટણીમાં મુખ્ય મુદ્દો લગભગ એક જ છે અને તણાવ વધુ નહીં તો તેટલો જ છે. પરંતુ બહુ-સદસ્ય EC, અત્યાર સુધીમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી સુનિશ્ચિત કરવાના કોઈ સંકેત આપ્યા નથી. ‘એ ન્યૂ લો, હવે અમ્પાયર નહીંઃ પોલિટિકલ સાયન્ટિસ્ટ્સ ડિક્રાય ઈલેક્શન કમિશન’ શીર્ષકવાળા લેખમાં ધ વાયરે લખ્યું :

‘ચૂંટણી પંચ (EC)ને વરિષ્ઠ રાજકીય વૈજ્ઞાનિકો દ્વારા સખત શબ્દોમાં વખોડવામાં આવી છે. ઈઝનું પ્રાથમિક કાર્ય ભારતની ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા અને નિષ્પક્ષતામાં વિશ્વાસ પ્રેરિત કરવાનું છે. પરંતુ EC તેની સ્વાયત્તતા અને નિષ્પક્ષ કામગીરી અંગેના પ્રશ્નોના કારણે છેલ્લા એક વર્ષથી સમાચારમાં છે. ૨ મે, ૨૦૨૩થી સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાના ઉલ્લંઘનમાં જે રીતે નિમણૂકો કરવામાં આવી છે તેનાથી લઈને ચૂંટણીના કાર્યક્રમની જાહેરાતના દિવસો પહેલા પૂર્વ ચૂંટણી કમિશનર અરૂણ ગોયલનું અચાનક અને અસ્પષ્ટ રીતે રાજીનામુંથી માંડી ચૂંટણી બોન્ડ કે જે હવે ગેરબંધારણીય છે તે વિશેના પ્રશ્નો અંગે તેનું મૌન સુધી. તાજેતરમાં જ ECને અણધાર્યા લાંબા મતદાન સમયપત્રક ઉપર પ્રશ્ન કરવામાં આવ્યો છે, અનંતનાગમાં મતદાન મુલતવી રાખ્યું છે પછી દરેક તબક્કામાં મતદાન બંધ થયા પછી તરત જ મતદાન કરવામાં આવેલા વાસ્તવિક મતો ઉપર ડેટા શેર કરવાની તેની પ્રથા છોડી દીધી છે, તેમજ દરેક વખતે મીડિયાને મળવાનું છે. વડાપ્રધાનના નફરત અને ખોટી માહિતીથી ભરેલા ભાષણો ઉપર ECનું મૌન પણ ટિપ્પણીને આકર્ષિત કરે છે.

ECની કામગીરીમાં અન્ય ગંભીર ખામીઓ પણ છે અને તે ગંભીર ચિંતાનો વિષય છે. જેમ જાણીતું છે, ભારતની ચૂંટણી પ્રક્રિયા અનેક તબક્કાઓમાંથી પસાર થાય છે - સૂચના, નામાંકન, પ્રચાર, મતદાન, પરિવહન, સંગ્રહ, ગણતરી અને પરિણામોની ઘોષણા. EC દ્વારા સૂચના આપવામાં આવે છે અને ઉમેદવારો પ્રચાર કરે છે. અને બાકીની કામગીરી આરઓ જ કરે છે. તેમાંથી સૌથી વધુ નિર્ણાયક છેલ્લા બે છે જે આખરે લોકોના આદેશને બહાર લાવે છે. અને આ નિર્ણાયક પ્રવૃત્તિ ગંભીર શંકાના દાયરામાં આવી છે કારણ કે, જ્યારે EC વિવિધ પ્રક્રિયાઓમાંથી પસાર થવા માટે અઠવાડિયા અને મહિનાઓ લેવા તૈયાર છે ત્યારે તે ગણતરી અને પરિણામો થોડાક જ કલાકોમાં જાહેર કરવાની ઉતાવળમાં છે. આને ધ્યાનમાં રાખીને કમિશન VVPAT સ્લિપની ગણતરી કરવાનો જિદ્દપૂર્વક ઈનકાર કરી રહ્યું છે, જે વાસ્તવિક મત છે અને ઈલેક્ટ્રોન સાથે ક્રોસ-વેરિફિકેશન કરવા તૈયાર નથી. યોગ્ય આંકડાકીય મોડલ અપનાવીને એલેક્ટ્રોનિક મતદાનનું ક્રોસ વેરિફિકેશન કરવા તૈયાર નથી. આ આવશ્યક ‘લોકશાહી સિદ્ધાંત’ને ટાળવા માટે ઈઝ સુપ્રીમ કોર્ટમાં EVM/VVPAT સિસ્ટમની રચના અને કાર્યપ્રણાલી અને ક્રોસ વેરિફિકેશન માટે જરૂરી સમય વિશેના તથ્યોને છૂપાવીને ખોટા સોગંદનામા દાખલ કરવાની હદ સુધી ગયા છે. ઘટનામાં ગણતરી અને પરિણામોની ઘોષણા હેરાફેરી અને મત ચોરીને પાત્ર હોઈ શકે છે.



જેણે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે અને ચૂંટણી પંચને તરત જ મતદાનની સંપૂર્ણ સંખ્યા પ્રકાશિત કરવા નિર્દેશ આપવા માંગ કરી છે તે એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) મુજબ, EC મતદાર ટર્નઓવર ડેટા અને ટકાવારીના પ્રકાશનમાં પણ અરાજકતાનો આશરો લઈ રહ્યું છે. ‘ECI દ્વારા ૩૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ તેની અખબારી યાદીમાં પ્રકાશિત કરવામાં આવેલ ડેટા મતદાનના દિવસે સાંજે ૭ વાગ્યા સુધીમાં ECI દ્વારા જાહેર કરાયેલ પ્રારંભિક ટકાવારીની તુલનામાં તીવ્ર વધારો (લગભગ ૫-૬%) દર્શાવે છે. ૩૦ એપ્રિલ, ૨૦૨૪ની ECIની પ્રેસનોટમાં અસામાન્ય રીતે ઉચ્ચ રિવિઝન (પાંચ ટકાથી વધુ) અને અલગ-અલગ મતવિસ્તાર અને મતદાન મથકના આંકડાઓની ગેરહાજરી સાથે, અંતિમ મતદાર મતદાનના ડેટાના પ્રકાશનમાં અસાધારણ વિલંબ થયો છે. નિરપેક્ષ સંખ્યાએ આ ડેટાની સત્યતા અંગે ચિંતા અને જાહેર શંકાઓ ઊભી કરી છે.’

જ્યારે કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આંતર-પક્ષીય સંચારમાં આ તરફ ધ્યાન દોર્યું અને પ્રશ્ન કર્યો કે શું ડેટા ‘ડોક્ટરેડ’ છે, ત્યારે EC દબાણ નીચે આવ્યું અને તેમને ઠપકો આપ્યો. ચૂંટણી પંચે કહ્યું કે, ‘ચૂંટણીના પગલાઓ અને પ્રક્રિયાઓની વિશ્વસનીયતા ઉપર હુમલો કરતા રાષ્ટ્રીય રાજકીય પક્ષના પ્રમુખના ઉચ્ચારણ મતદારોની ભાગીદારી ઉપર નકારાત્મક અસર કરી શકે છે અને મતદારને તેમના મતાધિકારનો ઉપયોગ કરતા અટકાવવાના અને/અથવા મોટી સંખ્યામાં નિરાશ કરવાના સાધન તરીકે જોઈ શકાય છે. ચૂંટણી સ્ટાફ અને મશીનરી જે મુખ્યત્વે સંબંધિત રાજ્ય સરકારો પાસેથી લેવામાં આવે છે.’

ECએ એમ પણ કહ્યું કે, ખડગેના આરોપો ‘ECIના બંધારણીય રીતે ફરજિયાત કાર્યને વિક્ષેપિત કરવા’ સમાન છે પરંતુ ઉઠાવવામાં આવેલા કોઈપણ મુદ્દાઓને સંબોધવાની તસ્દી લેતા નથી. પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયા (PCI)ની આગેવાની હેઠળના એક મીડિયા સમૂહે જવાબ આપ્યો અને ECને મતદાનના તબક્કાના તમામ ડેટા મતદાન સમાપ્ત થયાના એક દિવસ પછી જાહેર કરવા વિનંતી કરી. તેઓએ કહ્યું કે, તેઓ ‘નિરાશ’ હતા કે ઈઝએ હજુ સુધી સામાન્ય ચૂંટણીઓ ઉપર પ્રેસ કોન્ફરન્સ કરી નથી, જો કે, દરેક તબક્કામાં મતદાન કર્યા પછી પ્રેસ કોન્ફરન્સ યોજવાની અગાઉની પ્રથા હોવા છતાં ત્રણ તબક્કાઓ પહેલાથી જ પૂર્ણ થઈ ગયા હતા. કોઈને આશ્ચર્ય થાય છે કે, ECને શું ડર છે. મીડિયાજુથ અનુસાર, EC દ્વારા માહિતી જાહેર ન કરવાથી ‘ચૂંટણીની નિષ્પક્ષતા વિશે લોકોના મનમાં આશંકા જન્મી છે.’

પરંતુ આ મુદ્દાને ઉકેલવાને બદલે ઈઝ રાજકીય પક્ષો અને ઉમેદવારોને ‘મતદાર મતદાન એપ્લિકેશન’ને એક્સેસ કરીને ડેટા એકત્રિત કરવા અને મતદાન મથકોમાં ઉપલબ્ધ ફોર્મ 17Cની વિશાળ સંખ્યાનું સંકલન કરવા માટે ટોણો મારી રહી છે જે ૧૨ લાખથી વધુ છે. આ ચોક્કસપણે ઘણી ભૂલો અને અસંગતતાઓ તરફ દોરી જશે જે ગણતરીના દિવસે અને પરિણામોની જાહેરાતમાં અરાજકતાનું કારણ બની શકે છે.જેમ કે ECએ ૨૦૧૯ની સંસદીય ચૂંટણીમાં ૩૭૦+ બેઠકો ઉપર EVM મત-ગણતરની અસંગતતાને સમજાવવાનો ઈનકાર કર્યો : ‘એલએસ ચૂંટણી ૨૦૧૯માં બહુવિધ સંસદીય મતવિસ્તારોમાં EVMમાં મત અને ગણતરીમાં મેળ ખાતો નથી. ધ ક્વિન્ટે ભારતના ચૂંટણી પંચ (EC) દ્વારા શેર કરાયેલા ડેટાના બે સેટમાં ઊંડા ઉતર્યા છે; પ્રથમ, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM) ઉપર મતદાર મતદાન/મતદાનનો ડેટા અને બીજું, લોકસભા ચૂંટણી ૨૦૧૯માં ઈવીએમ ઉપરના મત ગણતરીના ડેટા. ચૂંટણીના પ્રથમ ચાર તબક્કામાં મતદાન અમને ૩૭૩ મતવિસ્તારોમાં ડેટાના બે સેટમાં ગંભીર વિસંગતતાઓ મળી છે.

આકસ્મિક રીતે એડીઆર દ્વારા લગભગ પાંચ વર્ષ પહેલા સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી રિટ પિટિશન હજુ પણ પેન્ડિંગ છે. EC તેના ‘બંધારણીય રીતે ફરજિયાત કાર્ય’ કરી રહ્યું છે અને સર્વોચ્ચ અદાલતના આદેશ માટે એટલું બધું કે દરેક નાગરિકને સંસ્થાઓમાં આંધળો વિશ્વાસ હોવો જોઈએ. આપણે જોયું તેમ ઈઝ દ્વારા કોઈ પણ જાતની સુસંગતતા કે કારણ વગર મતગણતરી હાથ ધરવામાં આવી રહી છે. આની સાથે અરાજકતા અને નિર્ણાયક મતદાર મતદાન ડેટામાં મૂંઝવણને કારણે ગણતરીમાં ભ્રષ્ટાચાર થઈ શકે છે જેના પરિણામે લોકોના આદેશની ચોરી થઈ શકે છે. આ સંદર્ભમાં રશિયાના નિર્દય સરમુખત્યાર જોસેફ સ્ટાલિનને આભારી એક અવતરણ ઉલ્લેખનીય છેઃ ‘તે લોકો જાણે છે કે, ચૂંટણી હતી તે પૂરતું છે. જે લોકો મત આપે છે તેઓ કંઈ નક્કી કરતા નથી. જે લોકો મતોની ગણતરી કરે છે તે બધું નક્કી કરે છે.’ આ આપખુદશાહી માટે સાચું છે. પરંતુ ભારત હજુ પણ લોકશાહી છે અને અહીંના મતોની ગણતરી ૫૪૩ રિટર્નિંગ ઓફિસરો દ્વારા કરવામાં આવશે જેમણે ભારતીય લોકશાહીના પાયારૂપ બંધારણ પ્રત્યે વફાદારીના શપથ લીધા છે. તેમની પાસે મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણી, મતગણતરી અને પરિણામોની ઘોષણા માટેની ચાવી છે અને મને ખાતરી છે કે, તેઓ તેમના શપથ ઉપર ઊભા રહેશે, ‘લોકોના આદેશ’ પ્રત્યે સાચા રહેશે અને વિશ્વની સૌથી મોટી લોકશાહીને સમર્થન આપશે.

### ધાર્મિક પરિષદમાં આંતરરાષ્ટ્રીય ધાર્મિક નેતાઓ જોડાયા

# BAPS સંસ્થાના સ્વામી બ્રહ્મવિહારીદાસે ભારત અને UAEનું કર્યું પ્રતિનિધિત્વ



## ધાર્મિક નેતાઓને આગળ આવવા માટે કરી અપીલ

કુઆલાલંપુર, તા.૧૭

મલેશિયાના કુઆલાલંપુરમાં આયોજિત ધાર્મિક નેતાઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં સ્વામી બ્રહ્મવિહારીદાસે હિન્દુ ધર્મ અને ભારત અને UAE બંનેનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ પરિષદ પેટલિંગ જયામાં સનવે રિસોર્ટ હોટેલમાં યોજાયી હતી. કોન્ફરન્સનો ઉદ્દેશ્ય 'વિવિધતામાં એકતા' અને વૈશ્વિક સંવાદિતા માટે સંસ્કૃતિના જોડાણને પ્રોત્સાહન આપવાનો હતો. મલેશિયાના કુઆલાલંપુરમાં આયોજિત 'વિવિધતામાં એકતા' પરિષદમાં હિન્દુ ધર્મ અને ભારત અને UAEનું પ્રતિનિધિત્વ કર્યું હતુ. આ પ્રંસગે આંતરરાષ્ટ્રીય ધાર્મિક નેતાઓ જોડાયા હતા. યોજાયેલી આ પરિષદમાં પ્રથમ સૌથી મોટી કોન્ફરન્સ હતી. જેમાં ૬૦ દેશોના ૨,૦૦૦ થી વધુ ધાર્મિક નેતાઓ અને બૌદ્ધિક વિદ્વાનોને એકઠા કરવામાં થયા હતા. જેમાં બ્રહ્મવિહારીદાસે ૧૦ મીનિટ ભાષણ આપ્યું હતું. ૭ મે, ૨૦૨૪ના રોજ મલેશિયાના કુઆલાલંપુરમાં આયોજિત ધાર્મિક નેતાઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં સંત હિન્દુ ધર્મ અને ભારત અને ૈછઈ બંનેનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ પરિષદ પેટલિંગ જયામાં સનવે રિસોર્ટ હોટેલમાં યોજાઈ હતી. કોન્ફરન્સનો ઉદ્દેશ્ય 'વિવિધતામાં એકતા' અને વૈશ્વિક સંવાદિતા માટે સંસ્કૃતિના જોડાણને પ્રોત્સાહન આપવાનો હતો, ત્યારે આ પ્રસંગે ભારત અને UAEનું પ્રતિનિધિત્વ કરતા બ્રહ્મવિહારીદાસ સ્વામીએ ભાષણ આપ્યું હતુ.

મલેશિયાના વડા પ્રધાન, એચઈ દાતુક અનવર ઈબ્રાહિમ અને મુસ્લિમ વર્લ્ડ લીગ (MWL) ના મહાસચિવ અને મુસ્લિમ વિદ્વાનોના સંગઠનના અધ્યક્ષ, એચઈ શેખ ડૉ. મોહમ્મદ અબ્દુલકરીમ સહિતના લોકએ આ પરિષદનું ધ્યાન કેન્દ્રિત હતું. ઉગ્રવાદને સંબોધવા અને સંઘર્ષોને સમજણ, સહકાર અને એકતામાં પરિવર્તિત કરવા માટે મધ્યસ્થતા અને સહઅસ્તિત્વના મૂલ્યોને એક કરવાની જરૂરિયાત પર ભાર આપવામાં આવ્યો હતો.

સાર્વત્રિક મૂલ્યો દ્વારા સામાજિક વિભાજનને દૂર કરવામાં ધાર્મિક નેતાઓએ આગળ આવવા અને સક્રિય અને હિંમતવાન ભૂમિકા ભજવવાની જરૂરિયાત પર ભાર મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે મલેશિયાના વડા પ્રધાને કહ્યું હતુ કે "આના જેવી પરિષદમાં, અમે મુસ્લિમો, ખ્રિસ્તીઓ, બૌદ્ધો અથવા હિન્દુઓમાં જે વસ્તુઓ કરવાની જરૂર છે અને સુધારવાની જરૂર છે તેનું અવલોકન કરી શકીએ છીએ. ધાર્મિક નેતાઓની ફરજ છે કે તે સુનિશ્ચિત કરે કે શાસન મજબૂત અને નૈતિક થાય.

## મહારાષ્ટ્રના દરિયાકાંઠેથી ડિઝલ અને દાણચોરી કરતા ફિશીંગ વેસલને ઝડપી લેવાયું

મુંબઈ,તા.૧૭

ભારતીય કોસ્ટ ગાર્ડે ગુરૂવારન ૧૬ મેના રોજ મહારાષ્ટ્રના જરિયાકાંઠેથી ડિઝલ અને માદક દ્રવ્યોની દાચોરી કરવા બદલ જય મલ્હાર નામના માછામારના જહાજને તેના પાંચ ક્રુ મેમ્બર્સ સાથે પકડી પાડ્યું હતું. ચોક્કસ માહિતીને આધારે એક ઈન્ડીયન કોસ્ટ ગાર્ડ જહાજે અન્ય જહાજને અટકાવ્યું હતું. જેમાં તેમણે તપાસ હાથ ધરી હતી. શોધખોળ દરમિયાન તેઓએ દરથી ૨૫ ટન ડિઝલ ઝડપી લીધું હતું.

## ગીરગઢડા: દિકરાને આત્મહત્યા માટે મજબુર કરવા અંગે પત્ની તથા સાસરીયા પક્ષ સામે ફરીયાદ

ઉના તા. ૧૭

ઊનાના ગીરગઢડા ગામે નવાપરા વિસ્તારમાં રહેતા વલીમહમદ રીન્દબ્લોચએ ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તેમના દિકરા એહમદ વલીમહમદ રીન્દબ્લોચના લગ્ન જૂનાગઢની અંજુબેન સાથે કરાવેલ હતા તેમની પત્ની છેલ્લા ચાર મહિનાથી અવાર નવાર પતિ એહમદ સાથે ઝઘડો કરતી હતી. અને પત્ની અંજુએ જૂનાગઢથી તેની માતા નિલોફર ઉર્ફે મુમતાઝ બ્લોચ અને ભાઈ શહાદત યુનુસ બ્લોચને બોલાવી તે બન્ને જૂનાગઢથી આવી એહમદ વલીમહમદ રીન્દબ્લોચની સાથે ઝઘડો કરી ખોટા કેસો કરવાની ધમકી આપતા હતા તેમજ અપશબ્દો બોલતા અને પત્ની અંજુને સાથે જૂનાગઢ લઈ ગયા હતા અને એહમદને લાગી આવતા ઘરે અનાજમાં નાખવાનો ઝેરી પાવડર પી. જતા ઊલટીઓ થતા સારવાર માટે પ્રથમ ગીરગઢડાની સરકારી હોસ્પિટલે અને વધુ સારવાર માટે ઊના હોસ્પિટલે લઈ ગયા હતા અને સારવાર મળે તે પહેલા એહમદનું મૃત્યુ થયું હતું. તેથી તેના પિતા વલીમહમદ રીન્દબ્લોચએ ગીરગઢડા પોલીસ સ્ટેશનમાં તેમના દિકરા એહમદને મરવા મજબૂર કર્યાની ગુજરનારની પત્ની અંજુ, સાસુ નિલોફર ઉર્ફે મુમતાઝ બ્લોચ, સાળા શહાદત યુનુસ બ્લોચ રે. જૂનાગઢ વાળા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

## ગીરગઢડા તાલુકાનાં ફાટસર ગામની સીમમાં દીપડાનો હુમલો : આધેડ ઈજાગ્રસ્ત

ઉના તા. ૧૭

ઊનાના ગીરગઢડા તાલુકાના ફાટસર ગામની સીમમાં આવેલ અશોકભાઈ બાલુભાઈ પોંકિયાની વાડીમાં મજૂરી કામ કરતા રામભાઈ કાળા ભાઈ સાખટ (ઊં.વ.૬૫) દિવસે ખેતરમાં મજૂરી કામ કરતા હતા ત્યારે અચાનક શિકારની લાલચમાં એક દીપડો વાડીમાં આવી શ્રમિક આધેડને પાછળથી હુમલો કરી પંજાના નહોર ભેરવી પછાડી દીધા હતા અને રામભાઈએ રાડો પડતા લોકો ભેગા થઈ ગયા હતા અને દીપડાનો હુમલાનો પ્રતિકાર કરી દીપડાના સંકજામાંમાંથી છુટી ગયેલ હતા અને દીપડો રામભાઈને છોડી નાસી ગયો હતો અને રામભાઈને હાથ અને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. જેથી તેમને તુરંત ઊનાની સિવીલ હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતાં. વન વિભાગને જાણ કરતા વન વિભાગએ દીપડાને પકડવા પાંજરૂ મૂકી તજવીજ હાથ ધરી છે.

## દ્વારકા સબ-રજીસ્ટ્રાર કચેરી તથા સીટી સર્વે ઓફીસના કામોમાં જનતાને પડતી હાલાકી

### દ્વારકા બાર એસોસીએશન દ્વારા નાયબ કલેકટરને આવેદનપત્ર અપાયું



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૭

દ્વારકા મુકામે આવેલ સબ-રજીસ્ટ્રાર કચેરી સને-૨૦૧૧ ની સાલથી નિયમિત કાર્યરત હોય, અને છેલ્લા ચાર મહિનાથી દ્વારકામાં હાલમાં કોઈ નિયમિત સબ-રજીસ્ટ્રાર ના હોય અને અઠવાડીયામાં માત્ર ત્રણ જ દિવસ દસ્તાવેજની નોંધણી કરવામાં આવે છે. હાલમાં દ્વારકામાં સરકારશ્રી દ્વારા ખુબ જ વિકાસના કામો થઈ રહયા હોય અને રોકેટ ગતિએ તાલુકાનો વિકાસ થઈ રહયો હોય ત્યારે આવા સંજોગોમાં જમીન મકાનની લે-વેંચ ખુબ જ સારી રીતે વધી ગયેલી હોય ત્યારે સગવડમાં વધારો થવાના બદલે માત્ર ત્રણ જ દિવસ નોંધણી થઈ શકતી હોવાના કારણે જાહેર જનતાને દસ્તાવેજ નોંધાવવાની કામગીરીમાં ખુબજ અગવડ પડી રહી છે. સર્વરના પ્રશ્નો પણ અવાર નવાર સર્જાતા હોવાના કારણે દસ્તાવેજોની નોંધણી થઈ શકતી નથી. અને બહારગામથી દસ્તાવેજ કરવા આવનાર ઈન્વેસ્ટરોને પણ ખુબજ મુશ્કેલીઓ પડી રહી છે. તેમજ દસ્તાવેજોની નોંધણી થયા બાદ મિલ્કતોના દસ્તાવેજોમાં નામ ટ્રાન્સફર માટે સીટી સર્વે ઓફીસમાં પણ સ્ટાફના અભાવના કારણે અરજી કર્યાના ત્રણ મહિના સુધી એન્ટ્રી પાડવામાં આવતી નથી. જેના કારણે પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેથી સબ-રસ્ટ્રાર કચેરી તથા સીટી સર્વે કચેરીમાં પડતી મુશ્કેલીઓના કારણે દ્વારકા બાર એસોસીએશનના પુર્વ પ્રમુખ સંજય પી. રાયઠઠા, સેક્રેટરી સલીમ ઘાવડા, સહસેક્રેટરી સંદિપ બારોટ, લલિતભાઈ બગથરીયા, ધર્મેશ ચુડાસમા તથા દ્વારકા બારના તમામ હોદેદારો દ્વારા નાયબ કલેકટરશ્રી દ્વારકાને આવેદનપત્ર આપી અને ઝડપથી સબ-રજીસ્ટ્રાર કચેરી પુર્નઃરેગ્યુલર કાર્યરત કરવામાં આવે અને સીટી સર્વેની કામગીરી ઝડપી થાય તેવી માંગણી કરેલ છે.

### આયુષ્માન કાર્ડ ને લઈ સરકારનો નવો નિયમ

# આયુષ્માન કાર્ડની આડમાં રૂપિયા કમાવા થતી આડેધડ સર્જરીઓ થશે બંધ


## આયુષ્માન કાર્ડના આધારે ખાનગી હોસ્પિટલોમાં જરૂર ન હોય છતાં કરાતી સર્જરીઓ પર અંકુશ લાવવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૭

આયુષ્માન કાર્ડના નામે કેટલાંક લેભાગુ અને લાલલુ ડોક્ટરો ખોટી પ્રેક્ટીસ કરીને રૂપિયા કમાતા હોવાનું ઘણીવાર સામે આવી ચુક્યું છે. આયુષ્માન કાર્ડના નામે ખોટા ક્લેઈમ થતા હોવાનું પણ સરકારના ધ્યાને આવી ચુક્યું છે. આ એક આખુ મોટું કૌભાંડ ચાલે છે, જેમાં કાર્ડ કઢાવી આપનારા એજન્ટોથી લઈને કેટલાંક સરકારી કર્મચારીઓ અને મોટા મોટા તબીબો પણ સામેલ હોવાનું સરકારના ધ્યાન આવ્યું છે. જેથી ખાનગી હોસ્પિટલોના તબીબોની ખોટી સર્જરીઓ અને માત્ર સરકાર પાસેથી બિલ પાસ કરાવવા દર્દીના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવાની વૃત્તિ રોકવા માટે સરકારે કડક પગલું લીધું છે.

સરકારના ધ્યાને આવ્યુ છે કે, જરૂર ના હોય તો પણ ખાનગી હોસ્પિટલોના કેટલાંય મોટા મોટા તબીબો રૂપિયા કમાવવાની લાલચમાં ખોટા રિપોર્ટ કરાવીને દર્દીની ખોટી રીતે સર્જરી કરી દેતાં હોય છે. આમાં ઘણાં બધાં લોકો સામેલ હોય છે. ઘણીવાર તો ગરીબ દર્દીને પણ ખાનગી હોસ્પટલો દ્વારા સર્જરી કરાવવા માટે પૈસાની લાલચ આપવામાં આવે છે. તો મોટાભાગના કિસ્સામાં ખાનગી હોસ્પિટલના તબીબો ખોટા રિપોર્ટ કરાવીને દર્દીને તાત્કાલિક સર્જરી કરાવવી પડશે એવું કહીને ડરાવે છે, અને આયુષ્માન કાર્ડમાં રૂપિયો પણ ખર્ચવો નહીં પડે એમ કહીને સર્જરી કરી દે છે. ઘણાં દર્દી પાસે આયુષ્માન કાર્ડ ના હોય તો ખાનગી હોસ્પિટલના તબીબો એજન્ટો પાસેથી તાત્કાલિક કાર્ડ કઢાવવાનું પણ સેટીંગ ધરાવે છે. આ એક મસમોટું કૌભાંડ છે. જેમાં ઘણી મોટી મોટી ખાનગી હોસ્પિટલના મોટા મોટા ડોક્ટરો પણ સામેલ છે.આયુષ્માન કાર્ડથી રૂપિયા બનાવવા માટે જરૂર ના હોય છતાં આડેધડ થતી સર્જરીઓને રોકવા સરકારે મોટું પગલું લીધું છે. હવેથી ૫૫ વર્ષથી નાની વયના લોકો આયુષ્માન કાર્ડ હેઠળ ની-રિપ્લેસમેન્ટ એટલે કે, ઘૂંટણની સારવાર ખાનગી હોસ્પિટલમાં નહીં કરાવી શકે. હવે તેવા દર્દીઓ માત્ર સરકારી હોસ્પિટલોમાં જ આ અંગેની સારવાર વિનામૂલ્યે કરાવી શકશે.

રાજ્યમાં પાંચ વર્ષમાં ની-રિપ્લેસમેન્ટ કરાવનારા કુલ દર્દીઓમાંથી ૧૫થી ૨૦ ટકા દર્દી ૫૫થી ઓછી વયના હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. આ વિગતો એ દિશામાં ઈશારો કરે છેકે, બોગસ, લેભાગુ અને લાલચુ ડોક્ટરોએ તબીબી સેવાને એક ગંદો ધંધો બનાવી દીધો છે. આવા લાલચુ ડોક્ટરો ખોટી રીતે પૈસા કમાવવા માટે દર્દીના શરીરમાં બિનજરૂરી સર્જરીઓ કરીને આયુષ્માન કાર્ડ મારફતે સરકાર પાસેથી પૈસા પડાવવાનું કૌભાંડ ચલાવે છે. અહીં વાત માત્ર ની-રિપ્લેસમેન્ટથી અટકી જતી નથી. અન્ય બીમારીઓમાં પણ બોગસ પ્રેક્ટિસ કરતા તબીબો આ જ પ્રકારનો હથકંડો અપનાવે છે. જોકે, એ બાબતે હજુ સરકારે કોઈ



પગલાં લીધાં નથી. ત્યાં સુધી આવા બોગસિયાઓનો ધંધો ચાલ્યાં કરશે.આયુષ્માન કાર્ડ હેઠળની-રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટ રિવિઝન અને ગર્ભાશયની સર્જરી હવે સરકારી હોસ્પિટલોમાં જ કરાવી શકાશે. ખાનગી હોસ્પિટલોમાં આડેધડ થતી સર્જરીઓ પર લગામ કસવા આ કવાયત શરૂ કરાઈ છે. હાલના સમયમાં સાંધાની વિવિધ સર્જરીના પ્રમાણમાં વધારો થયો છે. નાની ઉંમરના લોકોમાં જરૂર ન હોય તો પણ ની રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટ રિવિઝન અને ગર્ભાશયની સર્જરી થતી હોવાનું સરકારના ધ્યાનમાં આવ્યું હતું. આવ્યું હતું. જેથી આયુષ્માન કાર્ડ હેઠળ ૫૫ વર્ષથી નાની વયના લોકો માટે આ ત્રણ સર્જરી માત્ર સરકારી હોસ્પિટલમાં જ કરાવી શકાય તેવો નિયમ લાવવાની ફરજ પડી છે.

આરોગ્ય વિભાગનાં સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે આયુષ્માન કાર્ડ હેઠળ અગાઉ કોઈ પણ ઉંમરની વ્યક્તિની ની રિપ્લેસમેન્ટ, ની રિપ્લેસમેન્ટની રિવિઝન સર્જરી તેમ જ ગર્ભાશયની કોથળી (હિસ્ટ્રેક્ટોમી) સર્જરી રિઝર્વ રાખવામાં આવી છે. એટલે કે પહેલાં આ ત્રણેય સર્જરી ખાનગી હોસ્પિટલમાં થઈ શકતી હતી, પરંતુ નાની ઉંમરના લોકોમાં ની રિપ્લેસમેન્ટની સર્જરીઓનું અચાનક પ્રમાણ વધી જતા અને બોગસ કેસો સામે આવતા સરકારે નિયમોમાં બદલાવ કરવાની ફરજ પડી છે.ખાનગી હોસ્પિટલમાં હાલ આ પ્રકારની સર્જરીનો ખર્ચ લગભગ દોઢથી બે લાખ રૂપિયા સુધી થાય છે. પહેલાં ખોટી સર્જરીઓ કરીને કેટલાંક બોગસ તબીબો આ રકમ આયુષ્માન કાર્ડના નામે સરકાર પાસેથી પડાવતા હતાં. જેનો હવે ભાંડો ફૂટી ચુક્યો છે.

## Phone Pe એ Lanka Pay સાથે પાર્ટનરશીપની જાહેરાત કરી

### શ્રીલંકા જતા ભારતીયો હવે કરી શકશે મની ટ્રાન્જેક્શન

નવી દિલ્હી, તા.૧૭

ભારત ડિજિટલ વિશ્વમાં સતત સારુ કરી રહ્યો છે. મની ટ્રાજેક્શન હોય કે પેમેન્ટ હવે બધું જ સરળ બની ગયું છે. આમાં સૌથી મોટો ફાળો UPI પેમેન્ટ સર્વિસનો છે, PhonePe અને GooglePay જેવી કંપનીઓની સાથે Pa અંદ્ગએ પણ આ સેવાને લોકોમાં લોકપ્રિય બનાવવામાં ઘણું કામ કર્યું છે. તેમાંથી હવે PhonePe એ તેના ગ્રાહકો માટે એક નવી સેવા શરૂ કરી છે, જેની મદદથી શ્રીલંકા જતા ભારતીયો પણ PhonePe એપની મદદથી સરળતાથી UPI પેમેન્ટ કરી શકશે.

PhonePe એ બુધવારે LankaPay સાથે ભાગીદારીની જાહેરાત કરી છે. આ કંપનીના યુઝર્સને શ્રીલંકામાં UPI (યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ) પેમેન્ટ કરવાની સુવિધા પૂરી પાડશે. આનાથી શ્રીલંકા જનારા પ્રવાસીઓને ઘણો ફાયદો થશે. તેઓ LankaPay ના ઊઈ કોડને સ્કેન કરીને PhonePe દ્વારા સરળતાથી UPI પેમેન્ટ કરી શકશે.

આ સેવા શરૂ થયા પછી PhonePe ગ્રાહકો LankaPay QR કોડ સ્કેન કરી શકશે અને સુરક્ષિત રીતે જલદી પેમેન્ટ કરી શકશે. આનો બીજો ફાયદો એ થશે કે આ માટે તેમને કરન્સી એક્સચેન્જ કરવાની જરૂર નહીં પડે, પરંતુ શ્રીલંકામાં ટ્રાન્ઝેક્શન કરવા પર તેમણે રૂપિયા અને શ્રીલંકન કરન્સી વચ્ચે એક્સચેન્જ રેટ ચૂકવવો પડશે.

PhonePeના CEO રિતેશ પઈએ કહ્યું હતું કે PhonePe અને LankaPay વચ્ચેના સહયોગથી ભારતીય પ્રવાસીઓને ઘણી સુવિધા મળશે. તેઓ હવે મુસાફરી કરતી વખતે અને Lanka Pay QR નો ઉપયોગ કરતી વખતે સેવાઓ અને સામાન માટે ચૂકવણી કરી શકશે. આ પ્રસંગે LankaPay ના CEO ચન્ના ડી'સિલ્વાએ કહ્યું કે અમે આના ફાયદા જોઈને ઉત્સાહિત છીએ. આનાથી શ્રીલંકામાં પ્રવાસ દરમિયાન ભારતીય પ્રવાસીઓ અને વેપારી પ્રવાસીઓ માટે ચૂકવણીની સુવિધા મળશે.

આ પ્રસંગે શ્રીલંકામાં ભારતના હાઈ કમિશનર સંતોષ ઝાએ જણાવ્યું હતું કે UPI પેમેન્ટ એ બંને દેશો માટે ડિજિટલ ભાગીદારીનું માધ્યમ છે. મોટા લક્ષ્યો સુધી પહોંચવાનો આ એક મહત્વપૂર્ણ ભાગ છે.

ડિજિટલ પેમેન્ટ એપ્લિકેશન PhonePe એ ઓગસ્ટ ૨૦૧૬ માં ભારતમાં કામ કરવાનું શરૂ કર્યું. તેના ૫૨ કરોડથી વધુ યુઝર્સ છે. આ પ્લેટફોર્મ પર નોંધાયેલા ૩.૮

## ચાર ધામમાં મંદિર પરિસરની અંદર મોબાઈલ લઈ જવા ઉપર પ્રતિબંધ

દેહરાદૂન, તા.૧૭

ચારધામ યાત્રા ૨૦૨૪ સાથે જોડાયેલ એક મોટા સમાચાર આવી રહ્યા છે. જો તમે પણ આ યાત્રા પર જઈ રહ્યા છો, તો આપના માટે આ જાણકારી જરુરી છે. હકીકતમાં જોઈએ તો, ચાર ધામમાં મંદિર પરિસરની અંદર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં મંદિરની અંદર હવે શ્રદ્ધાળુઓ પોતાના મોબાઈલ લઈ જઈ શકશે નહીં. ત્યાં સુધી કે ચારેય ધામોમાં મંદિરની ૨૦૦ મીટરની રેન્જમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ઉત્તરાખંડના ચીફ સેક્રેટરી રાધા રતૂડીએ આ આદેશ જાહેર કર્યા છે.

તો વળી ઋષિકેશમાં ચારધામ પર જઈ રહેલા વાહનો માટે મહત્વની જાણકારી સામે આવી છે. ગઢવાલ કમિશ્નરના નિર્દેશ પર ભદ્રકાળી ચેક પોસ્ટ પર સ્લોટ અંતર્ગત આગળ જવાની પરમિશન આપવામાં આવી છે. પરિવહન વિભાગ પણ વાહનોની તપાસ કરી રહી છે.

ચારોધામ તીર્થયાત્રીઓમાં ભારે ભીડ જોવા મળી રહી છે. અત્યાર સુધીમાં ૩ લાખ ૩૭ હજાર યાત્રી ચાર ધામ દર્શન કરી ચુક્યા છે. તેમાંથી કેદારનાથમાં ૧ લાખ ૫૫ હજાર, બદ્રીનાથમાં ૪૫ હજાર ૬૩૭ યાત્રી, ગંગોત્રીમાં ૬૬ હજાર જ્યારે યમુનોત્રીમાં અત્યાર સુધીમાં ૭૦ હજાર યાત્રી દર્શન કરી ચુક્યા છે.



લોકસભાની ચુંટણી હારશું તો હારનું કારણ શું આપશું?



આપણા બંનેનું ગઠબંધન માંડ-માંડ ચાલ છે, તેનું શું?

### પ્લાન્ટ પ્રોટેકશન એસોસિએશન ઓફ ગુજરાત અને જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા

# ખેડૂતો માટે બિનરાસાયણિક પધ્ધતિઓ દ્વારા જમીનજન્ય રોગોનું નિયંત્રણ-નિરાકરણ કરવાના ઉપાયો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૭

પ્લાન્ટ પ્રોટેકશન એસોસિએશન ઓફ ગુજરાત અને જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા અપાયેલ માહિતીને આધારે રાજકોટ જિલ્લા પંચાયતના જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા ખેડૂતો માટે રાસાયણિક પદાર્થો કે દવાઓના ઉપયોગ વગર વિવિધ પદ્ધતિઓ દ્વારા જમીનજન્ય રોગોનું વ્યવસ્થાપન કરવાના ઉપાયો સૂચવવામાં આવ્યા છે. જેમાં, ૧. ઉનાળામાં હળ કે ટ્રેક્ટરની દાંતીથી આડી ઉભી ખેડ કરવી. ઊંડી ખેડને કારણે રોગકારક ફૂગ, જીવાણું, કિટકનાં કોશેટા, ઈંડા કે કૃમિ બહાર આવતા સૂર્યપ્રકાશથી નાશ પામે. જમીનની અંદર રહેલ ફૂગ પણ નાશ પામે. ૨. જમીનજન્ય રોગો જેવા કે સૂકારો, મૂળનો કોહવારો, થડનો સડો, ગંઠવા કૃમિ જેવા રોગો ન થાય તે માટે દર વર્ષે એકના એક પાકનું વાવેતર ન કરતા વારાફરતી બીજા પાકોનું વાવેતર કરવું. મગફળીના પાકમાં થડના કોહવારાનું પ્રમાણ ઘટાડવા કપાસ, ઘઉં, મકાઈ, જુવાર, ડુંગળી અને લસણ જેવા પાક સાથે ફેરબદલી કરવી જોઈએ. ૩. સંપૂર્ણ કોહવાયેલ, ગળતીયા છાણીયા ખાતર, લીંબોળી તથા દિવેલીનો ખોળ, રાયડાનો ખોળ કે મરઘી-બતકાના ખાતરનો વપરાશ વધારવો. મગફળીમાં થડના કોહવારો રોકવા માટે વાવણી પહેલા દિવેલીના ખોળને ૭૫૦ કિ.ગ્રા. પ્રતિ હેક્ટરે તેમજ કપાસમાં ધરૂનું મૃત્યુ, મૂળખાઈ અને સૂકારાના નિયંત્રણ માટે છાણીયું ખાતર હેક્ટરે ૧૦ ટન અથવા પ્રેસમડ અથવા મરઘાનું ખાતર ૨ ટન પ્રતિ હેક્ટરે વાવેતર પહેલા જમીનમાં આપવાથી રોગોનું પ્રમાણ ઘટાડી શકાય છે. ૪. રોગપ્રતિકારક જાતોના વાવેતરનો આગ્રહ રાખવો. મગફળીમાં ઉગસૂક, મૂળખાઈ અને થડના કોહવારા સામે પ્રતિકારકતા માટે જીજેજી-૩૩ જાતની ભલામણ છે. ૫. જમીનનું સૌરીકરણ (સોઈલ સોલરાઈઝેશન) માટે ગરમીની ઋતુમાં જમીનમાંથી અગાઉના પાકના અવશેષો તથા નિંદામણ દૂર કરી પાણી આપી વરાપ થયે છાણિયું ખાતર કે કોઈપણ ખોળ ભેળવી જમીનને ખેડી ભરભરી બનાવવી. ત્યારબાદ તુરંત જ ક્યારાના માપ પ્રમાણે ૧૦૦ ગેજનું એલ.એલ.ડી.પી.ઈ. પારદર્શક પ્લાસ્ટિક જમીન પર પાથરી ચારે બાજુથી ચુસ્ત રહે તે રીતે માટીથી પ્લાસ્ટિકની ધારને જમીનમાં દબાવી ઢાંકવું. ૧૫ દિવસ સુધી તેને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું. આ રીતે પ્લાસ્ટિકને હવાચુસ્ત રાખવાથી અંદરના ભેજની વરાળ થઈ પાણીની પરપોટીઓ પ્લાસ્ટિકની અંદરની બાજુએ જામી જશે જે તાપમાન વધારવામાં મદદરૂપ થશે.

૧૫ દિવસ પછી પ્લાસ્ટિક સાવચેતી પૂર્વક કાઢી લેવું ત્યારબાદ જે પાકનું ધરૂવાડીયું નાખવાનું હોય કે વાવણી કરવાની હોય તેની ભલામણ અનુસાર જમીન તૈયાર કરી વાવણી કરવી. ૬. જે તે પાકમાં રોગને ધ્યાનમાં રાખી પિયતના પાણીનું નિયમન કરવું દિવેલા, તમાકુ, કપાસ અને તુવેરના પાકમાં જમીનજન્ય ફૂગથી થતો મૂળખાઈ રોગની તિવ્રતા જમીનનું તાપમાન વધારે હોય તેવા કિસ્સામાં વધુ હોય છે. આવામાં પાકને સમયસર પિયત આપવું હિતાવહ છે. ૭. જમીનજન્ય ફૂગથી થતા રોગ (ઉગસૂક, સૂકારો, ધરૂનો કોહવારો, ચડનો કોહવારો, મૂળનો કોહવારી) અને કેટલાક બીજજન્ય રોગોના અટકાયત માટે જૈવિક નિયંત્રકો જેવા કે ટ્રાયકોડર્મા વીરીડી, ટ્રાયકોડર્મા હરજીયાનમ, યુ ડોમોનાસ ફ્લુરેસેન્સનો ઉપયોગ (૮ થી ૧૦ ગ્રામ/કિ.ગ્રા. બીજ) કરવો. ઘણા રોગકારકો જમીનમાં રહેતા હોઈ તેના નિયંત્રણ માટે ૧ કિ.ગ્રા. ટ્રાયકોડમીને ૧૦ કિ.ગ્રા છાણિયા ખાતરમાં ભેળવી અને વિકસવા દેવું. આવું તૈયાર કરેલ ૧૦ કિ.ગ્રા. છાણિયું ખાતર ૧૦૦ કિ.ગ્રા. બીજા છાણિયા ખાતરમાં ભેળવીને જમીનમાં આપવાથી જમીનજન્ય રોગોનું નિયંત્રણ કરી શકાય છે. ઉપરાંત, મગફળીમાં થડનો કોહવારો રોગના જૈવિક નિયંત્રણ માટે ૫ કિ.ગ્રા ટ્રાયકોડર્મા હરજીયાનમ અથવા ટ્રાયકોડર્મા વીરીડી ૨૫૦ કિ.ગ્રા. દિવેલી કે રાયડાના ખોળ સાથે ભેળવીને વાવતા પહેલા ચાસમાં આપવું અથવા ટ્રાયકોડમાં ૫ કિ ગ્રા. પ્રતિ હેક્ટરે માટી સાથે ભેળવી ચાસમાં આપવું. દિવેલામાં સૂકારો તેમજ મૂળનો કોહવારો રોગના જૈવિક નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા હરજીયાનમ ૫ કિ.ગ્રા.ને ૫૦૦ કિ.ગ્રા. રાયડાના ખોળ સાથે ભેળવીને ચાસમાં આપવું. તુવેરમાં સૂકારો રોગના જૈવિક નિયંત્રણ માટે ટ્રાયકોડર્મા હરજીયાનમ ૮ થી ૧૦ ગ્રામ પ્રતિ કિ.ગ્રા. બિયારણ પ્રમાણે પટ આપવો તેમજ છાણિયાં ખાતરમાં વૃદ્ધિ પામેલ ટ્રાયકોડર્મા ૨૦૦ ગ્રામ પ્રતિ મીટર પ્રમાણે ચાસમાં આપવાથી રોગનું નિયંત્રણ થાય છે. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક કરી શકાશે.

## ખંભાળિયા પંથકમાં ઘુંટાયો અષાઢી રંગ : ભારે પવન સાથે પંથકમાં કમોસમી માવઠું





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

ગુજરાત રાજ્યના જુદા જુદા વિસ્તારો સાથે ગઈકાલે ગુરૂવારે ખંભાળિયા પંથકમાં પણ વાતાવરણ પલટાયું હતું અને ગ્રામ્ય વિસ્તારોમાં પવન સાથે માવઠું વરસી ગયું હતું. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ ગઈકાલે સવારથી વાતાવરણમાં વધુ ગરમીનું પ્રમાણ અનુભવાયું હતું. જ્યારે બપોરે અનેક સ્થળોએ વરસાદી વાદળોનું સામ્રાજ્ય છવાયા બાદ જુદા જુદા વિસ્તારોમાં તેજ ફૂંકાતા પવન વચ્ચે જોરદાર વરસાદી ઝાપટા વરસ્યા હતા ખંભાળિયા - ભાણવડ માર્ગ ઉપરના ફોટ, મોટી ખોખરી, લાલુકા, ધતુરીયા સહિતના અનેક ગામોમાં સુસવાટા મારતા પવન વચ્ચે જોરદાર વરસાદ વરસ્યો હતો. આમ, જિલ્લાના અનેક ગામોમાં જાણે અષાઢી માહોલ છવાયો હોય તેમ ભર ઉનાળે ભારે પવન અને ગાજવીજ સાથે કમોસમી માવઠું વરસતા ખાસ કરીને ધરતીપુત્રો ભારે હાલાકીમાં મુકાઈ ગયા હતા. આજે સવારથી બફારા વચ્ચે ગરમીનું જોર બની રહ્યું હતું.

## જૂનાગઢ મસ્જીદે રઝામાં હુઝુર તાજુશ્શરીયાહના ઉર્ષ શરીફ નિમિતે શાનદાર જલ્સાનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ સર્વોચ્ચ સુન્નીઓના વડા હુઝુર તાજુશ્શરીયાહ હઝરત અલ્લામાં મુફતી મોહંમદ અખ્તર રઝાખાં સાહેબ રહમતુલ્લાહી તઆલા અલયહના છઠ્ઠા વાર્ષિક ઉર્ષ શરીફ નિમિતે મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝા, જૂનાગઢ ખાતે તા.૧૯-૫-૨૦૨૪ રવિવારે સાંજે મગરીબની નમાઝ બાદથી રાત્રીના ૧૦ વાગ્યા સુધી ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહના ગાદીનશીન પીરે તરીકત, હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહેબ નૂરીના પ્રમુખસ્થાને શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બુલબુલે બાગે મદીના મૌલાના કારી નિયાઝ એહમદ સાહેબ તેમના મધુર કંઠે નાતે રસુલ તથા મનકબત પેશ કરશે. ત્યાર બાદ ખલીફએ હુઝુર તાજુશ્શરીયા હઝરત સૈયદ સિકંદર બાપુ રઝવી નૂરી - રાજકોટ શાનદાર તકરીર ફરમાવશે. આ જલ્સામાં મુફતી હસીબુર્રહમાન સાહેબ, હાફીઝ મો. સાબીર રઝા સાહેબ, મૌલાના સૈયદ સાજીદ બાપુ સાહેબ, હાફીઝ કારી મોહંમદ રાશીદ સાહેબ, મૌલાના કારી રેહાન રઝા સાહેબ, મૌલાના ઈસ્માઈલ સાહેબ બરકાતી, હાફીઝ કારી રૂહુલ અમીન સાહેબ ઉપરાંત જૂનાગઢના ઉલ્માએ કિરામ ખાસ હાજરી આપશે. જલ્સા બાદ આમ ન્યાઝનું પણ આયોજન કરવામાં આવેલ છે. જલ્સો પુર્ણ થતા ઈશાંની નમાઝ જમાત સાથે અદા કરવામાં આવશે. આ જલ્સામાં સર્વે મુસ્લીમ બિરાદરોને બહોળી સંખ્યામાં હાજરી આપવા ખાનકાહે રઝવિય્યાહ નૂરીય્યાહ-જૂનાગઢની યાદી જણાવે છે.

### સોમનાથમાં દિપડાની આશંકા

## સોમનાથ મંદિરના જુના મ્યુઝીયમ તરીકે ઓળખાતી જગ્યામાં દિપડો ઝળકયો

**વ્હોટસએપ ફોટો વાયરલ : વન વિભાગને કરાઈ જાણ**

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૭

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરની જુના મ્યુઝયમ તરીકે ઓળખાતી ઝાડી ઝાંખરાવાળી જગ્યામાં છેલ્લા દસ-પંદર દિવસથી દિપડો આવે છે તેવી ચર્ચાઓ થતી હતી. જેમાં ગઈ રાત્રે તે દિપડો તે જગ્યાએ આવ્યાનું શોશ્યલ મિડીયામાં ફોટો વહેતો થયેલ છે. આ અંગે વેણેશ્વર સોસાયટીમાં રહેતા રબારી રાજુભાઈ કોડીયાતરે જણાવ્યું કે, ગઈ સાંજે ૭ થી ૭:૩૦ વચ્ચે આ દિપડો દેખાયાનો મોબાઈલ ફોટો મને મળેલ છે. મેં આ અંગે વન વિભાગને મોબાઈલથી જાણ કરેલ હતી. આ દિપડા અંગે વન વિભાગ સત્વરે પગલા લે તેવી અપેક્ષા રખાઈ રહી છે.



## બિલખામાં નેશનલ ડેંગ્યુ દિવસ નિમીતે જાગૃતિ શીબીર યોજાઈ



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા.૧૭

બિલખામાં અત્રે નાગ્રેચાવાડીમાં આવેલ આંગણવાડી કેન્દ્ર નં-૬માં બિલખાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા ડેંગ્યુ અંગે જાગૃતી લાવવા અને ડેંગ્યુથી બચવાના ઉપાયો બતાવવા એક જાગૃતિ શીબીર યોજવામાં આવી હતી. આ શીબીરમાં ઘણા બહેનો ઉપસ્થિત રહી લાભ લીધો હતો. આ શીબીરમાં એમપીએચડબલ્યુ દીપકભાઈ પરમાર તથા સીએચઓ દયાબેન કુનડીયાએ ડેંગ્યુથી બચવા અને ડેંગ્યુને ભગાવવા માટે સરસ માર્ગદર્શન આપ્યું હતું.

## પુર ઝડપે બેફીકરાઈથી કાર ચલાવી અસ્માત કરી નાસી જનાર આરોપીને ગણતરીની કલાકોમાં પકડી પાડતી ઉના પોલીસ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૧૭

જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક તથા ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર ઉના વિભાગ ઉનાનાઓ દ્વારા અનડીટેક્ટ રહેલ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સખત સુચના કરેલ હોય જે અનુસંધાને ગઈકાલે સવારના આશરે સાડા સાતેક વાગ્યાના સમયે ઉના શિવાજી પાર્ક સામે આવેલ નાઘેર દુકાનની આગળ એક કાળા કલરની સ્કોર્પીયો ફોર વ્હીલ કાર જેના રજી. નં.જીજે-૦૬-પીઆર-૨૫૨૬ના ચાલક ડ્રાઈવરે ફોર વ્હીલ કાર પુરઝડપે ચલાવી અને પોતે કોઈ સાથે ભટકાશે તો મુત્યું થવાનું જાણતો હોવા છતાં પુર ઝડપે અને ગફલતભરી રીતે બેફીકરાઈથી પોતાની ફોર વ્હીલ કાર ચલાવી પ્રથમ એક મો.સા.ને હડફેટે લઈ ત્યાર બાદ દિનેશભાઈ બાલુભાઈ ગાંધી(ઉ.વ.૭૫) રહે.ઉના વાળા ઉના શિવાજી પાર્કની સામે આવેલ નાઘેર દુકાનના શટર પાસે સુતા હતા તેના ઉપર પોતાની સ્કોર્પીયો ગાડી ચડાવી દઈ નાઘેર દુકાનના શટર સાથે ભટકાવી દઈ મરણજનારના માથાના ડાબી બાજુના ભાગે ગંભીર ઈજા કરી તથા જમણા પગ ભાંગી નાખી મૃત્યું નીપજાવી પોતાની ગાડીમાં બેસેલ સાહેદોને શરીરે ગંભીર તથા મુંઢ ઈજાઓ કરી નાસી જઈ ગુન્હો કરેલ હોય જે અંગે ઉના પોલીસ ઉના પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૮૨૪૦૮૩૬/૨૦૨૪ આઈપીસી કલમ-૩૦૪, ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુન્હો રજી. થયેલ હોય જે ગુન્હાના આરોપીને પકડી પાડવા પો.ઈન્સ. એમ.એન. રાણાનાઓની સુચના મુજબ ટાઉન બીટ ઈન્ચાર્જ પો.સબ ઈન્સ. આર.એચ.સુવા તથા પો.સ્ટાફના માણસોએ ઉપરોક્ત સ્કોર્પીયો ગાડીના ચાલક ડ્રાઈવર-યતીનભાઈ લીલાધરભાઈ સીંગલ (ઉ.વ.૩૮) ધંધો. ડ્રાઈવિંગ, રહે.અમદાવાદ ૧૭-એ, સૌરાષ્ટ્ર સોસાયટી આંબાવાડી, જી.અમદાવાદ વાળાને ગણતરીની કલાકો મા પકડી પાડી દાખલારૂપ કાર્યવાહી કરી અનડીટેક્ટ ગુન્હો ડીટેક્ટ કરેલ છે.

આ કામગીરી પોલીસ ઈન્સપેક્ટર એમ.એન.રાણા તથા પો.સબ.ઈન્સ. આર.એચ.સુવા તથા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

## હાથમાં ફ્રેક્ચર ! દીકરી આરાધ્યાએ ઉઠાવ્યો સામાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૭

બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન તેની પુત્રી આરાધ્યાની ખૂબ જ નજીક છે. સોશિયલ મીડિયા પર બંનેની ખૂબ ચર્ચા થાય છે. અન્ય સ્ટાર્સ અને સ્ટાર કિડ્સથી સંપૂર્ણપણે અલગ, આ માતા-પુત્રીની જોડી ઘણીવાર સાથે જોવા મળે છે. ત્યારે તાજેતરમાં પણ કંઈક આવું જ બન્યું હતું. ગઈકાલે રાત્રે બંને એરપોર્ટ પર સાથે જોવા મળ્યા હતા. આ વખતે પુત્રી માતાની મદદ કરતી જોવા મળી. સપોર્ટ કરતા જોવા મળ્યા હતા. જ્યારે ઐશ્વર્યા તેની પુત્રીને માર્ગદર્શન આપતી જોવા. આ સમયે એશ્વર્યા રાય બચ્ચનના હાથમાં ફેક્ચર થયેલું જોવા મળી રહ્યું છે ત્યારે પુત્રી અરાધ્યા માતાનો સામાન સાથે લઈ તેમની મદદ કરતી જોવા મળી રહી છે. આ જોયા પછી ઐશ્વર્યાના ચાહકો થોડા ચિંતિત થઈ ગયા છે અને તે જાણવા માંગે છે કે ઐશ્વર્યા રાય બચ્ચન સાથે શું થયું છે.જે વીડિયો સામે આવ્યો છે, તેમાં ઐશ્વર્યા અને આરાધ્યા બંને એરપોર્ટ પર જોવા મળી રહી છે. જ્યારે આરાધ્યા તેની માતાની હેન્ડબેગ લઈને જતી જોવા મળે છે, ત્યારે ઐશ્વર્યાનો તૂટેલો હાથ લોકોને આશ્ચર્યમાં મૂકી દે છે. ઐશ્વર્યાએ ગાડીમાંથી નીચે ઉતરી દીકરી આરાધ્યાને તેની હેન્ડબેગ ઉપાડવાનું કહ્યું અને તેની માતાની હાલત જોઈને દીકરી આરાધ્યા પણ પાછળ ન રહી, તેણે તરત જ તેની માતાનો સહારો બનીને તેની બેગ ઉપાડી. આ પછી ઐશ્વર્યા રાય પેપ્સ સાથે વાત કરતી વખતે એરપોર્ટની અંદર ગઈ હતી. અભિનેત્રીની આ ઈજાને જોયા પછી, ચાહકો તેના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, અભિનેત્રી કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લેવા જઈ રહી છે. આ પહેલા પણ ઐશ્વર્યા કાન્સના રેડ કાર્પેટ પર ઘણી વખત પોતાનો જાદુ બતાવી ચુકી છે.

## માણાવદરમાં રવિવારે વિના મૂલ્યે પાણીના કુંડા વિતરણ કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૧૭

ભકત રાજ મયારામ ભટ્ટની જન્મ ભોમકામાં ભગવાન સ્વામિનારાયણની પૂર્ણ કૃપાથી તેમજ વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદિના વિદ્યામાન આચાર્યશ્રી પરમ પૂજ્ય ધર્મ ધુરંધર ૧૦૦૮ આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા તેમજ આશીર્વાદથી તેમજ ભાવી આચાર્ય શ્રી નુગેન્દ્ર પ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી શ્રી ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ માણાવદર તથા શ્રી લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળ માણાવદર દ્વારા આ ઉનાળાની કાળજાળ ગરમીમાં પક્ષીઓ માટે પાણીના કુંડાનું તા.૧૯-૫-૨૦૨૪ રવિવારે તાલુકા શાળા નંબર-૧ના ગેટ પાસે, પોલીસ સ્ટેશનની બાજુમાં, માણાવદર ખાતે સવારે ૯ વાગે વિના મૂલ્ય વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે જીવ દયા પ્રેમીઓને લાભ લેવા જણાવેલ છે.

## જૂનાગઢ મેમણ સમાજનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

સરસ્વતી સ્કૂલની વિદ્યાર્થીનીને ધોરણ ૧૨ કોમર્સમાં ૭૦૦માંથી ૬૫૮ માર્ક મળ્યા છે. તેમાં બે વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક મળ્યા છે. સ્ટેટેસ્ટિક અને એસપી એન્ડ સીસી વિષયમાં ૧૦૦માંથી ૧૦૦ માર્ક મળ્યા છે. બીએમાં ૯૮, એકાઉન્ટ અને ઈકોનોમિકસમાં ૯૫, ગુજરાતીમાં ૮૭ તથા અંગ્રેજીમાં ૮૩ માર્કસ મળ્યા છે. લાખાણી આસ્તાએ જણાવ્યું કે, આ સિધ્ધી મેળવવામાં મારી મહેનતની સાથે સાથે મારા માતા-પિતા અને શિક્ષકોની પણ મહેનત છે. એક જ દિવસમાં હું ત્રણ થી ચાર પેપર લખતી હતી.


**મામલતદાર, જૂનાગઢ (શહેર)ની કોર્ટમાં,**
**તાલુકા સેવા સદન, સરદાર બાગ, જૂનાગઢ**

નં.જન્મ-મરણ/ નોંધણી કેસ નં. ૩૩/૨૦૨૩

**જાહેર નોટીસ**

શ્રી બ્લોચ હસનખાન અબ્દુલ્લાખાન
રહે. મેમણવાડા, મટીયાણા દરબારનો ડેલો,
જૂનાગઢ ..... વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ નોધણી રજીસ્ટ્રારશ્રી,
મહાનગરપાલિકા જૂનાગઢ
તા.જૂનાગઢ (શહેર) જીલ્લો - જૂનાગઢ ... પ્રતિવાદી

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩ હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી બ્લોચ હસનખાન અબ્દુલ્લાખાનએ તેમના પિતાશ્રી મર્હૂમ અબ્દુલ્લાખાં કરીમખાં બ્લોચ કે જેઓનું તા. ૦૪-૦૩-૧૯૯૧ના રોજ જૂનાગઢ મુકામે અવસાન થયેલ. પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ મહાનગરપાલિકા, જૂનાગઢની કચેરીએ કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરવા અરજી કરેલ છે. આ અરજીનાં અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજુ કમરવા અન્યથા આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૧૪ માહે મે-૨૦૨૪નાં રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો

સહી અવાચ્ય
મામલતદાર અને
એકઝીકયેટીવ મેજીસ્ટ્રેટ
જૂનાગઢ (શહેર)

# જૂનાગઢ મહાનગરપાલિકા સુપરસીડ થવાની સંભાવના : અનેક અટકળો

## નરસિંહ મહેતા સરોવરની કામગીરી પણ અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે : ઉચ્ચકક્ષાએ રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

ભાજપ શાસીત જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા પાંચ વર્ષની પ્રજાલક્ષી કામગીરીમાં અનેક ઓટ આવેલી છે. પ્રાથમિક સુવિધાના પ્રશ્ને લોકોમાં તીવ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ રસ્તાઓના આડેધડ ખોદકામને કારણે પણ પ્રજાને આગામી દિવસોમાં એટલે કે ચોમાસાના દિવસોમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે તે દિવસો હવે દુર નથી ત્યારે નગરજનોમાં એવી ચર્ચાએ જોર મુકયું છે કે, જો પ્રજા વિકાસના કાર્યો વર્તમાન શાસકો પુર્ણ કરી શકતા ન હોય તો શા માટે મહાનગરપાલિકાને સુપરસીડ ન કરવી ? તેવો સવાલ ઉઠવા પામેલ છે. આ ઉપરાંત મહાનગરપાલિકાનું શાસન કેટલોક સમય કર્તવ્યનિષ્ઠ ઉચ્ચ અધિકારીને સોંપવામાં આવે તો તેમના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરના લોકોના પ્રાણ પ્રશ્નો તેમજ પ્રાથમિક સુવિધાના પ્રશ્નો અને વિકાસના કાર્યોને પણ નવો માર્ગ મળે તેવી સંભાવના છે.

જૂનાગઢ નગરપાલિકામાંથી મહાનગરપાલિકાનું રૂપાંતર થયું તે વખતે જૂનાગઢના કલેકટર સ્વ. આર.કે. પાઠકને કલેકટર કમ કમિશ્નર તરીકે ચાર્જ સોંપવામાં આવ્યો હતો અને આ કર્તવ્યનિષ્ઠ અધિકારી આર.કે. પાઠક દ્વારા જૂનાગઢ શહેરની કાયાપલટ કરવા માટેના ભગીરથ કાર્યો હાથ ધરવામાં આવેલ હતા. રસ્તાઓ, ડીવાયડર સહિતના અનેક કાર્યોમાં તેમની આગવી સુઝબુઝને કારણે ૨૦ વર્ષ પહેલા અનેક કાર્યો થઈ શકયા હતા અને ખુબ જ થોડા સમયમાં આર.કે. પાઠક દ્વારા જે કામગીરી કરવામાં આવી હતી એને આજે પણ જૂનાગઢવાસીઓ ભુલી શકયા નથી. ત્યારબાદ મહાનગરપાલિકાનું ચૂંટણી યોજાઈ અને પ્રજાએ ચૂંટેલા પ્રતિનિધિઓ શાસન ઉપર આવ્યા હતા. કોંગ્રેસ, ભાજપ બંને પક્ષના શાસન કાળ દરમ્યાન પ્રજાને અનેક પ્રશ્નો મુંઝવી રહ્યા છે અને છેલ્લા લાંબા સમયમાં મહાનગરપાલિકામાં ભાજપનું શાસન અને સંપુર્ણ બહુમતી હોવા છતાં પણ આજે પણ લોકો અનેક પ્રશ્નોથી મુંઝવણ અનુભવી રહ્યા છે. ગત વર્ષે જુન માસમાં જળ હોનારત જેવી ઘટના બની હતી અને આ વખતે એ ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે કામગીરી કરવા માટેની નગરજનોની માંગ છે. એટલું જ નહી ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા પણ જૂનાગઢ શહેરમાં જે જળહોનારત સર્જાઈ તેના કારણરૂપ એવા વોકળા ઉપરના ગેરકાયદેસર દબાણોનો મુદ્દો ઉઠયો હતો અને સ્વિકારવામાં પણ આવ્યો હતો. મુખ્યમંત્રી દ્વારા જાહેરમાં પણ જૂનાગઢના પ્રશ્નોને વહેલી તકે નિરાકરણ કરવામાં આવશે તેવું વારંવાર કહેતા છતાં પણ હજુ સુધી જોઈએ તેવી કામગીરી થઈ નથી. એક તરફ નરસિંહ મહેતા સરોવરની ગોકળ ગાયની ગતિએ ચાલતી કામગીરીનો મુદ્દો પણ ઉઠવા પામેલ છે. જૂનાગઢ શહેરમાં નદી-વોકળાની સફાઈના પ્રશ્નો પણ અટવાયા છે અનો પ્રિમોન્સુનની કામગીરી ઝડપભેર આટોપી લેવાની ખાસ જરૂર છે. આ ઉપરાંત વોકળા ઉપરના ગેરકાયદેસર દબાણો અને જો ભારે વરસાદ આવે તો ફરી પાછું જળ સંકટ ન સર્જાઈ તે માટેના તકેદારી પગલાનો પણ હજુ અભાવ છે. તેમજ નરસિંહ મહેતા સરોવરમાં પણ ઘણી જ ખામીઓ જોવા મળે છે અને પાણી જો વધારે આવી ગયું તો તેના નિકાલ માટેની વ્યવસ્થા પણ મુશ્કેલી ઉભી થવાની સંભાવના છે. આવા બધા કારણસર લોકોના મન મુંઝવણમાં છે અને લોકોમાં એવી ચર્ચા ઉઠવા પામી છે કે, આના કરતા તો મહાનગરપાલિકાને સુપરસીડ કરી નાખવી જોઈએ અને કેટલાક સમય માટે નિષ્ઠાવાન વહિવટકર્તાને શાસન આપવું જોઈએ અને જેને લઈને જૂનાગઢ શહેરના લોકોના જે સુંદર વહિવટના સ્વપ્ન અને અપેક્ષા છે તે સાકાર થઈ શકે.

### જૂનાગઢના ધારાસભ્યએ નરસિંહ સરોવરની ગોકળગતીએ ચાલતી કામગીરી અંગે મુખ્યમંત્રીને રજુઆત કરવી પડે તે પણ એક કમનસીબી છે !

જૂનાગઢ તા.૧૭ : જૂનાગઢ શહેરના નરસિંહ મહેતા સરોવરની ગોકળ ગતિએ ચાલતી કામગીરી અંગે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ ઉચ્ચ કક્ષાએ ખાસ કરીને મુખ્યમંત્રીશ્રીને રજુઆત કરી છે અને પોતાનું નિવેદન વિડીયોમાં વાયરલ કરેલ છે. જોવાની વાત એ છે કે ધારાસભ્યશ્રીએ પણ પ્રજાના કામ માટે ગુજરાતના મુખ્યમંત્રીને રજુઆત કરવી પડે તેનાથી મોટી કમનસીબી કઈ ગણાય ?

અત્રે ઉલ્લેખનીય છે કે જૂનાગઢ નરસિંહ મહેતા સરોવરનું કામ છેલ્લા બે અઢી વર્ષથી ચાલી રહ્યું છે અને તેની એપ્રિલમાં તેની સમયમર્યાદા પુર્ણ થઈ ગઈ છે. અને કામ ધીમી ગતીએ ચાલે છે.

ગત વર્ષે જળ હોનારત દરમ્યાન નરસિંહ મહેતા સરોવરનો પાળો તોડીને પાણી લોકોના ઘરમાં ઘુસી ગયા તે તંત્રની અને કોન્ટ્રાકટરની બેદરકારી હતી. અને તેવી ઘટના ફરી ન બને તે માટે તંત્રને રજુઆત કરવામાં આવી છે. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ કોન્ટ્રાકટર સાથે સ્થળ મુલાકાત કરી છે પરંતુ ગંભીરતાથી લેવામાં આવી નથી. બે વર્ષથી તળાવ સુકુ પડયુ છે અને ઓજી વિસ્તારમાં પાણીના પ્રશ્ન ઉભા થયા છે ત્યારે આ વાતને ગંભીરતાથી લેવાને બદલે કોન્ટ્રાકટર હળવાશથી લે છે અને કોઈ રીઝલ્ટ આવતું નથી અને તેવા સંજોગોમાં ચોમાસુ પણ નજીક આવી રહયું છે ત્યારે ગત વર્ષે થયેલી દુર્ઘટના ફરી ન સર્જાય તે માટે મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે.



# જૂનાગઢ, મેંદરડા અને ચોરવાડ પંથકમાં દુષ્કર્મના ત્રણ બનાવ : પોક્સો હેઠળ કાર્યવાહી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ, મેંદરડા અને ચોરવાડ પંકથમાં દુષ્કર્મ અંગેના ત્રણ બનાવો પોલીસ દફતરે નોંધાયા છે અને આરોપીઓ વિરૂધ્ધ પોકસો અંતર્ગત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં બનેલા એક બનાવમાં એક પરિવારની ૧૮ વર્ષની યુવતી ઉપર યજ્ઞેશ શાંતિલાલ ભોગાયતા નામના શખ્સે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ એ ડીવીઝન પોલીસે નોંધાતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૭૬(૨) (એન), ૩૭૬(૨)(જે), ૩૨૩, પોકસો એકટ ૫(જે)(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ પ્રોબેશ્નલ પીઆઈ વી.જે. સાવજ ચલાવી રહ્યા છે. આ ઉપરાંત મેંદરડા પંથકમાં પણ અંબાળા ગામ, મધુવંતી નદીના ડેમ પાસે આવેલ વાડી વિસ્તારમાં બનવા પામ્યો છે જેમાં એક પરિવારની સગીર પુત્રી દુષ્કર્મનો ભોગ બની છે અને દેવાયતભાઈ ભીખાભાઈ ચૌહાણ નામના આરોપી વિરૂધ્ધ પોલીસમાં ભોગ બનનાર યુવતીની માતાએ ફરિયાદ નોંધાવતા ઈપીકો કલમ ૩૫૪(ક)(બ), ૪૪૭, પોકસો એકટ ક. ૮, ૧૨ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવની વધુ તપાસ જૂનાગઢ સર્કલ પોલીસ ઈન્સ્પેકટર એન.એલ. પાંડોર ચલાવી રહ્યા છે. જયારે ત્રીજો બનાવ ચોરવાડ પંથકમાં નોંધાયો છે જેમાં ભોગ બનનાર યુવતી ઉપર વિપુલ ભાયાભાઈ કરગઠીયા નામનાં આરોપીએ દુષ્કર્મ આચર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૫૪(અ), ૫૦૬, પોકસો એકટ કલમ ૮, ૧૨ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ બનાવ અંગે માંગરોળના સર્કલ પોલીસ ઈન્સ્પેકટર એસ.આઈ. મઘરા તપાસ ચલાવી રહ્યા છે.

# ઈન્ટરનેશનલ મ્યુઝીયમ દિવસ ઉપર ૧ ટિકિટ ઉપર ૧ ટિકિટ ફ્રી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

આપણી ઓળખ એ આપણા સમાજ, સંસ્કૃતિ અને આપણા વારસા પ્રમાણે થતી હોય છે. જેનું આપણે ગૌરવ અનુભવતાં હોઈએ છીએ. આ ગૌરવને સાચવી રાખવા અને તેને પ્રોત્સાહિત કરવા તેમજ તેને અનુરૂપ ચીજ-વસ્તુઓનું સંરક્ષણ કરવા માટે સંગ્રહાલય પણ બને છે. અલગ-અલગ થીમ ઉપર આધારીત દેશ-દુનિયામાં અનેક સંગ્રહાલયો આવેલા છે. આ સંગ્રહાલયો સુધી લોકો પહોંચે અને તેને નજીકથી જાણી શકે તે હેતુથી દર વર્ષે ૧૮ મેના રોજ ઈન્ટરનેશનલ મ્યુઝીયમ દિવસની ઉજવણી કરવામાં આવતી હોય છે. આથી જૂનાગઢ શહેરમાં ઉપરકોટ કિલ્લો, મકબરા, સરદાર ગેટ ગેલેરી, એન્ટિક કોઈન મ્યુઝીયમ વગેરેનું સંચાલન કરતી સવાણી હેરીટેજ કંઝર્વેશન પ્રા. લી. દ્વારા આ દિવસને ખાસ બનાવવા માટે અલગ અલગ ધરોહરો ઉપર ખાસ આયોજન કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાત રાજ્ય પુરાતત્વ અને સંગ્રહાલય વિભાગ અને ગુજરાત પ્રવાસન વિભાગનાં સહયોગથી ઉપરકોટ કિલ્લા ખાતે જાહેર જનતા પોતાનાં વિચારો લખીને શેર કરી શકે તેનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢ મહાનગરપાલિકા અને ઈકો મુદ્રા કોઈન સોસાયટીના, જૂનાગઢના સહયોગથી એન્ટિક કોઈન મ્યુઝીયમ ખાતે ખાસ પ્રકારનાં માટીનાં ટોકન(સિક્કાઓ)નું પ્રદર્શન તારીખ ૧૮/૧૯ મેના રોજ કરવામાં આવશે. તદઉપરાંત જૂનાગઢ મહાનગરપાલિકા અને જૂનાગઢના કલાકારોના સહયોગથી ૧૮મી મેના રોજ સરદાર ગેટ ગેલેરી ખાતે એક પેઈંટિંગ કોમ્પિટિશનનું આયોજન પણ કરવામાં આવેલ છે. જેની વધારે માહિતી અને રજીસ્ટ્રેશન ૯૧ ૮૭૩૫૦ ૪૭૩૫૦ ઉપરથી કરી શકાશે. આ સાથે સાથે સરદાર ગેટ ગેલેરી અને એન્ટિક કોઈન મ્યુઝીયમની તારીખ ૧૮ અને ૧૯ મેના રોજ ૧ ટિકિટ ખરીદનારને ૧ ટિકિટ ફ્રી આપવામાં આવશે. દરમ્યાન ઉપરકોટ - ઈન્ટરનેશનલ મ્યુઝીયમ દિવસ - મેસેજ બોર્ડ - તારીખ ૧૮મી મે ૨૦૨૪, એન્ટિક કોઈન મ્યુઝીયમ - મજેવડી ગેટ - માટીનાં ટોકન (સિક્કાઓ)નું પ્રદર્શન - તારીખ ૧૮ અને ૧૯ મે ૨૦૨૪, સરદાર ગેટ ગેલેરી - પેઈંટિંગ કોમ્પિટિશન - તારીખ ૧૮મી મે ૨૦૨૪ - સમય સાંજે ૦૩:૦૦ વાગ્યે - રજીસ્ટ્રેશન ફ્રી અને ફરજીયાત - સંપર્કઃ ૯૧ ૮૭૩૫૦ ૪૭૩૫૦ - સંપર્ક સમયઃ સવારનાં ૦૮:૩૦ થી સાંજના ૦૭:૦૦ સુધી - રજીસ્ટ્રેશન ૧૮મી મેં ના સવારે ૧૦ વાગ્યા સુધી જ કરી શકાશે. ૧ ટિકિટ ઉપર ૧ ટિકિટ ફ્રી - સરદાર ગેટ ગેલેરી - એન્ટિક કોઈન મ્યુઝીયમ - ફક્ત તારીખ ૧૮ અને ૧૯ મે ૨૦૨૪ના રોજ રહેશે.

# જૂનાગઢનાં મધુરમ વિસ્તારમાં રોડ ઉપર કેરી વેંચવા પ્રશ્ને હુમલો : સામસામી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢમાં મધુરમ વિસ્તારમાં રોડ પર કેરીના બોક્ષ વહેંચવાની ના પાડતા મારામારીની સામસામે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસ મથકે ફરીયાદી વાલાભાઈ કચરાભાઈ આમસેડાએ આરોપી તરીકે પરેશભાઈ ભુત રહે.ઈવનગર, પરેશભાઈ ભુત સાથેનો અજાણ્યો ઈસમ, મંગલમુર્તી દુકાનવાળો અજાણ્યો શખ્સ વગેરે વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી પોતાના ઘરેથી પોતાના વોર્ડની ઓફીસે જતા હોય ત્યારે રસ્તામાં મધુરમ બાલાજી હાઈટ્સની સામે રોડ ઉપર આ કામના આરોપી નં.૧ તથા તેની સાથે એક અજાણ્યો ઈસમ રોડ ઉપર પોતાની ગાડી રાખી કેરીના બોક્ષ વહેંચતા હોય અને રોડ પર ટ્રાફીક હોય જેથી આ કામના ફરીયાદીએ આ કામના આરોપી નં.૧ ને રોડની સાઈડમાં ગાડી રાખી કેરી વેંચવાનુ કહેતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને જેમફાવે તેમ ગાળો બોલી અને આરોપીએ ફરીયાદી અનુ.જાતીના હોય તે જાણવા છતા જાહેરમાં ફરીયાદીની જ્ઞાંતી પ્રત્યે અપશબ્દો બોલતા ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.૧ નાએ પોતાની ગાડીમાંથી છરી લઈ અને ફરીયાદીને મારવા જતા આ કામેના સાહેદ કાનભાઈ ધરમણભાઈ ડાંગરનાઓ વચ્ચે પડી આરોપી પાસેથી છરી લેવા જતા આ કામના સાહેદ કાનભાઈ ડાંગરના જમણા હાથની આંગળીમાં છરી વાગેલ અને આ કામના આરોપી નં.૧ સાથેના અજાણ્યા ઈસમે ફરીયાદીને ઢીંકાપાટુનો મુંઢમાર મારી તથા આ કામના આરોપી નં.૩ મંગલમુર્તી દુકાન વાળા ઈસમએ લાકડાનો ધોકો લઈને આવી ફરીયાદીના વાંસાના ભાગે તથા શરીરે મુંઢ માર માર્યાની ફરીયાદ નોંધાવી છે.

જયારે સામાપક્ષો પરેશભાઈ પ્રવીણભાઈ ભુતે ધર્મેશભાઈ ડાંગર, ધર્મેશભાઈ ડાંગરનો પુત્ર કાનભાઈ રહે.મધુરમ તથા બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ધર્મેશભાઈ ડાંગરે ફરીયાદીને રોડ પર ગાડી રાખી વેપાર નહી કરવાનુ કહી જે બાબતે ભુંડી ગાળો કાઢતા ફરીયાદીએ આરોપીને ગાળો કાઢવાની ના પાડતા આરોપીઓએ સાથે મળી ફરીયાદીને શરીરે ઢીકા પાટુનો માર મારી મુંઢ ઈજા કરી ભુડી ગાળો કાઢી ધર્મેશભાઈ અને તેના પુત્રએ ફરીયાદીને લાકડાના બેટ વડે પગમા માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માણાવદરમાં જુના મનદુઃખે મારામારીની સામસામી ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

માણાવદર તા.૧૭

માણાવદરમાં દોઢેક વર્ષ અગાઉ થયેલ માથાકુટના મનદુઃખમાં મારમારીની સામસામે ફરીયાદ નોંધાઈ છે.

આ અંગે માણાવદર પોલીસમાંથી પ્રાપ્ત થયેલ વિગતો અનુસાર માણાવદર થાણે નાગાભાઈ રાજશીભાઈ ઓડેદરાએ દડી અલ્લારખા, બ્રીજેશ બાદલ અને ઈમ્તીયાઝ કટકી રહે.બધા માણાવદરવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને દડી અલ્લારખા સાથે દોઢેક વર્ષ પહેલા માથાકુટ થયેલ હોય જે અંગે આરોપી વીરૂધ્ધ અગાઉ ફરીયાદીએ ફરીયાદ લખાવેલ હોય જેનુ મનદુખ રાખી ફરીયાદીના ઘર પાસેથી દડી અલ્લારખા તેમજ ઈમ્તીયાઝ કટકીએ પાંચ-છ વખત મોટર સાયકલ લઈને નીકળી ફરીયાદીને ગાળો કાઢેલ બાદ ફરીયાદી સાહેદ અરભમભાઈની ડેરીએ દુધ દેવા માટે જતા આરોપીઓએ પુર્વ આયોજીત ગુનાહીત કાવતરૂ ઘડી દડી અલ્લારખાએ કુહાડી તથા બ્રીજેશ બાદલે લાકડુ તથા ઈમ્તીયાઝ કટકીએ પાઈપ સાથે ડેરીની અંદર પ્રવેશ કરી ફરીયાદીને ભુંડીગાળો કાઢી ફરીયાદીને જાનથી મારી નાખવાના ઈરાદે હથીયારો વડે હુમલો કરી જીવલેણ ઈજાઓ કરતા જેમા દડી અલ્લારખાએ ફરીયાદીને કુહાડી વતી માથામાં એક ઘા મારી તેમજ બીજો ઘા માથામા મારવા જતા ફરીયાદીએ આડો હાથ કરી દેતા હાથમા કુહાડી વતી ઈજા કરી તેમજ બ્રીજેશ તથા ઈમ્તીયાઝે લાકડા તથા પાઈપ વતી ફરીયાદીને શરીરે આડેધડ માર મારી મુંઢ ઈજાઓ કરી તેમજ ફરીયાદીના હવાલાની મોસા. નં જીજે ૨૫ કે ૮૩૪૧ ની મા હથીયારો વતી નુકશાની કરી તેમજ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવેલ છે. જયારે સામાપક્ષે બ્રીજેશ ઉર્ફે બાદલ ભરતભાઈ કણસાગરાએ નાગાભાઈ ઓડેદરા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી સાહેદ અરભમભાઈની ડેરીએ દુધ લેવા ગયેલ હોય ત્યાં આ કામના આરોપીએ ફરીયાદીને લાઈનમા ઉભા રહેવા જણાવી ગાળો કાઢી તેમજ કુહાડી વતી માર મારી કુહાડી વતી જમણા હાથમાં ઈજા કરી તેમજ કુહાડીની મુંધરાટથી શરીરે મારમારી મુંઢ ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ બારોટે હાથ ધરી છે.

# ગઢાળી ગામે કુવામાં નાળુ તુટતા ગંભીર ઈજાઓ થતા મોત

મેંદરડા તા.૧૭

મેંદરડા તાલુકાના ગઢાળી ગામે કુવો જોવા નીચે ઉતરી વખતે નાળુ તુટતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું મેંદરડા થાણે નોંધાયુ છે.

આ અંગે મેંદરડા થાણેથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે દિનેશભાઈ ખીમજીભાઈ પરમાર રહે.નગડીયા, તા.વંથલી વાળાએ જાહેર કરેલ કે મૃતક ખીમજીભાઈ લાખાભાઈ પરમાર(ઉ.વ.૫૦)વાળાઓ ગઢાળી ગામે કુવો જોવા માટે નીચે ઉતરતી વખતે નાળુ તુટતા પડી જતા ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી.

# કેશોદના અખોદર ગામે વીજ કલેકશન બાબતે મારમારી ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

કેશોદ તા.૧૭

કેશોદ તાબેના અખોદર ગામે વીજ કલેકશન કરવામાં મોડું થતાં ગાળાગાળી કરી થપ્પડો માર્યાની ફરીયાદ કેશોદ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે કેશોદ પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે જગદીશભાઈ બાલુભાઈ રાઠોડ રહે.ગડુ, શાંતિનગર, ડીટાઈપ કોલોનીવાળાએ દેવરખી લખમણભાઈ કચોટ રહે.અખોદરવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી કેશોદ પી.જી.વી.સી.એલ. રૂરલ-૨ માં જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવતા હોય અને તેઓ વીજ કલેકશન કરવા જતાં આ કામેના આરોપીએ ફરીયાદીને વીજ કલેકશન કરવામાં મોડું થતાં જાહેરમાં જેમ ફાવેતેમ ભુંડી ગાળો આપી અને ગાલ ઉપર બે થપ્પડો મારી ફરી.ની કાયદેસરની સરકારી ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ઓડેદરાએ હાથ ધરી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.